MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૦-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ચીનની અવળચંડાઇઃ લદ્દાખમાં તંબૂ નાંખીને પોતાના સૈનિકોને તૈનાત કર્યા

4 આગામી ચોમાસા ઋતુની પૂર્વતૈયારીને ધ્યાને લેતા સજ્જ થતું રાજ્યનું વીજતંત્રઃ ઉર્જા મંત્રી

10 સુરત શહેરની કુલ વસ્તીના ૨૫% લોકો કન્ટેનમેન્ટ ઝોનમાં, છૂટછાટનો આંશિક જ લાભ મળશે

12 ડેડીયાપાડા પોલીસે ભીડ ભેગી કરી સોસીયલ ડિસ્ટન્સનું પાલન ન કરનારા દુકાનદારોને કાયદાના પાઠ ભણાવ્યા

કોરોના સંક્રમિતોનો આંકડો ૧ લાખને પાર,મૃત્યુઆંક ૩૧૬૩એ પહોંચ્યો

દેશમાં ૨૪ કલાકમાં વધુ ૪૯૭૦ પોઝિટિવ કેસઃ ૧૩૪ના મોત

૧૧૧ દિવસમાં જ કેસો ૧ લાખને પાર,મહારાષ્ટ્રમાં CISF અને CRPFની પાંચ કંપનીઓ તહેનાત કરાઈ,કોરોના દર્દીઓના સાજા થવાનો રેશિયો વધીને ૩૮.૨૯ ટકા પર પહોંચ્યો,એક લાખની વસ્તીએ અહીં ફક્ત ૭ લોકો જ કોરોનાની ઝપેટમાં

ન્યુ દિલ્હી

સમગ્ર દેશમાં કોરોના મહામારી લોકડાઉન-૪નો ૧૮મેથી પ્રારંભ થઈ ગયો છે. તેમ છતાં કોરોના પોઝીટીવના કેસો ઓછા થવાને બદલે વધી રહ્યાં હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૪૯૭૦ કેસો નોંધાયા ભારતમાં કોરોના કેસોનો આંકડો હવે એક લાખને પાર પહોંચી ગયો છે. અને મરનારાઓની સંખ્યા ૩૧૬૩ પર પહોંચી ગઈ છે. નોંધનીય બાબત એ છે કે, ૧૧૧ દિવસમાં દેશમાં કોરોના સંક્રમીતોની સંખ્યા એક લાખને પાર થઈ ગઈ છે અને , ૩૧૬૩ના મોત નિપજયા છે.

લોકડાઉન-૪માં કેટલાક રાજયોએ વધારે પડતી છૂટછાટો આપતાં કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા રાજયોને લોકડાઉનના નિયમોનું પૂરેપુરૂ પાલન કરાવવા ભાર મૂક્યો છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૫ હજાર કેસો નોંધાયા છે. દેશમાં પહેલો કેસ ૩૦ જાન્યુઆરીના રોજ સામે આવ્યો હતો ત્યારથી અત્યાર સુધીમાં ૧૧૧ દિવસમાં એક લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે. દેશમાં કોરોના વાયરસના ૧૦૧૧૩૯ તમામ કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોમાં ચીનને પછાડીને તેની આગળ નીકળી ગયો છે.

સૂત્રોએ કહ્યું કે, લૉકડાઉનનો ચોથો તબક્કો લાગૂ થવા છતાં પણ કોરોના વાયરસનો કાળો કેર યથાવત છે. મંગળવારે કોરોના વાયરસના દર્દીના આંકડા એક લાખને પાર પહોંચી ગયા હતા.. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન કોરોના વાયરસના ૪૯૭૦ નવા મામલા સામે આવ્યા છે અને ૧૩૪ લોકો મૃત્યુ પામ્યા છે. કોરોના દર્દીની કુલ સંખ્યા વધીને ૧ લાખ ૧ હજાર ૧૩૯ થઈ ગઈ છે. જ્યારે કોરોના વાયરસથી અત્યાર સુધીમાં ૩૧૬૩ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.

મહારાષ્ટ્રમાં દર્દીઓની સંખ્યા ૩૫ હજારને પાર પહોંચી ગઈ છે. રાજયમાં બીજા દિવસે ૨ હજારથી વધારે રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દર્દીઓના સાજા થવાનો રેશિયો ૩૮.૨૯ ટકા થઈ ગયો છે.

દેશમાં દર એક લાખની આબાદી પર કોરોના દર્દીઓની સંખ્યા ૭.૧ છે. સાથે જ કેન્દ્રએ પોતાના ૫૦%

અનુસંધાન પાના નં. ૬

મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૩૫૦૫૮ કેસ, સતત બીજા દિવસે ૨ હજારથી વધુ પોઝિટિવ મળ્યા,હાલ દેશમાં ૫૮,૮૦૨ એક્ટિવ કેસ જ્યારે ૩૯,૧૭૪ લોકો સાજા થઈ ચુક્યા છે

પ્રવાસી શ્રમિકોને લઈ બસ દરભંગાથી બાંકા જઈ રહી હતી

બિહારના ભાગલપુરમાં બસ અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કરઃ ૯ મજૂરોના મોત

પટના

બિહારના ભાગલપુર-નવગછિયામાં એક રોડ અકસ્માતમાં નવ પ્રવાસી શ્રમિકોના મોત નિપજ્યાં છે. આ દૂર્ઘટના શ્રમિકોથી ભરેલી બસ અને ટ્રક વચ્ચે ટક્કરને લઈને થઈ, જેમાં ૯ શ્રમિકોના મોત થયા છે, જ્યારે અન્ય શ્રમિકોને ઈજા પહોંચી છે. જો કે હજુ પણ કેટલાંક શ્રમિકો નીચે દટાયાં હોવાની આશંકા જોવા મળી રહી છે. હાલમાં મળેલી પ્રાથમિક જાણકારી મુજબ ૯ મૃતદેહ બહાર નીકાળી લેવામાં આવ્યાં છે જ્યારે હાલમાં બચાવ-રાહત કામગીરી કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત મળતી જાણકારી મુજબ પ્રવાસી શ્રમિકોને લઈને બસ દરભંગથી બાંકા જઈ રહી હતી. આ દરમિયાન આ દૂર્ઘટના થઈ હતી. જે ટ્રક સાથે બસની ટક્કર થઈ છે, તે ટ્રકમાં લોખંડના પાઈપો હતા. જેને લઈને ટ્રકમાં સવાર કેટલાંક શ્રમિકો લોખંડની પાઈપ નીચે દબાઈ ગયેલાજોવા મળ્યાં છે. સ્થાનિક લોકો મુજબ આ દૂર્ઘટનામાં હજુ પણ મૃત્યુઆંક વધે તેવી શક્યતા છે.

આ દૂર્ઘટના નવગછિયા ખરીકના અંભો ચોક પાસ ઘટી છે. આ મામલાની જાણકારી

અનુસંધાન પાના નં. ૬

વાવાઝોડુ અમ્ફાન ૨૪ કલાકમાં ત્રાટકી શકે છે : ભયનો માહોલ

NDRF સહિતના તમામ વિભાગો સતત નજર રાખે છે. એનડીઆરએફની ૧૫ ટીમોએ ઓરિસ્સામાં કામગીરી શરૂ : બંગાળ અને ઓરિસ્સામાં ખતરો

નવી દિલ્હી

સુપર ચક્રવાત એમ્ફન ભારતીય કિનારા પર પછાડશે. ૨૧ વર્ષ પછી, એક સુપર ચક્રવાત ભારતના દરિયાકાંઠાના વિસ્તારમાં ફટકારવા જઈ રહ્યું છે. તેને ધ્યાનમાં રાખીને એનડીઆરએફને આર્મી, એરફોર્સ સાથે ચેતવણી આપવામાં આવી છે. એનડીઆરએફના ચીફ એસ.એન.પ્રધાને પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આ પહેલીવાર છે જયારે આપણે કોઈ ડબલ આપત્તિ સામે લડી રહ્યા છીએ. આ સમય આપણા માટે ખૂબ પડકારજનક છે. પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ જણાવ્યું છે કે રાજયમાં અમ્ફાન મહા ચક્રવતની નજીક પહોંચતા પહેલા લગભગ ૩ લાખ લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. સુપર ચક્રવાત અમ્ફાન વિશે માહિતી આપતાં એસ.એન.પ્રધાને જણાવ્યું કે આ ચક્રવાત ફોની ચક્રવાત સમાન છે. તે આવતી કાલે કોઈપણ સમયે કઠણ થઈ શકે છે. તેમણે કહ્યું કે એનડીઆરએફ સહિતના તમામ વિભાગો સતત નજર રાખે છે. એનડીઆરએફની ૧૫ ટીમોએ ઓરિસ્સામાં કામગીરી શરૂ કરી દીધી છે. પશ્ચિમ બંગાળમાં ૧૯ ટીમો કાર્યરત છે. બંગાળમાં બે ટીમો અનામત રાખવામાં આવી છે. તેમણે કહ્યું કે જો અનામત ટીમોને જોડીને કહેવામાં આવે તો લગભગ ૪૧ ટીમો તૈનાત કરવામાં આવી છે. એનડીઆરએફના વડાએ કહ્યું કે અમે ઘુમ્મસથી શીખ્યા છે અને આ પહેલીવાર છે જ્યારે આપણને ડબલ આપત્તિનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે કોરોના વાયરસની સાથે સાથે આપણે આ ભયંકર વિનાશનો પણ સામનો કરી રહ્યા છીએ. અમે કરી રહ્યા છીએ તે તમામ

અનુસંધાન પાના નં. ૬

આતંકીઓ સાથેની અથડામણમાં એક જવાન શહિદ,૪ ઘાયલ

કાશ્મીરમાં હુર્રિયત નેતાનાં પુત્ર સહિત ૨ આતંકીઓને સેનાએ કર્યા ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સુરક્ષાદળોનું અભિયાન ચાલું છે. સોમવાર મોડી રાત્રે સુરક્ષાદળોએ શ્રીનગરનાં નવકડલ વિસ્તારમાં બે આતંકવાદીઓને ઘેર્યા હતા. ઘેરાયેલા આતંકવાદીઓમાંથી એક જુનૈદ સેરહાઈ હતો, જે તહરીક-એ-હુર્રિયતનાં ચેરપર્સન અશરફ સેહરાઈનો દીકરો છે. બંને આતંકવાદીઓ મંગળવારની બપોરે ઠાર કરવામાં આવ્યા છે.

સુરક્ષાદળોનું કહેવું છે કે મોડી રાત્રે જુનૈદ સેહરાઈનાં નવકડલ વિસ્તારમાં છુપાયો હોવાનાં સમાચાર મળ્યા હતા. ત્યારબાદ ઑપરેશન શરૂ કરવામાં આવ્યું હતુ. મંગળવાર બપોર સુધી આ ઑપરેશનમાં જુનૈદ સેહરાઈ અને તેના એક સાથી આતંકવાદીને મારી પડાયો છે. જો કે આ એકાઉન્ટરમાં એક જવાન શહીદ થયો છે, જ્યારે ૪ ઘાયલ થયા છે.

જુનૈદ સેહરાઈએ માર્ચ, ૨૦૧૮માં હિઝબુલ જૉઈન કર્યું હતુ, જ્યારે તેના પિતા મોહમ્મદ અશરફ સેહરાઈને

અનુસંધાન પાના નં. ૬

રાજ્યમાં આવતીકાલથી સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી ST સેવા શરૂ થશે, ઓનલાઈન ટિકિટ બુક કરાવવી ફરજિયાત

અમદાવાદ

લોકડાઉન ૪માં રાજ્ય સરકારે કેટલીક છૂટછાટ આપી છે. ત્યારે એસટી બસને પણ તેમાં અમદાવાદ અને સુરત સિવાયના અન્ય જિલ્લાઓમાં મંજૂરી આપવામાં આવી છે. આ મામલે એસટીએ જણાવ્યું છે કે, બુધવારથી સમગ્ર રાજ્યમાં એસટી બસ ચાલુ કરવામાં આવશે. સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી જ સમગ્ર રાજ્યમાં બસ સેવા ચાલુ રહેશે. જેમાં ચાર જેટલા ઝોનમાં આ સેવા શરૂ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર ઝોન, દક્ષિણ ઝોન, ઉત્તર ઝોન અને મધ્ય ગુજરાત એમ ચાર ઝોનમાં વહેંચવામાં આવી છે. જેમાં મોટી બસમાં ૩૦ મુસાફરો અને મિની બસમાં ૧૮ મુસાફરો મુસાફરી કરી શકશે.

આ ઉપરાંત તકેદારીના ભાગરૂપે તમામ બસ સ્ટેન્ડ પર થર્મલ સ્કેનર દ્વારા મુસાફરોનું તાપમાન માપવામાં આવશે. તમામ મુસાફરોએ માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. જો કોઈ મુસાફરે માસ્ક નહીં પહેર્યું હોય તો તેને બસમાં બેસવા દેવામાં આવશે નહીં. કોઈ પણ પ્રવાસી બસમાં બેઠાં પછી બારીમાંથી બહાર થૂંકી શકશે નહીં અથવા પાનની પીચકારી મારી શકશે નહીં. તમામ મુસાફરોએ હાલ પૂરતી બસની ટિકિટ ઓનલાઈન બુક કરાવવાની રહેશે. ટિકિટ કન્ડક્ટર કે પછી ટિકિટ વિન્ડો પરથી ટિકિટ મળી શકશે નહીં.

અમદાવાદ અને સુરત સિવાયના અન્ય જિલ્લાઓમાં એસટી સેવા શરૂ થશે : સૌરાષ્ટ્ર ઝોન, દક્ષિણ ઝોન, ઉત્તર ઝોન અને મધ્ય ગુજરાત એમ ચાર ઝોનમાં બસ ચાલુ થશે : મુસાફરે માસ્ક નહીં પહેર્યું હોય તો તેને બસમાં બેસવા દેવામાં આવશે નહીં

કોરોના વચ્ચે ગુંડાગર્દીઃ સપા નેતા અને પુત્રની ખૂલ્લેઆમ ગોળી મારી હત્યા

સંભલ

ઉત્તર પ્રદેશનાં સંભલ જિલ્લામાં સમાજવાદી પાર્ટીનાં નેતા અને તેમના દીકરાની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ હત્યા ગામમાં બની રહેલા રસ્તાને લઈને થયેલા વિવાદ પર કરવામાં આવી છે. હત્યાની આ ઘટનાનો લાઈવ વિડીયો પણ કેમેરામાં કેદ થયો છે. આરોપી હુમલો કર્યા બાદ ફરાર થઈ ગયો છે. મામલો સંભલ જિલ્લાનાં બહજોઈ વિસ્તારનો છે. અહીંનાં ગામ સમસોઈમાં રસ્તાને લઈને બે પક્ષોમાં વિવાદ થઈ ગયો. સપા નેતાની પત્ની સરપંચ છે. ગામમાં એક રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે, જેનો કેટલાક લોકો વિરોધ કરી રહ્યા હતા.

આ વિવાદ એટલો વધી ગયો કે બંદૂક નીકળી. આ દરમિયાન ઘટનાસ્થળે રહેલા સપા નેતા છોટે લાલ દિવાકર અને તેમના દીકરાને ગોળી મારી દેવામાં આવી. આરોપી જ્યારે ફાયરિંગ કરી રહ્યા હતા ત્યારે ત્યાં ઘણા લોકો હાજર હતા. લોકોએ આ ઘટનાનો વિડીયો મોબાઈલમાં શૂટ કરી દીધો. આ વિડીયોમાં આરોપી ગોળી મારતો સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. અત્યારે પોલીસે કેટલાક લોકોની ધરપકડ કરી છે, પરંતુ હત્યાનાં મુખ્ય આરોપી પોલીસની પકડથી બહાર છે.

અનુસંધાન પાના નં. ૬

વિશ્વ આરોગ્ય સંસ્થા ૩૦ દિવસમાં નિર્ણય કરે નહીં તો હંમેશા માટે ફન્ડિંગ બંધઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

કોરોના વાયરસની મહામારીને લઈને અમેરિકાની વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન માટેની નારાજગી વધી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાથી જ અમેરિકા દ્વારા વિશ્વ આરોગ્ય સંસ્થાને આપવામાં આવતી ફન્ડિંગ બંધ કરી દીધી છે, આ દરમિયાન ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમુખ ટેડ્રોસ ઘેબ્રેયેસસને એક પત્ર લખ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ પત્રમાં લખ્યુ છે કે જો આગામી ત્રીસ દિવસમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પોતાની નીતિ અને સંગઠનમાં મોટા ફેરફાર નહીં કરે તો અમેરિકા પોતાનું ફન્ડિંગ હંમેશા માટે બંધ કરી દેશે. ઉલ્લેખનીય છે કે હાલ અમેરિકા દ્વારા માત્ર થોડા દિવસ માટે જ ફન્ડિંગ બંધ કરી દેવામાં આવ્યું છે.

આટલુ જ નહીં, ડોનાલ્ડ ટ્રમ્પે પત્રમાં લખ્યુ છે કે અમેરિકા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનમાં પોતાની મેમ્બરશિપને લઈને પણ પુનઃ વિચારણા કરી શકે છે. અમેરિકા દ્વારા આરોપ લગાવવામાં આવ્યો છે કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીમાં ઘણી બેદરકારી દાખવી છે અને તેમણે ચીનનો પક્ષ લીધો છે, જેના કારણે દુનિયાને સહન કરવું પડી રહ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિએ પત્રમાં વિશ્વ આરોગ્ય સંસ્થા પર આરોપ લગાયો છે કે ડિસેમ્બર, ૨૦૧૯માં વુહાનથી કોરોના વાયરસને લઈને જે પણ રિપોર્ટ્સ સામે આવ્યા હતા તેની અવગણના કરવામાં આવી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પ અનુસાર, ડિસેમ્બર ૨૦૧૯માં જ જાણવા મળી ગયુ હતુ કે આ

અનુસંધાન પાના નં. ૬

૧૨ દિવસમાં બમણી થઈ કોરોના દર્દીઓની સંખ્યા, આંકડો ૫૦ હજારથી ૧ લાખ પહોંચ્યો

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં દરરોજ વધારો થતા જોવા મળી રહ્યો છે. હાલ દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડો એક લાખને પાર કરી ચુક્યો છે. દેશમાં કોરોના વાયરસના સંકટથી બચવા માટે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. જો કે, લોકડાઉનમાં પણ કોરોના વાયરસનું સંક્રમણ યથાવત છે. માત્ર ૧૨ દિવસની અંદર જ કોરોના દર્દીઓની સંખ્યા બમણી થઈ ગઈ છે.

દેશમાં લોકડાઉન દરમિયાન પણ કોરોના વાયરસનું સંક્રમણ અટકવાનું નામ નથી લઈ રહ્યું. ૨૫ માર્ચથી શરૂ થનાર દેશવ્યાપી લોકડાઉનનો ચોથો તબક્કો શરૂ થઈ ચુક્યો છે. જો કે લોકડાઉન દરમિયાન પણ કોરોના સંક્રમણમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે હવે દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા એક લાખ સુધી પહોંચી ગઈ છે. દેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૧,૦૧,૧૩૯ છે.

ભારતમાં કોરોના સંક્રમણને રોકવા માટે ૨૫ માર્ચે લોકડાઉનનો પ્રથમ તબક્કો શરૂ થયો હતો. ત્યારે દેશમાં કોરોના વાયરસના ૬૦૬ પોઝિટિવ કેસ હતા. પ્રથમ લોકડાઉન ૧૪ એપ્રિલ સુધી ચાલ્યુ હતુ. ત્યારબાદ ૧૫ એપ્રિલથી લોકડાઉનનો બીજો તબક્કો શરૂ થયો ત્યારે દેશમાં કોરોનાના કુલ ૧૧૪૩૯ કેસ સામે આવી ચુક્યા હતા.

બીજુ લોકડાઉન દેશમાં ૩ મે સુધી અમલી કરાવવામાં આવ્યું હતું. આ દરમિયાન પણ કોરોનાનો કહેર યથાવત રહ્યો. ૪ મેથી લોકડાઉનનો ત્રીજો તબક્કો પણ શરૂ કરવામાં આવ્યો. આ દરમિયાન ભારતમાં કુલ ૪૨,૫૩૩ કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓના કેસ સામે આવ્યા હતા. ત્રીજુ લોકડાઉન બે અઠવાડિયા સુધી રહ્યુ.

હવે ૧૮ મેથી લોકડાઉનનો ચોથો તબક્કો શરૂ થઈ ચુક્યો છે ત્યારે લોકડાઉન ૪ ના પ્રથમ દિવસ સુધીમાં દેશમાં કોરોના વાયરસના ૯૬,૧૬૯ પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા હતા. લોકડાઉનના ચોથા તબક્કાના એક દિવસ પછી દેશમાં એક લાખથી વધારે કોરોના વાયરસના પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા છે.

ઉલ્ટા ચોર કોતવાલ કો ડાંટેઃ ચીને ભારત પર સણસણતો આરોપ મૂક્યો

ચીનની અવળચંડાઈઃ લદ્દાખમાં તંબૂ નાંખીને પોતાના સૈનિકોને તૈનાત કર્યા

ન્યુ દિલ્હી

પૂર્વ લદ્દાખ અને ઉત્તર સિક્કિમમાં સૈનિકોની વચ્ચે ટકરાવ વધ્યા બાદ ભારત-ચીન વચ્ચે તણાવ વધતો જઈ રહ્યો છે. ૨૦૧૭માં ડોકલામ બાદ લાઈન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર પહેલીવાર આટલું ટેન્શન જોવા મળી રહ્યું છે. લદ્દાખમાં ગલવા ફ્લેશપૉઈન્ટની પાસે ચીને તંબૂ નાંખીને પોતાના સૈનિકોને તૈનાત કર્યા છે. ત્યારબાદ ભારતે પણ અતિરિક્ત ફૉર્સ ત્યાં મોકલવી પડી. અક્સાઈ ચીનનાં વિસ્તાર પર કબજો કરનારા ચીને હવે 'ઉલ્ટા ચોર કોતવાલ કો ડાંટે'વાળા અંદાજમાં ભારત પર આરોપ લગાવ્યો છે કે તે ગેરકાયદેસર રીતે ડિફેન્સ ફેસિલિટી બનાવી રહ્યું છે.

ચીનનાં સરકારી મીડિયાએ અજ્ઞાત સૂત્રોનાં કહ્યા પ્રમાણે દાવો કર્યો છે કે ભારતે ગલવા ખીણમાં ગેરકાયદેસર ડિફેન્સ ફેસિલિટી બનાવી છે. આ વિસ્તારમાં ભારત અને ચીનની વચ્ચે અનેકવાર ઘર્ષણ થયું છે. ભારતે ચીન પર આરોપ લગાવ્યો છે કે ચીની સૈનિકો આ વિસ્તારમાં પોતાના ટેન્ટ લગાવી રહ્યા છે, જ્યાં ભારત રેગ્યુલરલી પેટ્રોલિંગ કરે છે. ગ્લોબલ ટાઈમ્સે લખ્યું કે, ભારતની ચીની સીમાની અંદર તાજી, ગેરકાયદેસર ફેસિલિટીનાં કંસ્ટ્રક્શનનાં જવાબમાં ચીને બૉર્ડર પર સુરક્ષા વધારી છે.

ગલવા નદીનાં ફ્લેશ પૉઈન્ટ પર અત્યારે ભારત અને ચીનનાં સૈંકડો સૈનિકો તૈનાત છે. ચીની એક્સપર્ટ્સ તરફથી ત્યાંનાં સરકારી મીડિયામાં ધમકી આપવામાં આવી હતી કે, "જો ભારત હવે તણાવ વધારે છે તો તેણે ભારે કિંમત ચુકવવી પડશે." ગલવામાં તણાવ ઓછો કરવા માટે લોકલ લેવલ પર વાતચીત થઈ છે. ચીને ત્યાં ૮૦થી વધારે તંબૂ લગાવ્યા છે. ગલવામાં ૫ મેથી તણાવ શરૂ થયો. ચીની મીડિયાનું કહેવું છે કે આ ૨૦૧૭નાં ડોકલામ વિવાદ બાદ સૌથી વધારે તણાવની વાત છે.



ભારતીય નાગરિકો કે જેઓ દુબઈથી માર્ચ પર પહોંચ્યા છે, નવી દિલ્હીમાં દિલ્હી-અપ બોર્ડર પર ચાલી રહેલા COVID-19 દેશવ્યાપી લોકડાઉન દરમિયાન સાયકલ પર ઝારખંડમાં તેમના વતન સ્થળોએ જાય છે.

દિવસના અંતે શેરબજાર ગ્રીન ઝોનમાંઃ સેન્સેક્સ ૧૬૭ અંક પ્લસ

મુંબઈ

દિવસભરની વધઘટ બાદ આજે અંતિમ સેશનમાં ઘરેલુ શેરબજાર વધીને બંધ આવ્યા છે. વૈશ્વિક પોઝિટિવ સંકેતો અને લોકડાઉન ૪ હેઠળ સરકાર દ્વારા મળેલ છૂટછાટના કારણે આજે માર્કેટને સપોર્ટ મળ્યો છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૬૭ અંક અથવા ૦.૫૬ ટકા વધીને ૩૦,૧૯૬ નજીક બંધ આવ્યો છે. જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૫૫ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા વધીને ૮,૮૭૯ નજીક સેટલ થયો છે.

આ સિવાય બેંક નિફ્ટીની વાત કરીએ તો બેંકિંગ સેક્ટરમાં વેચવાલીને પગલે સૂચકાંક ૮૬ અંક ગગડીને ૧૭,૪૮૬ નજીક બંધ આવ્યો છે. આ સિવાય અન્ય સેક્ટર્સની વાત કરીએ તો બીએસઈ પર રિયાલિટી ઈન્ડેક્સને છોડી બધા સેક્ટર વધીને સેટલ થયા છે. બીએસઈ પર મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૫૨ ટકા વધી અને ૦.૨૦ ટકા ઘટીને બંધ આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે લગભગ ૧,૦૧૨ સ્ક્રીપમાં તેજી, ૧,૨૫૩ સ્ક્રીપમાં મંદી જોવા મળી જ્યારે ૧૬૪ સ્ક્રીપ્ટ ફેરફાર વગર રહી.

ડોલર સામે રૂપિયામાં ૨૫ પૈસાની તેજી

મંગળવારે ડોલર સામે ભારતીય ચલણ રૂપિયામાં શાનદાર તેજી જોવા મળી છે. ડોલર સામે રૂપિયો ૨૫ પૈસા વધીને ૭૫.૬૬ પર બંધ આવ્યો છે. જ્યારે આ પહેલા સોમવારે ડોલર સામે રૂપિયો ૭૫.૯૧ પર બંધ આવ્યો હતો. કારોબારી દિવસ દરમિયાન રૂપિયાએ ડોલર સામે ૭૫.૬૩ની ટોચની સપાટી અને ૭૫.૭૯ની નીચલી સપાટી નોંધાવી હતી.

કોરોના સંકટઃ મધ્ય પ્રદેશમાં ૬૫૦૦ કેદીને છોડી દેવાયા

ભોપાલ

મધ્ય પ્રદેશની જેલોમાંથી કોરોનાના કારણે ૬૫૦૦ કેદીઓને છોડવામાં આવ્યા છે. ૩૯૦૦ કેદીઓને પેરોલ પર છોડવામાં આવ્યા છે, જ્યારે ૨૬૦૦ કેદીઓને વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવશે. રાજ્યમાં ૧૩૧ જેલો છે જે ૭૫ ટકાથી પણ વધારે ભરેલી છે. મુક્ત કરાયેલા કેદીઓને શરૂઆતના ૬૦ દિવસ સુધી પેરોલ પર રાખવામાં આવશે ત્યારબાદ ૪૫ દિવસ સુધી વચગાળાના જામીન આપવામાં આવશે. અહીની જેલો ઘણી વધારે ભરેલી છે આથી અમે પેરોલના દિવસો વધાર્યા અને અદાલત દ્વારા વચગાળાના જામીનના દિવસો વધારીને ૪૫ દિવસ કરવામાં આવ્યા તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

એક અહેવાલ દ્વારા અધિકારીએ જણાવ્યું કે અત્યારસુધીમાં સૌથી વધારે કેદીઓને અત્યારના સમયમાં છૂટા કરવામાં આવ્યા છે જે હાલના સંજોગોને ધ્યાનમાં રાખીને લેવાચેલો નિર્ણય છે. લૉકડાઉનના કારણે મધ્ય પ્રદેશમાં સૌથી વધારે કેદીઓને વચગાળાના જામીન આપવામાં આવ્યા છે તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે અદાલતે જણાવ્યું હતું કે જેલમાં વધુ ભીડ એક ગંભીર વિષય છે. અને હાલના તબક્કે કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉ.પ્રદેશના મહોબામાં શ્રમિકોની ટ્રક પલટી જતાં ૩ના મોત, ૧૨ ઘાયલ

મહોબા

ઉત્તર પ્રદેશના મહોબા જિલ્લામાં પ્રવાસી શ્રમિકોની ટ્રક અનિયંત્રિત થઈને પલટાઈ ગઈ. ટ્રકમાં સવાર ૩ મહિલાના મોત થયા છે. જ્યારે ૧૨ શ્રમિકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના સ્થળે પોલીસ પહોંચી ગઈ હતી અને રાહત બચાવની કામગીરી શરૂ કરી હતી. દુર્ઘટના પનવાડી પોલીસ સ્ટેશન ક્ષેત્રના ઝાંસી-મિર્ઝાપુર હાઈવેના મહુઆ મોડ પર બની. આ ટ્રકમાં ૧૭ લોકો સવાર હતા. મહોબાના એસપી મણિલાલ પાટીદારે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, ટ્રકનું ડાબી બાજુનું ટાયર ફાટવાથી ટ્રક પલટાઈ ગઈ હતી. આ ઘટનામાં ૩ મહિલાના મોત થયા છે, જ્યારે ૪ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઉપરાંત ૫-૬ લોકોને નાની મોટી ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે. આ શ્રમિકો દિલ્હીથી મહોબા જઈ રહ્યા હતા. આ વાહનમાં કુલ ૧૭ લોકો સવાર હતા.

સોલાપુરમાં પ્રવાસી મજૂરોથી ભરેલી બસ અને ડમ્પર વચ્ચે અકસ્માત, ૪ના મોત

મુંબઈ

આજે લોકડાઉનના ચોથા તબક્કાનો બીજો દિવસ છે અને મજૂરોનું સ્થળાંતર ચાલુ છે. સાથે જ મજૂરોની સાથે થઈ રહેલી દુર્ઘટના રોકાઈ રહી નથી. તાજેતરની ઘટના મહારાષ્ટ્રના યવતમાલની છે. અહીં મજૂરોથી ભરેલી એક બસનુ એક્સિડન્ટ થઈ ગયુ.

આ ઘટનામાં ડ્રાઈવર સહિત ચાર લોકોના મોત નીપજ્યા છે જ્યારે ૧૫ લોકો ઈજાગ્રસ્ત છે. તેમને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. બસ સોલાપુરથી ઝારખંડ તરફ જઈ રહી હતી. સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ યવતમાલના આરણી તાલુકામાં ઘટનાનો શિકાર થઈ ગઈ. બસે ડમ્પરને પાછળથી ટક્કર મારી દીધી.

અગાઉ ઉત્તર પ્રદેશના મહોબા જિલ્લામાં પ્રવાસી મજૂરોને લઈને જઈ રહેલો એક ટ્રક સોમવારે મોડી રાતે દુર્ઘટનાનો શિકાર થઈ ગયો હતો જેમાં સવાર ત્રણ મહિલાઓના ઘટના સ્થળે મોત નીપજયા હતા અને લગભગ બે ડઝન મજૂરને સામાન્ય ઈજા પહોંચી હતી.

૩૬ રાફેલનો પણ સમાવેશ

ઉત્તર અને પશ્ચિમ વિસ્તારોમાં તૈનાતી માટે વાયુસેના ૪૫૦ યુદ્ધ વિમાન ખરીદશે

ન્યુ દિલ્હી

ભારતીય હવાઈ દળ દેશના ઉત્તર અને પશ્ચિમ સરહદ વિસ્તારમાં દુશ્મનો સામે રક્ષણ માટે ભવિષ્યમાં મોટા પગલા ભરવા પર કામ કરી રહી છે. ભારતીય વાયુસેનાના વડા આર.કે.એસ. ભદૌરિયાએ માહિતી આપી હતી કે વાયુ સેના ભવિષ્યમાં દેશના ઉત્તર અને પશ્ચિમ સરહદ વિસ્તારોમાં તૈનાતી માટે ૪૫૦ યુધ્ધ વિમાનની ખરીદી કરશે.

તેમાં ૩૬ રાફેલ પણ શામેલ હશે. ભારતીય વાયુસેનાના આ પગલાથી પાકિસ્તાન અને ચીને ભારત તરફ નજર કરતા પહેલા અનેક વખત વિચાર કરવો પડશે.

ભારતીય વાયુસેના દ્વારા ખરીદવામાં આવેલા ૪૫૦ યુધ્ધ વિમાનમાં ૩૬ રાફેલ, ૧૧૪ મલ્ટીરોલ ફાઈટર એરક્રાફ્ટ, ૧૦૦ એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ) અને ૨૦૦ થી વધુ પ્રકારના લાઇટ ફાઇટર પ્લેન (એલસીએ) શામેલ છે.

ઈન્ટરવ્યુમાં ભારતીય વાયુસેનાના વડા આરકેએસ ભદૌરીયાએ કહ્યું કે, 'આગામી ૧૫ વર્ષમાં ૮૩ લાઇટ યુધ્ધ વિમાન અમારી પ્રાથમિકતા છે.તે પછી એલસીએ માર્ક ૨ આવશે. અમે આવા લગભગ ૧૦૦ વિમાનો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. આ બધા સાથે મળીને તે ૨૦૦ થઈ જશે.

એરફોર્સ ચીફના જણાવ્યા મુજબ, આ ૪૫૦ લડાકુ વિમાનોને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આગામી ૩૫ વર્ષમાં એરફોર્સમાં સામેલ કરવાની યોજના છે.દેશી ટેક્નોલોજીથી આ વિમાન બનાવવાની શક્યતાઓ અંગે પ્રત્યુત્તર આપતાં વાયુસેનાના વડાએ કંપનીઓને આગળ આવવાનું કહ્યું છે.

મનાઈ છતાં ટ્રમ્પ હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાનું સેવન કરે છે

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું કે, તેઓ હાઈડ્રોક્સીક્લોરોક્વીનનું સેવન કરી રહ્યા છે. જો કે અમેરિકાના નિષ્ણાંતોના મતે આ એન્ટી મલેરિયા મેડિસિન કોવીડ-૧૯ બીમારીનો સામનો કરી શકતી નથી. ટ્રમ્પે આ દવાને લઈને મોટા દાવા કર્યા હતા અને ભારતમાંથી મોટા પ્રમાણમાં આ દવાની આયાત પણ કરી હતી.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમનો કોરોના વાયરસનો ટેસ્ટ નેગેટિવ આવ્યો છે અને તેમનામાં કોઈ લક્ષણ નથી. તેઓ સાવચેતી તરીકે દોઢ સપ્તાહથી આ દવા લઈ રહ્યા છે. હું દરરોજ દવા લઉં છું. આ દવા જિંકથી બને છે. ટ્રમ્પે જણાવ્યું કે, મને લાગે છે કે આ સારી દવા છે. મેં દવા વિશે ઘણી સારી વાતો સાંભળી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તમે જાણીને હેરાઈ થઈ જશો કે અનેક ફ્રન્ટલાઈન વર્કર્સ આ દવા લઈ રહ્યા છે. હું પણ દવાનું સેવન કરી રહ્યો છું. કેટલાક સપ્તાહ પહેલાથી મેં આ દવા લેવાની શરૂ કરી હતી. નોંધનીય છે કે, અમેરિકામાં કોરોના વાયરસે ૧૪ લાખ લોકોને પોતાની ઝપેટમાં લીધા છે અને મૃત્યુઆંક ૯૦ હજારને પાર થઈ ગયો છે.

નેપાળે વિવાદિત નક્શાને આપી મંજૂરી, ભારતના વિસ્તારોને જણાવ્યો પોતાનો ભાગ

નવા નક્શામાં લિપુલેખ તથા લિમ્પિયાધૂરા કાલાપાનીને પોતાના વિસ્તાર ગણાવતા વિવાદ

કાઠમાંડૂ

એવું લાગે છે કે નેપાળે ચીનના ઈશારાઓ પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. પાડોશી દેશ પોતાનો નવો નકશો તૈયાર કરવા જઈ કહ્યો છે, જેમાં ઓછામાં ઓછા ત્રણ વિસ્તારો એવા હશે જે ભારતીય સરહદમાં આવે છે. સોમવારે નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક દરમિયાન આ નક્શાને મંજૂરી અપાઈ. જે મુજબ, લિંપિયાધુરા, લિપુલેખ અને કાલાપાણી નેપાળમાં છે. જ્યારે હકીકતમાં આ વિસ્તારો ભારતમાં આવેછે. નક્શો જાહેર થયા બાદ નેપાળના રાષ્ટ્રપતિ બિદ્યા દેવી ભંડારીએ કહ્યું, લિંપિયાધુરા, લિપુલેખ અને કાલાપાણી વિસ્તાર નેપાળમાં આવે છે અને તેને પાછા લેવા માટે મજબૂત કૂટનીતિક પગલા ઉઠાવાશે. નેપાળના બધા વિસ્તારોને દર્શાવતા એક ઔપચારિક નક્શો જાહેર કરાશે. થોડા દિવસો પહેલા ધારચૂલાથી લિપુલેખ સુધી નવા રોડનું રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા ઉદ્ઘાટન કરાયું હતું. આ રોડ પર નેપાળે આપત્તિ દર્શાવી હતી. આ રોડથી કૈલાશ માનસરોવર જનારા તીર્થયાત્રીઓ વચ્ચેનું અંતર ઘટી જશે. નેપાળના વિદેશમંત્રી પ્રદીપ કુમાર ગ્યાવલીએ ભારતના રાજદૂત વિયન મોહન ક્વાત્રાને સમન્સ પાઠવ્યું હતું. જવાબમાં ભારતે પણ પોતાની પોઝિશન સ્પષ્ટ કરતા કહ્યું હતું કે ઉત્તરાખંડના પિથૌરાગઢ જિલ્લામાં હાલમાં બની રહેલો રોડ સંપૂર્ણ રીતે ભારતનો વિસ્તારમાં છે. ગ્યાવલીએ સોમવાર એક ટ્વીટમાં જાણકારી આપી કે, કેબિનેટએ ૭ પ્રાન્ત અને ૭૭ જિલ્લા અને ૭૫૩ સ્થાનવાળા નેપાળને નક્શાને પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે. તેમાં લિંપિયાધુરા, લિપુલેક અને કાલાપાણી પણ હશે. નેપાળના આવા વ્યવહાર માટે ભારત ચીનને જવાબદાર માની રહ્યું છે. શુક્રવારે સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવણે એ સંકેત આપ્યા હતા કે નેપાળના લિપુલેખ મુદ્દાને ઉઠાવવા પાછળા કોઈ વિદેશી તાકાત હોઈ શકે છે.

કોરોના વાઈરસ સામે લડવા અસરદાર દવા સાબિત થઈ શકે છે અશ્વગંધા જડી-બુટીઃ રિસર્ચ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ વિરૂદ્ધ આર્યુવેદિક જડી-બુટી અશ્વગંધા ઘણી મદદગાર સાબિત થઈ શકે છે. આઈઆઈટી દિલ્હી અને જાપાનના એક પ્રોદ્યોગિકી સંસ્થાનના રિસર્ચમાં એ જણાવવામાં આવ્યુ છે.

રિસર્ચ અનુસાર કોવિડ-૧૯ સંક્રમણને રોકવા અને ઉપચારમાં આ ઔષધિ ઘણી પ્રભાવી થઈ શકે છે. રિચર્સ ટીમના અનુસાર અશ્વગંધા અને પ્રોપોલીસના પ્રાકૃતિક યૌગિકમાં કોરોના વાઈરસને રોકનારી દવા બનાવવાની ક્ષમતા છે.

પ્રોપોલીસ, મધમાખીની અંદર મોમી ગુંદ હોય છે. આઈઆઈટી દિલ્હીના જૈવ ઓદ્યોગિકી વિભાગના પ્રમુખે કહ્યુ, અધ્યયન ટીમમાં સામેલ વૈજ્ઞાનિકોએ રિસર્ચ દરમિયાન સાર્સ-કોવી-૨ એન્ઝાઈમને નિશાન બનાવ્યુ.

તેમણે કહ્યુ કે રિસર્ચના પરિણામો ના માત્ર કોરોના વાઈરસને રોકનારી દવાઓના પરીક્ષણ માટે જરૂરી સમય અને કિંમતને બચાવી શકે છે પરંતુ કોવિડ-૧૯ મહામારીની વ્યવસ્થામાં પણ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

તેમનુ કહેવુ છે કે દવાઓ બનાવવામાં કેટલાક સમય લાગી શકે છે. આ રિસર્ચ આઈઆઈટી દિલ્હીની સાથે જાપાનના નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ એડવાન્સ ઈન્ડસ્ટ્રિયલ સાયન્સ એન્ડ ટેકનોલોજીએ કર્યુ છે.

રિપોર્ટસ અનુસાર સરકારે પણ આ વિશે એક અધ્યયન શરૂ કર્યુ છે કે શુ અશ્વગંધા કોરોના વાઈરસને રોકનારી દવા બની શકે છે. સરકાર તરફથી એ પણ જોવા મળી શકે છે કે આ સંભવિત દવા તરીકે મેલેરિયાને રોકનારી દવા હાઈડ્રોક્સીક્લોરોક્વિનનો વિકલ્પ બની શકે છે.

ચીનમાં ભૂકંપઃ ૪ના મોત, ૨૪ લોકો ઈજાગ્રસ્ત

બેઈજિંગ

ચીનના દક્ષિણ પશ્ચિમ યુનાન પ્રાંતમાં ભુકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા છે. વધુમાં અધિકારીએ જણાવ્યું હતું કે, આ ભુકંપમાં ૨૪ લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. આ ધરતીકંપ બાદ તુરંત જ ફાયર બ્રિગેડ સહિતની બચાવ અને રાહત ટીમોને ભુકંપના ઝોનમાં મોકલવામાં આવી હતી અને બચાવ કામગીરી શરુ કરાઈ હતી. સોમવારે રાત્રે ૯.૪૭ કલાકે રેક્ટર સ્કેલ પર ૫ તીવ્રતાના ભુકંપના આંચકા અનુભવાયા હતા. આ ઉપરાંત ભુકંપનું કેન્દ્ર આઠ કિલોમીટર ઉંડુ હતું. કિયાઓજિયાની કાઉન્ટી સરકારે બચાવ અને આપત્તિ રાહત સહાય માટે બચાવકર્તાઓને ૧૬ ટાઉનશિપ પર મોકલ્યા છે.રિપોર્ટ અનુસાર, ભૂકંપથી ૧૦ ટેલિકોમ બેઝ સ્ટેશનને નુકસાન થયું છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ચીનની મુશ્કેલી વધશે

કોરોના વાયરસની સ્થિતી વચ્ચે પણ ચીને તેના નાપાક ઇરાદાની સાબિતી ફરી એકવાર આપી છે. સિક્કિમમાં તેની ગતિવિધી હાલમાં જારી રહી છે. કોરોના વાયરસની સ્થિતી સામાન્ય બન્યા બાદ એકબાજુ અમેરિકા સહિતના દુનિયાના દેશો ચીનને ભીસમાં લેવા માટે તૈયારી કરી રહ્યા છે. ચીનને હવે વ્યાપક મુશ્કેલી અને બહિષ્કારનો સામનો કરવાની ફરજ પડી શકે છે. સાથે સાથે ચીની કારોબારથી પણ લોકો દુર રહેવાના પ્રયાસ કરનાર છે. ચીન સામે સંયુક્ત આક્રમક રણનિતી તૈયાર કરવામાં આવી રહીછે. ભારતે પણ આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં કુચ કરીદીધી છે. જેના ભાગરૂપે મોદી સરકારે ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી ચુકી છે કોરોના વાયરસની સ્થિતી વચ્ચે સિક્કિમ સરહદ પર ભારત અને ચીન વચ્ચે હાલમાં સ્થિતી તંગ બનેલી છે ત્યારે ભારતીય બજારોમાં કોઈ પણ રીતે ઘુસવાના પ્રયાસ ચીનના હજુ પણ જારી રહ્યા છે. ભારતને સૌથી મોટા માર્કેટ તરીકે પણ ચીન જુએ છે. જેથી ચીની માર્કેટ સાથે પણ ભારતમાં સ્થાનિક કારોબારીઓની સ્પર્ધા સીધી રીતે વર્ષોથી ચાલી રહી છે. હવે આને લઈને સાવધાની રાખવાની જરૂર છે. ભારતમાં કોઈ પણ બજારમાં જતા રહીએ તો પણ મશીનરીથી લઈને રમકડા સુધી મેડ ઈન ચાઈનાની બોલબાલા સરળતાથી જોઈ શકાય છે. ભારતીય બજારના અર્થતંત્ર પર ચીની બજારનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. પ્રભુત્વ કેમ થઈ રહ્યું છે. કોઈ પણ માપદંડમાં ચીની ચીજવસ્તુ દેશી ચીજવસ્તુની સામે ટકી શકવાની સ્થિતિમાં નથી છતાં ચીની ચીજવસ્તુનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. કિંમતોને છોડીને દરેક બાબતમાં ચીની ચીજવસ્તુ દેશી ચીજવસ્તુની સામે ટકી શકવાની સ્થિતિમાં નથી. હિન્દુ-ચીની ભાઈ ભાઈના નારા લગાનાર દેશ એવું તો નથી કે પોતાના ભાઈની કમર તોડવાની પ્રક્રિયામાં લાગેલું છે. બંને દેશો વચ્ચે વેપાર અસમતુલાના આંકડા પર નજર કરવામાં આવે તો આ બાબત સ્પષ્ટપણે નજરે પડે છે. ૨૦૧૫ સુધી જ્યાં ચીની હિસ્સેદારી ૫૪.૨ અબજ ડોલર રહી હતી, જ્યારે ભારતની નિકાસ ૧૬.૪ અબજ ડોલર સુધી મર્યાદિત રહી હતી. અમારા બજારમાં વિજળીના સાધનો, સિમેન્ટ, ઓર્ગેનિક કેમિકલ્સ, પરમાણુ રિએક્ટર્સ, બોઈલર્સ, ભારે મશીનરી, સિલ્ક, ખનીજ, ઈંધણ અને તેલ જેવી તમામ ચીજવસ્તુમાં ચીન છવાયેલું છે. આ આંકડા તો એ વસ્તુઓનો છે જે બંને દેશોની સરકારની વચ્ચે વેપાર સમજૂતિ હેઠળ આયાત અને નિકાસ કરવામાં આવે છે. દર વર્ષે ભારતીય બજારમાં ગેરકાયદેરીતે આવનાર ચીની ચીજવસ્તુ આનાથી અનેક ગણી વધારે છે. કઈ રીતે તમામ ચીજવસ્તુ સરહદ પાર કરીને અમારા અર્થતંત્રને નબળુ પાડી દેવા પહોંચી જાય છે. કસ્ટમ વિભાગની મિલીભગત વગર આ બાબત શક્ય બને શકે તેમ નથી. ચીની ચીજવસ્તુઓ મુખ્યરીતે નાથુલાપાસ, દરિયાના માર્ગો અને કાર્ગો વિમાનથી આવે છે ત્યારે કસ્ટમની નજરથી આ બધી ચીજો કઈ રીતે બચી શકે છે. સરકારને પોતાના કન્ટેનર ડીપો પર ચકાસણી વધુ તીવ્ર બનાવવી પડશે. કોરોના કાળ દરમિયાન બાદ ચીનનો બહિષ્કાર કરવાની રણનિતી જુદા જુદા અપનાવી રહ્યા છે. જે ચીનની મુશ્કેલીને વધારશે.

હવે દુનિયાના દેશો એક મંચ પર આવીને ચીનની સામે રણનિતીને અમલી કરી શકે

આગામી ચોમાસા ઋતુની પૂર્વતૈયારીને ધ્યાને લેતા સજ્જ થતું રાજ્યનું વીજતંત્રઃ ઉર્જા મંત્રી

ગાંધીનગર

કોરોના વૈશ્વિક મહામારીના પ્રતિકુળ સંજોગોમાં પણ આગામી ચોમાસા ઋતુની પૂર્વતૈયારીને ધ્યાને લેતા, વીજ વિતરણના માળખાની સમારકામ પ્રવૃત્તિઓ અનુસંધાને વિવિધ ફીડરોનું સમારકામ વીજ વિતરણ કંપનીઓ દ્વારા શરૂ કરવામાં આવ્યુ છે.અને સાથે સાથે રાજ્યના વીજગ્રાહકો ના પ્રશ્નો તથા વીજ વિભાગની કામગીરી આજથી પૂર્વવત બનશે તેમ રાજ્યના ઉર્જામંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યના વીજ ગ્રાહકોને ગુણવતાયુક્ત અને ૨૪૮૭ કલાક અવિરત વીજ પૂરવઠો મળી રહે તે અર્થે

જી.યુ.વી.એન.એલ. હેઠળ કાર્યરત ચારેય વીજ વિતરણ કંપનીઓ ડીજીવીસીએલ,એમજીવીસીએલ, પીજીવીસીએલ અને યુજીવીસીએલ દ્વારા વિવિધ વીજ સેવા આવશ્યક પગલાઓ અને કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ ગ્રાહકલક્ષી કાર્યોમાં ગ્રાહકોની વ્યક્તિગત ફરિયાદ, કોઈપણ વિસ્તારની ફરિયાદ કે કોઈપણ ફીડર બંધ હોવાની નોંધણી વીજ વિતરણકંપનીઓના ૨૪૮૭ કલાક કાર્યરત ગ્રાહક સેવા કેન્દ્ર દ્વારા નોંધણી કરી નિકાલ કરવો વગેરેનો સમાવેશ થાય છે. આ કામગીરીને સત્વરે હાથ ધરાશે.

વીજ વિતરણ કંપનીઓ દ્વારા કઈ કામગીરીઓ શરૂ કરવામા આવી રહી છે

- નવા રહેણાંક, વાણિજ્ય, ઔદ્યોગિક વગેરે હેતુ માટેના વીજ જોડાણોની અરજીઓનો સર્વેની કામગીરી, એસ્ટીમેટ આપવાની કામગીરી, વીજ વિતરણ માટે વીજલાઈન ઉભી કરવાની કામગીરી તેમજ વીજ મીટર લગાડી વીજ જોડાણ ચાલુ કરવાની કામગીરી
- ગ્રાહકોના હયાત વીજ જોડાણોમાં વીજ ભાર વધારો મંજૂર કરવાની કામગીરી
- ગ્રાહકોના વીજ સ્થાપનના ખામીયુક્ત વીજ મીટરો બદલવાની કામગીરી
- દરેક ક્ષેત્રિય, વિભાગીય તથા પેટા-વિભાગીય કચેરીના સ્તરેથી જરૂરી માલસામાનની તથા કોન્ટ્રાકટરના કારીગરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની કામગીરી
- સોલાર રૂફટોપ જોડાણમા જે કનેક્શનની સોલાર સિસ્ટમ લાગી ચૂકી છે તેવા વીજ જોડાણોમાં મીટર લગાવવાની કામગીરી
- ગુજરાતમાં આવેલા મટીરિયલ્સના ઉત્પાદકોને ત્યાં ઇન્સ્પેક્શનની કામગીરી
- ગુજરાતમાં આવેલા સોલાર પેનલના ઉત્પાદકોને ત્યાં ઇન્સ્પેક્શનની કામગીરી
- ગ્રાહકોને ત્યાં લગાડવામાં આવતા વીજ મીટરના ટેસ્ટિંગની કામગીરી

કોર્પોરેશનના બનાવટી પાસ બનાવી પાન મસાલાની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયા

અમદાવાદ

છેલ્લા ૫૫ દિવસથી રાજ્યભરમા લોકડાઉનની સ્થિતિ યથાવત છે, ત્યારે પાન મસાલા વેપારીઓ અને બંધાણીઓ ગેરકાયદેસર અને ઊંચા ભાવે પાન-મસાલાનું વેચાણ કરતા હોય તેવું અનેક વખત તમે સાંભળ્યું હશે. પરંતુ કાગડાપીઠ પોલીસે બે એવા શખ્સોને પાન મસાલા સાથે ઝડપી પાડયા છે જે કોર્પોરેશનની રાહત સામગ્રી પોહચાડવા માટેનો પાસ ધરાવતી ઓટો રીક્ષા હતી. આમ તો સામાન્ય બાબત લાગશે પરંતુ પોલીસ ગિરફત રહેલા આરોપી જોગેન્દ્ર લાલ અરોરા અને ધર્મેન્દ્ર કાંચલીયા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કંટ્રોલ ટીમનો ઈમરજન્સી પાસ ક્યાંથી મેળવી લાવ્યા તે પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે.

સાથે જ આ પાસ બનાવટી છે કે કોર્પોરેશન તરફથી ઈશ્યુ કરવામાં આવેલો પાસ છે તે અંગે પણ પોલીસ તપાસ ચલાવી રહી છે. ઉલ્લેખનીય છે કે જોગેન્દ્ર અને ધર્મેન્દ્ર કાંકરિયા નજીક થી પસાર થવાના હોવાની બાતમી આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને તેમને રોકી તપાસ ૪૪૦ જેટલા પાન મસાલાના પાઉચ મળી આવતા અટકાયત કરવામાં આવી હતી. હાલ પોલીસે પાન મસાલા તમામ જથ્થો અને ગેરકાયદેસર હેરાફેરી કરવા માટે ઉપયોગમાં લેવાયેલી રીક્ષા પણ કબજે કરી છે, અને બંને આરોપીઓની વધુ પૂછપરછ શરૂ કરી છે.

અમદાવાદમાં એકી-બેકી સંખ્યામાં દુકાનો ખુલી, રાતના ૮ થી સવારના ૮ કર્ફ્યું

અમદાવાદ

રાજ્ય લોકડાઉન ૪નો આજથી અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. અમદાવાદ શહેર અને સુરત શહેર બાદ કરતા સમગ્ર રાજ્યમાં તમામ આર્થિક પ્રવૃત્તિઓ લોકડાઉન-૪ દરમિયાન સવારના ૮ થી બપોરના ૪ વાગ્યા સુધી કરી શકાશે. આમ, અમદાવાદના પૂર્વ વિસ્તાર અને રાજ્યના અન્ય કન્ટેનમેન્ટ ઝોનની આશરે ૫૦ લાખની વસતિ જ લોકડાઉન હેઠળ રહે છે. બાકીના ૯૨ ટકાથી વધુ લોકોને લોકડાઉનમાંથી મુક્તિ મળી છે. આજથી અમદાવાદના શોપિંગ કોમ્પલેક્ષોમાં પ્રોપર્ટી નંબરમાં એકી- બેકી સંખ્યાના આધારે વેપારીઓ દુકાનો આજથી ખોલી શકશે. સુરત, અમદાવાદ જેવા મોટા શહેરોમાં દિલ્હીની માફક ભીડભાડ ઘટાડવા ઓડ-ઈવન પદ્ધતિ દાખલ કરાઈ છે.

અને ૫૦ ટકા દુકાનો બીજા દિવસે ચાલુ રહેશે. આ પદ્ધતિમાં કઈ દુકાનો ક્યારે ચાલુ રાખવી તે બાબત સ્થાનિક દુકાનદારો અને તંત્ર ભેગા મળીને નક્કી કરશે. બહુવિધ પ્રોપર્ટી નંબર ધરાવતી દુકાનો એકી તારીખે જ ખોલવા આદેશ કરવામાં આવ્યો છે. સિંગલ દુકાનો કાયમી એટલે રોજ ચાલુ રાખી શકાશે. આજે પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ જાહેરનામું બહાર પાડ્યું છે જેમાં પશ્ચિમ વિસ્તારમાં જ તમામ દુકાનો અને ધંધા ખોલી શકશે. જાહેરનામા મુજબ નોન કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સવારે ૮થી સાંજે ૪ વાગ્યા સુધી દુકાનો અને વેપારધંધા ખોલવાની પરવાનગી આપવામાં આવી છે. રાજ્યભરમાં કન્ટેનમેન્ટ ઝોન બહારના વિસ્તારોમાં ઓટોરિક્ષા,

કેબ, ટેક્સી, માલવાહક વાહનો ચલાવવાની છૂટ અપાઈ છે. અલબત્ત, રિક્ષા, કેબ, ટેક્સી તથા ખાનગી ફોર વ્હીલરમાં ડ્રાઇવર પ્લસ બે વ્યક્તિને જ રાખવાની છૂટ છે.આ જ રીતે મોટરસાઈકલ પર માત્ર એક જ વ્યક્તિને છૂટ છે, પાછળ કોઈને બેસાડી શકાશે નહીં. બીજી એક અગત્યની વાત કરીએ તો, અમદાવાદના તે કર્મચારીઓ, દુકાનદારો અને કામદારો જેના ઘર કન્ટેનમેન્ટ ઝોનમાં આવેલા છે તેઓ પોતાના ઘરેથી કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી બહાર જઈ શકશે નહીં. જેનો મતલબ એ છે કે અમદાવાદમાં પૂર્વ વિસ્તારમાં રહેતા લોકો જેઓની પશ્ચિમમાં ઓફિસ, દુકાન કે ફેકટરી આવેલી છે તેઓ પશ્ચિમ વિસ્તારમાં જઈ શકશે નહીં.

રાજકોટ એક અને જામનગરમાં બે કોરોનાના કેસ નોંધાતા તંત્રમાં વધી ચિંતા

રાજકોટ

જામનગરમાં વધુ બે કેસ નોંધાયા, બંને પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યા હોવાથી સમરસ હોસ્ટેલમાં ક્વોરન્ટીન હેઠળ રાખવામાં આવ્યા હતા. આથી બંનેના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. આથી બંનેના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જામનગરમાં કોરોના વાઈરસના કુલ ૩૭ કેસ નોંધાયા છે. રાજકોટમાં વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે. શહેરના સાધુવાસવાણી રોડ પર ગુરૂજી આવાસ યોજનામાં યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આછી આવાસની ૫૦૧થી ૫૮૮ નંબરના ક્વાર્ટરને કન્ટેનમેન્ટ જાહેર કરવામાં આવ્યા છે. ૨૭૮ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જંગલેશ્વર બાદ હવે સાધુવાસવાણી રોડ વિસ્તારમાં કેસ નોંધાયો છે. આ અંગે રાજકોટ આરોગ્યચ અધિકારી ડો. રીંકલ વીરડીયાએ જણાવ્યું હતું.

સાધુ વાસવાણી રોડ પર ગઈકાલે રાત્રે ભારતીબેન દીપકભાઈ આઉજી (ઉ.વ.૧૬)નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. તથા તેમના નજીકના ૧૩ લોકોને સમરસ હોસ્ટેલ ખાતે ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. તથા ગુરુજીનગર આવાસના કુલ ૬૬ ઘર અને ૧૯૧ લોકોને ક્લસ્ટર ક્વોરન્ટીન ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ તમામ ઘરોમાં આજથી સઘન સર્વે ચાલુ કરવામાં આવ્યો છે. રાજકોટમાં ૧૪૨ સેમ્પલમાંથી ૧૧૧ નેગેટિવ અને ૨૯ના રિપોર્ટ પેન્ડિંગ છે. શહેરમાં લોકડાઉન-૪માં છૂટછાટ મળતા જ લોકો વહેલી સવારથી રસ્તા પર આવી ગયા હતા. પાન માવાની એજન્સીઓમાં વસ્તુઓ લેવા માટે વેપારીઓની પણ લાંબી કતારો લાગી હતી. લોકોની ભારે ભીડ જોઈ પાન-માવાની એજન્સીઓ બંધ કરવામાં આવી હતી.

લોકોની ભારે ભીડ ઉમટી જતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે. બીજીતરફ હેર શલૂનની દુકાનોમાં પણ વહેલી સવારથી લોકો નંબર લગાવીને બેઠા હતા. ગઈકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં સૌ નાગરિકોનો કોરોના મહામારીના સંક્રમણ નિયંત્રણ માટેના પગલાંઓમાં સહયોગ-સહકાર માટે આભાર વ્યકત કરી નવી ગાઈડલાઈનની જાહેર કરી હતી. જે અનુસાર કન્ટેઈન્મેન્ટ ઝોનમાં માત્ર જીવન જરૂરી વસ્તુને છૂટ આપવામાં આવી છે. જ્યારે નોન કન્ટેઈન્મેન્ટ ઝોનમાં તમામ દુકાનો ખોલવા મંજૂરી આપી છે. ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આજે વહેલી સવારથી પાન-મસાલાના ગલ્લાઓ તેમજ એજન્સીઓ પર લોકોની લાંબી કતાર લાગી છે.

રાજકોટમાં લોકડાઉનમાં છૂટ મળતાં જ કપડા-જલેબી-ગાઠિયાની દુકાનોમાં લાગી ભીડ

રાજકોટ

રાજ્ય સરકારની છૂટછાંટ અંગેની જાહેરાત બાદ આજે રંગીલા રાજકોટ માં બે મહિના બાદ રોનક જોવા મળી. રાજકોટમાં બે મહિના બાદ તમામ માર્કેટોમાં રોનક જોવા મળી. બે મહિના બાદ આજે તમામ નાના-મોટા વ્યસાયો શરૂ થયા. કપડાંના બજાર ખૂલતા લોકો નવા કપડાં લેવા પણ પહોંચ્યા. એક તરફ લગ્ન પ્રસંગનો સમય ચાલી રહ્યો છે, ત્યારે પ્રસંમાં નવા કપડાં ખરીદવા સવારથીજ કપડાંની દુકાનોમાં લોકો જોવા મળ્યા. પહોંચ્યા. શહેરના યાજ્ઞિક રોડ પર આવેલ દુકાનમાં ગ્રાહકોએ નવા કપડાંની ખરીદી કરી હતી. ૨ મહિના બાદ દુકાન ખૂલતા વેપારી અને ગ્રાહકોમાં ખુશીની લાગણી જોવા મળી. નવા સુધારા સાથે અમદાવાદમાં જાહેરનામુ બહાર પડાયું, જાણી લો હવે શું-શું ખુલ્લુ રાખી શકાશે

શહેરમાં બે મહિના બાદ હેર સલૂન તેમજ બ્યૂટી પાર્લર ખૂલ્યા છે. શહેરના એમીન માર્ગ પર આવેલ સલૂનમાં ટ્રીટમેન્ટ કરાવવા માટે યુવતીઓ પહોંચી હતી. સલૂનના માલિકો દ્વારા નિયમોનું પાલન કરીને કામકાજ શરૂ કરવામાં આવ્યું છે. ગ્રાહકોને સૌપ્રથમ સેનેટાઈઝ કરી તેની ટ્રીટમેન્ટ પીપીઈ કીટ પેહરીને કરવામાં આવી રહી છે. ૫૬ દિવસ બાદ રાજકોટમાં હેર સલુન ખૂલતા જ મોટી સંખ્યામાં લોકો હેર કટિંગ અને શેવિંગ કરાવવા પહોંચ્યા હતા. સલૂન સુપર સ્પ્રેડર ન બને તેની પણ કાળજી રાખવામાં આવી રહી છે. ગ્રાહકો આવે ત્યારે તેનું તાપમાન ચકાસી, ફોર્મ ભરાવી અને તેઓને સેનેટાઈઝ કરી બાદમાં સલૂનમાં પ્રવેશ આપવામાં આવે છે. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ફ્રેન્ડ્સ હેર સલૂનમાં ગાઈડલાઈનનું પાલન કરી સલૂન શરૂ કરાયું છે.

રાજકોટમાં શિવાજી બીડી માટે મહિલાઓની લાઈન લાગી હતી. મોટી સંખ્યામાં મહિલાઓ શિવાજી બીડી લેવા ઉમટી પડી. શહેરના પરા બજારમાં મહિલાઓ બીડી લેવા માટે ઉમટી પડી. પોતાના ઘરવાળા માટે બીડીની જુડી લેવા માટે મહિલાઓ ઉમટી પડી હતી. તો રાજકોટમાં પાનની દુકાનો બહાર સોશ્યલ ડિસ્ટન્સિંગના ધજાગરા થયેલા જોવા મળ્યા. ત્યારે આ અંગે મ્યુ. કમિશ્નર ઉદિત અગ્રવાલે નિવેદન આપતા જણાવ્યું કે, આ ચલાવી લેવામાં નહિ આવે. પોલીસ કમિશ્નર આ અંગે જાહેરનામું બહાર પાડી કડક અમલ કરાવશે. રાજકોટ સાધુ વાસવાણી રોડ પર હોકર્સ ઝોન બંધ કરવામાં આવશે. શાક માર્કેટ પર સોસીયલ ડિસ્ટનસિંગ ન જળવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગઈકાલે સાધુવાસવાણી રોડ પર એક સગીરાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હોમ ડીલેવરી કરતા લોકોને હેલ્થ કાર્ડ આવતીકાલ સુધી આપવામાં આવશે.

લોકડાઉન ૪.૦ની જાહેરાતથી લાગે છે કે બાજી સરકારના હાથમાંથી નીકળી ગઈ છેઃ ધનાણી

ગાંધીનગર

કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં ૩૧ મે સુધી લોકડાઉન જાહેર કર્યું છે, પરંતુ નવા રંગરૂપ વાળું એટલે કે છૂટછાટ વાળું લોકડાઉન-૪ની જાહેરાત કરી છે, ત્યારે રાજ્ય સરકારે પણ નવા લોકડાઉનમાં અનેક રાહતો આપી છે, ત્યારે ગુજરાતની પરિસ્થિતિ વધુ ખરાબ થવામાં પણ રાજ્ય સરકારનો જ વાંક હોય તેવા આક્ષેપો વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ કર્યા હતાં. પરેશ ધાનાણીએ રાજ્ય સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી દ્વારા આ બાબતે જાહેરાત કરી છે, પણ નવા લોકડાઉનને ધોકો મળી ગયો. સરકારની જાહેરાતથી લાગે છે કે સરકારના હાથમાંથી બાજી નીકળી ગઈ છે. જ્યારે અમદાવાદ કોરોનાનું હોટસ્પોટ અને એપીસેન્ટર બન્યું છે, ત્યારે ગુજરાતમાં કોરોનાને લઈને કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ૩૮થી વધુ વખત પત્રો લખવામાં આવ્યા હતા, પરંતુ એક પણ પત્રને ધ્યાનમાં લીધો નથી અને કચરાપેટીમાં નાખી દેવામાં આવ્યા છે.ભાજપ સરકારને કોઈપણ પાસેથી સલાહ લેવામાં નાનપ અનુભવવાને લીધે કોઈપણ પાસેથી સલાહ લીધી નથી. જેને કારણે ગુજરાતમાં પરિસ્થિતિ વધુ બેકાબૂ બની ગઈ છે. જ્યારે રાજ્યમાં કોરોનાની સામે લડવા માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ પુરતા પ્રમાણમાં ડોકટરો અને સાધનો આપવા પડશે.

જ્યારે લોકડાઉનમાં થયેલ નુકસાન બદલ કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક સહાય પેકેજ જાહેર કરવમાં આવ્યું છે. તેના પર વિરોધપક્ષ નેતા પરેશ ધાનાણીએ આક્ષેપ કર્યા હતા કે, ભારત સરકારે જાહેર કરેલું પેકેજ એ પડીકું છે. સામાન્ય માણસને સીધી સહાય ઉપલબ્ધ કરાવવી જોઈએ.

અમદાવાદના પાલડીમાં ભાડા માટે મકાન માલિકની વિદ્યાર્થીનીઓ સાથે દાદાગીરી

અમદાવાદ

કોરોના વાયરસના સંક્રમણ ના કારણે લોકડાઉન જાહેર થતા અનેક લોકો અટવાઈ પડ્યા છે. તેવામાં અમદાવાદ માં પાલડીમાં એક મકાન ભાડે રાખી રહેતી વિદ્યાર્થિનીઓ પર મકાન માલિક ભાડું આપવા માટે દબાણ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે અને મકાન માલિક ભાડું આપવા માટે વિદ્યાર્થીનિઓને રીત સર ધમકાવતા હોવાનો ઓડિયો વાયરલ થયો છે. ત્યારે આ સમગ્ર મામલામાં એનએસયુઆઈ ના આગેવાનો આગળ આવ્યા છે અને પોલીસ કમિશનર ને ઈ મેલ કરી વિદ્યાર્થીનીઓ ને ન્યાય અપાવવા માંગ કરી છે. લોકડાઉન માં જાહેર કર્યું છે ? મારે મારુ ભાડું જોઈએ છે તમારે જે કરવું હોય તે કરો ગવર્મેન્ટ એ જે નિયમો જાહેર કર્યા હોય તે એવું હોય તો ગવર્મેન્ટ પાસે જાઓ,હું મારું મકાન ભાડુ વસુલ કરી ને જ રહીશ,

હું રીટાયર્ડ માણસ છું અને મારું ઘર એના પર ચાલે છે' તેવો સંવાદ મકાન મલિક વિદ્યાર્થિનીઓ સાથે કરી રહ્યા છે. સામે પક્ષે વિદ્યાર્થીનીઓ અંકલ અમે ૧લી એપ્રિલ એ મકાન ખાલી કરી દેવાની વાત કરી હતી અને તમે અન્ય કોઈ ભાડુઆત આવી ગયા છે ૫ એપ્રિલ સુધીમાં મકાન ખાલી કરી દેશો તો ચાલશે. આટલી વાત થયા બાદ અમદાવાદ ની અલગ અલગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ વતન પહોંચી ગઈ. તેઓને પણ ખ્યાલ નહોતો કે લોકડાઉન આટલું લંબાશે. વિધાર્થિની ઓએ પોતાનો સામાન ઓન એ ઘરમાં પેક કરી ને રાખ્યો છે જેથી ઘર બદલી શકાય. પણ તેવામાં પહેલા જનતા કરફ્યુ અને ત્યારબાદ એક એક લોકડાઉન જાહેર થઈ ગયુ. યુવતીઓ વતન થી અમદાવાદ આવી શકી નહીં અને લોકડાઉન ની જેમ તેમનો સામાન પણ એ ઘર માં લોક થઈ ગયો.ત્યારબાદ મકાન માલિક એ ફોન કરી અને વોટ્સએપ કરી મકાનનું સાડા ૧૬ હજાર જેટલું અને બે મહિનાનું ૩૩ હજાર ભાડું માંગી રહ્યા છે.

જેની સામે યુવતીઓ સામાન બધો ઘરમાં લોક હોઈ ૨-૨ હજાર ભાડું આપવાની તૈયારી પણ દર્શાવી.. પણ મકાન માલિક માનવા તૈયાર નથી.. જેને પગલે ધ્રજી, ભવન્સ જેવી અલગ અલગ કોલેજ માં અભ્યાસ કરતી વિદ્યર્થીની ઓ એ કોંગ્રેસ ની વિદ્યાર્થી પાંખ દ્વજીં ના આગેવાનો ને જાણ કરતા સમગ્ર મામલો પ્રકાશ માં આવ્યો છે. અને દ્વજીં ના આગેવાન નારાયણ ભરવાડે પોલીસ અને પોલીસ કમિશનર ને ઈમેઈલ કરી વિદ્યાર્થી નિઓ ને આ મામલામાં વિદ્યાર્થીનીઓ મદદ કરવા માંગ કરી છે.

મોરેટોરિયમ પીરિયડ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવવાની ચાલતી વિચારણા

આરબીઆઈ લોનના હપ્તા ભરવામાંથી ૩ મહિનાની મુક્તિ આપે તેવી શક્યતા

મુંબઇ

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ) લોકડાઉન ૩૧ મે સુધી લંબાવાયા બાદ લોનની ચુકવણી અંગેના મુદ્દતને વધુ ત્રણ મહિના સુધી લંબાવી શકે છે, એમ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઈ)ના સંશોધન અહેવાલમાં જણાવાયું છે. આ અગાઉ, માર્ચમાં રિઝર્વ બેંકે ૧ માર્ચથી ૩૧ મે, ૨૦૨૦ સુધી તમામ ટર્મ લોનની ચુકવણી પર ત્રણ મહિનાના માટે મુક્તિ આપી હતી. એસબીઆઈના સંશોધન અહેવાલ ઇકોરેપ અનુસાર, ૩૧ મે સુધી લોકડાઉન વધવાની સાથે આરબીઆઈ દેવાની ચુકવણીને વધુ ત્રણ મહિના માટે લંબાવે તેવી અપેક્ષા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે લોન વધુ ત્રણ મહિના માટે મુલતવી રાખવા માટે કંપનીઓને ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી ચુકવણી કરવાની જરૂર રહેશે નહીં.

આરબીઆઈ, બેંકો, એનબીએફસી અને એમએફઆઈ સાથે તાજેતરમાં મળેલી બેઠકમાં કંપનીઓ દ્વારા પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને લોન મુલતવી રાખીને ૩ મહિનાનો વધારો કરવાની માંગ કરવામાં આવી હતી. આને ધ્યાનમાં રાખીને, આઈબીઆઈ મુદત અવધિ લંબાવી શકે છે. રેટિંગ એજન્સી આઈસીઆરએના એક અહેવાલ મુજબ, લગભગ ૩૨૮ કંપનીઓએ મોરટોરિયમ અવધિ વધારવાની માંગ કરી છે.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ)એ રવિવારે કોરોના રોગચાળો વધે નહિ તે માટે લોકડાઉન ૩૧ મે સુધી વધારવાની જાહેરાત કરી હતી. ૨૪ માર્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના રોગચાળાને નાથવા ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરી હતી. તે પહેલા ત્રણ મે અને પછી ૧૭ મે સુધી લંબાવવામાં આવ્યું હતું.

કંપનીના શેરમાં ૩૦ ટકાનો ઉછાળો

અમેરિકા કંપનીએ કોરોના વાયરસનું માનવી પરીક્ષણ કર્યું હોવાનો દાવો

વોશિંગ્ટન

કોરોના વાયરસનો પ્રકોપ સમગ્ર વિશ્વમાં જોવા મળી રહ્યો છે. કોરોનાની હજુ સુધી કોઈ રસી કે દવા શોધાઈ નથી. અમેરિકાની કંપનીએ કોરોના વાયરસનું હ્યુમન ટ્રાયલ (માનવી પરીક્ષણ) કર્યુ હોવાનો દાવો કર્યો છે. જે બાદ આ દવા ટૂંક સમયમાં બજારમાં આવશે તેવી આશા છે. આ સમાચાર પછી કંપનીના શેરમાં ૩૦ ટકાનો ઉછાળો થયો છે.

અમેરિકાની ફાર્મા કંપની મૉડર્નાએ કોરોના વેક્સીન બનાવવાની આશા જગાવી છે. કંપનીએ દાવો કર્યો છે કે આ રસીનું કુલ ૪૫ લોકો પર ક્લિનિકલ ટ્રાયલ કે હ્યુમન ટ્રાયલ કરવામાં આવ્યું છે અને તે સફળ રહ્યું છે. અમેરિકાના સિએટલમાં વોલેંટિયર્સે ૮ ગ્રુપ પર આ પરીક્ષણ કર્યુ હતું. જે લોકો પર પરીક્ષણ કરવામાં આવ્યું તેમના શરીરમાં આ વેકસીનથી એન્ટી બોન્ડી બની રહી છે. જે વાયરસ સામે લડવામાં સક્ષમ સાબિત થઈ રહી છે.

કંપનીના કહેવા પ્રમાણે, હ્યુમન ક્લીનિક્લ ટ્રાયલની શરૂઆતના પોઝિટિવ પરિમામ આવ્યા છે અને હવે જુલાઈમાં વેક્સીનના ટ્રાયલનો ત્રીજો તબક્કો શરૂ કરવામાં આવશે. કંપની જાન્યુઆરીથી વેકસીન પર કામ કરી રહી છે અને આ માટે જરૂરી જેનેટિક કોડ હાંસલ કર્યા અને બાદમાં થોડા જ દિવસોમાં વ્યક્તિ પણ ટ્રાયલ કરવાની સફર ઓછા દિવસોમાં પૂરી કરી હતી. જે લોકો પર પરીક્ષણ કરવામાં આવ્યું તેમના સામે આવેલા રિઝલ્ટ પરતી વેકસીનનો ઉપયોગ મનુષ્યો પર કરવા માટે સુરક્ષિત છે તેમ કહી શકાય. કોરોનાની ટ્રાયલ વેક્સીનમાં કેટલીક સાઇટ ઇફેક્ટ જોવા મળી હતી પરંતુ તે વધારે ગંભીર નહોતી.

કેન્દ્રીય આવાસ મંત્રાલયે ગાર્બેજ ફ્રી શહેરોની યાદી બહાર પાડી

રાજકોટ અને સુરતનો કેન્દ્રના ૫ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોની યાદીમાં સમાવેશ

અમદાવાદ, ગાંધીનગર, જામનગર, બગસરા અને તાલાળાને ૩ સ્ટાર રેટિંગ મળ્યું

ન્યુ દિલ્હી

શહેરોમાં થઈ રહેલા કચરાના વ્યવસ્થાપનની બાબતમાં કચરામુક્ત એટલે કે ગાર્બેજ ફ્રી શહેરોની એક યાદી કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મંગળવારે જાહેર કરી છે. આ યાદીમાં ૫ સ્ટાર ૩ સ્ટાર અને ૧ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્દ્રે જાહેર કરેલી યાદીમાં ગુજરાતના રાજકોટ અને સુરત શહેરે સૌથી ટોચ પર એટલે કે ૫ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોની યાદીમાં સ્થાન મેળવ્યું છે. ગુજરાતમાં રાજકોટ અને સુરત બન્ને શહેરો સ્વચ્છતાની બાબતમાં સૌથી આગળ હોવાનું આ યાદી પરથી જણાય છે.

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરીએ ગાર્બેજ ફ્રી સ્ટાર રેટિંગની યાદી જાહેર કરી હતી. આ યાદીમાં દેશના ૫ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોમાં અંબિકાપુર (છત્તિસગઢ), રાજકોટ, સુરત, મૈસુર, ઈન્દોર અને નવી મુંબઈનો સમાવેશ થાય છે.

આ યાદીમાં ૫ સ્ટાર બાદ ૩ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોમાં ગુજરાતના વધુ પાંચ શહેરોને પણ સ્થાન મળ્યું છે. આપણું અમદાવાદ ગાર્બેજ ફ્રી શહેરોની બાબતમાં ૩ સ્ટાર રેટિંગ ધરાવે છે. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, જામનગર, બગસરા અને તાલાળાનો પણ આ યાદીમાં સમાવેશ કરાયો છે. દેશના અન્ય રાજ્યોમાં ૩ સ્ટાર ગાર્બેજ ફ્રી સિટીઝમાં કર્નાલ, નવી દિલ્હી, તિરૂપતિ, વિજયવાડા, ચંદીગઢ, ભિલાઈ નગર વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે ૧ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોમાં ગુજરાતના વડોદરા, ભાવનગર, વિસાવદર, તરસાડી અને વ્યારા શહેરનો સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત આંધ્ર પ્રદેશના જીવીસીએમ વિશાખાપટ્ટનમ, સતેનાપલ્લી, ચિરાલા અને પાલામન્નેરુનો પણ ૧ સ્ટાર ગાર્બેજ ફ્રી શહેરોમાં સમાવેશ કરાયો છે. છત્તિસગઢના કાટઘોરા, બરામકેલા, ચિખલકાસા, બેર્લા અને પાખંજૂરનો આ યાદીમાં સમાવેશ કરાયો છે.

કોરોના સંકટ વચ્ચે શી જિનપિંગનું નિવેદન

ચીન તરફથી તૈયાર કરવામાં આવનારી કોરોના વેક્સિન દુનિયાના લોકો માટે ઉપલબ્ધ થશે

બેઇજિંગ

ચીને દુનિયાને કોરોનાથી રાહત પહોંચાડવા માટે બે મોટા નિર્ણયોની જાહેરાત કરી છે. AFPની રિપોર્ટ પ્રમાણે ચીનનાં રાષ્ટ્રપતિ શી જિપિંગે સોમવારનાં કહ્યું છે કે ચીન તરફથી તૈયાર કરવામાં આવનારી કોરોના વેક્સિન આખી દુનિયાનાં લોકો માટે ઉપલબ્ધ થશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનાં વાર્ષિક સંમેલનને સંબોધિત કરતા શી જિનપિંગે એ પણ કહ્યું કે, કોરોના વાયરસની વિરુદ્ધ લડાઈમાં ચીન ૨ બિલિયન ડૉલર (લગભગ ૧૫૧૩૯ કરોડ રૂપિયા)ની આર્થિક સહાયતા આપશે. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં કોરોનાની વિરુદ્ધ લડાઈમાં આ પૈસા આગામી બે વર્ષ દરમિયાન આપવામાં આવશે.

ચીને એ પણ દાવો કર્યો કે તે કોરોના સંકટને લઈને હંમેશા પારદર્શી રહ્યું છે. શી જિનપિંગે કહ્યું કે, જેવું ચીન કોઈ વેક્સિન તૈયાર કરશે, આ આખી દુનિયા માટે ઉપલબ્ધ કરવામાં આવશે. અમેરિકા, ઑસ્ટ્રેલિયા સહિત દુનિયાનાં અનેક દેશ ચીન પર કોરોનાથી જોડાયેલી જાણકારી છુપાવવાનો આરોપ લગાવતા રહ્યા છે. આ સાથે ચીનની એક લેબથી કોરોનાનાં લીક થવાને લઈને પણ આરોપ સામે આવતા રહ્યા છે. આના કારણે અમેરિકા અને ચીનની વચ્ચે અત્યારે તણાવ વધેલો છે.

વિડીયો મારફતે WHO સંમેલનમાં સામેલ થયેલા શી જિનપિંગે એ પણ કહ્યું કે, "ચીન એ વાતનું સમર્થન કરે છે કે કોરોના સંકટ ખત્મ થયા બાદ કોરોનાની વિરુદ્ધ ગ્લોબલ રિસપોન્સનું મૂલ્યાંકન કરવામાં આવે. યૂરોપિયન યૂનિયનનાં ૨૭ સભ્યો સહિત દુનિયાનાં અનેક દેશોએ કોરોનાને લઈને WHOનાં શરૂઆતનાં રિસપોન્સની તપાસ કરવાની માંગ કરી છે.

વડોદરા તંત્રનું જાહેરનામું- કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ઓડ-ઈવનથી ખુલશે દુકાન

વડોદરા

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારી વચ્ચે આજથી લોકડાઉન ૪.૦ નો અમલ શરુ થઈ ગયો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ગઈકાલે લોકડાઉન ૪.૦ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી. જેને લઈને રાજ્યના મહાનગરોમાં શરતોને આધીન છુટછાટ આપવામાં આવી છે. ત્યારે વડોદરા શહેરમાં લોકડાઉન ૪.૦ માટે કલેકટર, મ્યુનિસિપલ કમિશ્નર અને પોલિસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડ્યું છે. શહેરના ૯૦ વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યા છે.

વડોદરા મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં વડોદરાના ૯૦ વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યા છે. કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ઓડ-ઈવનથી દુકાનો ખુલશે. શહેરમાં સવારે ૮થી સાંજે ચાર વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખી શકાશે. વડોદરા શહેરમાં ગુમાસ્તાધારાના લાયસન્સ નંબરના છેલ્લા આંકના આધારે દુકાનો ખુલશે. લાયસન્સનો છેલ્લો આંક બેકી હશે તો મંગળ, ગુરૂ અને શનિવારના દિવસે દુકાન ખુલશે. અને છેલ્લો આંક બેકી હશે તો સોમ બુધ અને શુક્રવારે દુકાન ખુલી શકશે.

શહેરમાં વેપારીઓએ દુકાનમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની વ્યવસ્થા કરવી. અને શરતોને આધીન તમામ ઉધોગોને મંજુરી આપવામાં આવી છે. જો કે વડોદરા શહેરમાં સિટીબસને મંજૂરી આપવામાં આવી નથી.

વડોદરા શહેરમાં સીટી બસ સાથે આજથી હજુ જી બસ વ્યવાહર પણ શરૂ નહીં થાય. જી બસ શરૂ કરવામા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે જે આજરોજ બપોર સુધીમાં પુરી થાય તેવી શક્યતા છે. જો કે કામગીરી પુરી થયા બાદ આયોજન અંગે અમદાવાદ હેડ ઓફિસ ખાતે કામગીરીની સમીક્ષા મોકલવામાં આવશે. હેડ ઓફિસની મંજૂરી બાદ આવતી કાલથી વડોદરા ડિવિઝનમાં જી બસ વ્યવસ્થા શરૂ કરવામાં આવશે.

વિશાખાપટ્ટનમ્ ગેસ લીકેજ

એલજી પોલિમરને ૫૦ કરોડ જમા કરાવવાના નિર્દેશ પર રોકથી સુપ્રિમની મનાઇ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના એ ચુકાદા પર તત્કાલ અસરથી રોક લગાવવાનો ઈનકાર કરી દીધો છે જેમાં તેમણે એલજી પૉલિમરને વિશાખાપટ્ટનમમાં ગેસ લીકેજથી થયેલા નુકશાન માટે ૫૦ કરોડ રૂપિયા જમા કરાવવાના નિર્દેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ કેસમાં સુનાવણી કરીને એલજી પૉલિમરને કોઈ તાત્કાલિક રાહત નહિ આપીને કેસમાં હસ્તક્ષેત્રનો ઈનકાર કરી દીધો.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(એનજીટી)એ વિશાખાપટ્ટનમ કેમિકલ ફેક્ટરી ગેસ લીકેજની ઘટનામાં ૧૧ લોકોના મોત થયા ગયા હતા અને ગેસના સંપર્કમાં આવવાથી એક હજારથી વધુ લોકો બિમાર પડી ગયા હતા. ઘટનાથી આસપાસના વિસ્તારોમાં અફડાતફડી ફેલાઈ ગઈ હતી અને લોકોને ઘણુ નુકશાન ઉઠાવવુ પડ્યુ હતુ. આ અંગે ૮મેના રોજ કેન્દ્ર, એલજી પૉલિમર ઈન્ડિયા પ્રાઈવેટ, સેન્ટ્રલ પૉલ્યુશન કંટ્રોલ બૉર્ડ અને અન્યને નોટિસ જારી કરી હતી. એનજીટીએ લીકેજની ઘટનાથી થયેલ નુકશાનને જોતા એલજી પૉલિમરને ૫૦ કરોડ રૂપિયાની આરંભિક રકમ જમા કરાવવાના નિર્દેશ આપ્યા છે.

કેસ અંગે એનજીટીએ કહ્યુ હતુ, જીવન, સાર્વજનિક આરોગ્ય અને પર્યાવરણને નુકશાનની સીમા વિશે પ્રથમ દ્રષ્ટિના તથ્યોને જોતા અમે એલજી પૉલિમર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના જિલ્લાધિકારી, વિશાખાપટ્ટનમ સમક્ષ ૫૦ કરોડની આરંભિક રકમ જમા કરાવવાના નિર્દેશ આપીએ છીએ.

કોરોના વચ્ચે દેશમાં કાવાસાકી બીમારીની એન્ટ્રી! ચેન્નઈમાં ૮ વર્ષના બાળકમાં જોવા મળ્યા લક્ષણ

ચેન્નાઇ

દેશમાં કોરોના વાયરસના સંકટની વચ્ચે ચેન્નઈના એક ૮ વર્ષના બાળકમાં કાવાસાકી બીમારીના લક્ષણ જોવા મળ્યા છે. આ બીમારીનો આ દેશમાં પહેલો કેસ છે. જોકે, બાળક ઈમ્યુનોગ્લોબુલિન અને ટોસીલીજુંબૈબ દવા આપતાં તે સ્વસ્થ થઈ ગયું છે. આ બાળક કોરોના સંક્રમિત હતું જેને ગંભીર સ્થિતિમાં ચેન્નઈની કાંચી કામકોટિ ચાઈલ્ડ્સ ટ્રસ્ટ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યું, જ્યાં ડૉક્ટરોની ટીમે તેને તાત્કાલિક આઈસીયૂમાં દાખલ કરી દીધું. તપાસ દરમિયાન બાળકમાં હાઈપર-ઈન્ફ્લેમેટરી સિન્ડ્રોમ અને કાવાસાકી બીમારીના લક્ષણ મળ્યા હતા.

ડૉક્ટર અનુસાર, આ બાળકની શરૂઆતની તપાસમાં સેપ્ટિક શૉકની સાથે ન્યૂમોનિયા, કોવિડ ૧૯, કાવાસાકી રોગના લક્ષણ જોવા મળ્યા હતા.

પ્રારંભિક આંકડાઓ મુજબ, કાવાસાકી બીમારી દરમિયાન બાળકોને થોડાક દિવસો સુધી ખૂબ તાવ રહે છે, સાથોસાથ પેટમાં દુખાવો, ડાયરિયા, આંખો લાલ થવી અને જીભ પર લાલા દાણા થાય છે. આ બાળકોને શરીર પર લાલ ચકામા પડી જાય છે.

બ્રિટનમાં આ બીમારીના અનેક કેસ સામે આવ્યા છે. એપ્રિલ મહિનાના અંતમાં કાવાસાકી બીમારીના કેસોમાં અચાનક વધારો જોવા મળ્યો છે. 'ધસન' મુજબ, ૫ વર્ષથી લઈને ૧૬ વર્ષ સુધીના બાળકો કાવાસાકી નામના સંક્રમક બીમારીનો શિકાર થયા છે. બ્રિટનમાં અત્યાર સુધીમાં ૧૦૦ બાળકો કાવાસાકી બીમારીના શિકાર બની ચૂક્યા છે.

વાંકાનેરમાં ખાનગી શાળાઓ દ્વારા ઉઘરાવાતી ફી અંગે એબીવીપી દ્વારા મામલતદાર ને આવેદન

વાંકાનેરમાં ખાનગી શાળાઓ દ્વારા ઉઘરાવાતી ફી અંગે એબીવીપી દ્વારા મામલતદાર ને આવેદન પાઠવવામાં આવ્યું હતું. એબીવીપી વાંકાનેર દ્વારા કોરોનાના કપરા સમયમાં લોકડાઉન ચાલે છે ત્યારે પણ અમુક ખાનગી શાળાઓ દ્વારા વિધાર્થીઓ તેમજ વાલીઓને ફોન અને મેસેજ કરી ફી તથા ઓનલાઈન ફી માંગવામાં આવે છે તેવું જાણમાં આવતાં આ બાબતે તપાસ કરી આવી શાળાઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરાઇ છે.

લોકડાઉન ૪.૦ છૂટછાટ મળતા જ પાટણમાં ખુલી દુકાનો

દેશની સાથે કોરોનાના ભરડાં ફસાયેલા ગુજરાતમાં પણ લોકડાઉનમાં નિયંત્રણ હળવા કરાયા છે. રાજ્યમાં નિયંત્રણ હળવા કરાતાં તેની અસર પાટણ શહેરમાં પણ જોવા મળી હતી. સવારથી જ માર્કેટો ખુલ્લી ગયા હતા. ઓટો ગેરેજ પણ ધમધમતા થઈ ગયા હતા. તિરૂપતિ માર્કેટ કોમ્પ્લેક્સ હોવા છતાં ખુલ્લું રહ્યું હતું. શહેરના હાર્દ એવા બગવાડા દરવાજા ખાતે લોકોની અવરજવર જોવા મળી હતી. જો કે પાન પાર્લર વાળાએ આજે સ્વંયભૂ બંધ રાખવા નિર્ણય કર્યો છે.

મમતા-ઉદ્ધવ સહિત ૧૫ પાર્ટીઓના નેતા થશે સામેલ

કોરોના સંકટઃ વિપક્ષના નેતાઓની શુક્રવારે બેઠક મળશે

ન્યુ દિલ્હી

કોરોના સંકટ પર વિપક્ષના નેતાઓની એક મોટી બેઠક શુક્રવારે બપોરે ૩ કલાકે યોજાશે. આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, ડીએમકે નેતા એમકે સ્ટાલિન સહિત ઘણા નેતાઓ વીડિયો કોન્ફરન્સથી જોડાશે. જાણવા મળી રહ્યું છે કે આ બેઠકમાં ૧૫ રાજકીય પાર્ટીના નેતા ભાગ લેશે.

પરંતુ હજુ સુધી તે સ્પષ્ટ નથી કે આ બેઠકમાં કોંગ્રેસ તરફથી કોઈ પ્રતિનિધિ ભાગ લેશે કે નહીં. માનવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં કોરોના અને લૉકડાઉનને લઈને મોદી સરકાર તરફથી ભરવામાં આવેલા પગલાઓ પર વાત થશે અને સરકાર તરફથી રાજ્યોની સાથે કરવામાં આવી રહેલાં વર્તન પર ચર્ચા થશે. થોડા દિવસ પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે બેઠકમાં સીએમ મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર પર ભેદભાવનો આરોપ લગાવતા કહ્યું હતું કે, આવા સમયમાં કેન્દ્રએ રાજનીતિ ન કરવી જોઈએ. તેમણે કહ્યું કે, કોરોના વિરુદ્ધ લડાઈમાં રાજ્યો સારૂ કામ કરી રહ્યાં છે. કેન્દ્રએ સમજવુ જોઈએ કે બંગાળમાં આંતરરાષ્ટ્રીય સરહદ લાગે છે. આ પહેલાં ૨૬ એપ્રિલે સીએમ ઉદ્ધવ ઠાકરેએ કેન્દ્ર પર નિશાન સાધતા કહ્યુ હતુ કે, અમે કેન્દ્ર પાસે દાળ માગી, કારણ કે અમે અમાર રાજ્યમાં ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લોકોને અનાજ આપીએ છીએ, પરંતુ અમારી પાસે માત્ર ચોખા છે. તેથી અમે દાળ અને ઘઉંની માગ કરી છે જે અમને અત્યાર સુધી મળ્યા નથી. મને લાગે છે કે દાળમાં કંઈક કાળુ છે પરંતુ દાળ તો આવવા દો.

મુંબઈના બાંદ્રા રેલવે સ્ટેશન પર હજારોની સંખ્યા મજુરો એકઠા થયા, પોલીસનો લાઠીચાર્જ

બાંદ્રા

મુંબઈના બાંદ્રા સ્ટેશન પર હજારો પ્રવાસી મજૂરો એકઠા થઈ ગયા છે. આજે બાંદ્રા સ્ટેશનથી બિહાર માટે શ્રમિક સ્પેશિયલ ટ્રેન રવાના થવાની છે. આ ટ્રેનમાં યાત્રા માટે ૧૦૦૦ મજૂરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, પરંતુ સ્ટેશન પર હજારોની સંખ્યામાં લોકો પહોંચી ગયા છે.

બાંદ્રા સ્ટેશન બહાર અફરા-તફરીનો માહોલ છે અને પોલીસ લોકોને ઘરે જવાની અપીલ કરી રહી છે. પોતાનો સામાન લઈને મહિલાઓ અને બાળકોની સાથે મોટી સંખ્યામાં મજૂરો એકઠા થયા છે. જોકે આ મામલે એક્શન લેતા પોલીસ તમામ મજૂરોને ઘરે મોકલવાની કાર્યવાહી કરી રહી છે. સાથે જ મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત કરાઇ છે.

આખી ઘટના એવી છે કે બાંદ્રા સ્ટેશનથી બિહાર માટે શ્રમિક સ્પેશિયલ ટ્રેન રવાના થવાની હતી. તેના માટે રજિસ્ટ્રેશન કરાવનારા મજૂરોને મુંબઈ પોલીસ તરફથી કૉલ કરવામાં આવ્યો, પરંતુ સવારે ૧૦ વાગ્યે જ મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા. ત્યારબાદ પોલીસે લાઠીચાર્જ કરતા ભીડને હટાવી. જોકે થોડીવાર પછી હજારોની સંખ્યામાં મજૂરો એકઠા થઈ ગયા.

આ પહેલા ૧૪ એપ્રિલે મુંબઈના બાંદ્રા રેલવે સ્ટેશન પર પ્રવાસી મજૂરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. એ સમયે મુંબઈના બાંદ્રામાં એકઠી થયેલા લોકોને લઈને ૩ એફઆઈઆર નોંધવામાં આવી હતી. પહેલી એફઆઈઆરમાં અપીલ કરવા છતા નહીં હટવાના આરોપમાં ૧૦૦૦ મજૂરોની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે વિનય દુબે નામના એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

વડોદરામાં શ્રમિકોને લઈ જતી બસમાં લાગી આગ, મોટી જાનહાની ટળી

વડોદરા

વડોદરાના ખોડિયાર નગર પાસે શ્રમિકોને લઈ જતી બસમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. બસમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગવાની સાથે જ બસમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા હતા. જો કે, બસમાં આગ લાગવાની સાથે જ શ્રમિકો બસની બહાર નીકળી જતા મોટી જાનહાની ટળી હતી.

કોરોના વાયરસને લઈને ગુજરાતભરમાં લોકડાઉન યથાવત રાખવામાં આવ્યું છે. લોકડાઉનને લઈને રાજ્યભરમાંથી પરપ્રાંતિઓ પોતાના વતન જવા સરકારને આજીજી કરી રહ્યાં છે. ત્યારે સરકાર દ્વારા તેમને પોતાના વતન મોકલવાની સગવળ પણ કરવામાં આવી રહી છે. આ વચ્ચે વડોદરાના ખોડીયાર નગર પાસે સિટી બસમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ત્યારે વડોદરા સીટ બસ મારફતે શ્રમિકોને સમાથી સયાજીપુરા લઈ જવામાં આવી રહ્યાં હતો. તે દરમિયાન બસમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. બસમાં આગ લાગવાની સાથે આકાશમાં ધુમાડાના ગોટે ગોટા નીકળતા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા.

અમેરિકામાં ૧૫.૫૦ લાખ કેસ નોંધાયા, જેમાં ૯૧ હજાર ૯૮૧ લોકોના મોત

કોરોના સંક્રમણની દ્રષ્ટિએ રશિયા બીજા સ્થાનેઃ દ.સુદાનના ઉપરાષ્ટ્રપતિ અને પત્નીનો રિપોર્ટ પોઝિટિવ

ન્યૂયોર્ક

વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૪૮.૯૧ લાખ કેસ નોંધાયા છે, ૩.૨૦ લાખ લોકોના મોત થયા છે. ૧૯ લાખ ૭ હજાર ૪૨૨ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૫.૫૦ લાખ કેસ નોંધાયા છે. જેમાં ૯૧ હજાર ૯૮૧ લોકોના મોત થયા છે. અમેરિકાનું ન્યૂયોર્ક સૌથી વધારે પ્રભાવિત છે. અહીં ૩.૫૧ લાખ કેસ નોંધાયા છે અને ૨૮ હજાર ૩૩૯ લોકોના મોત થયા છે. રશિયા સંક્રમિત લોકોની બાબતમાં બીજા નંબરે આવી ગયું છે. જેમાં ૨ લાખ ૯૦ હજાર ૬૭૮ કેસ નોંધાય છે અને ૨૭૨૨ લોકોના મોત થયા છે.

દક્ષિણ સુદાનના ઉપરાષ્ટ્રપતિ અને તેની પત્નીનો રિપોર્ટ પોઝિટિવ

દક્ષિણ સુદાનના ઉપરાષ્ટ્રપતિ રીક માશર અને તેમની પત્ની એંજેલીના ટેનીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એન્જેલિના દેશની રક્ષા મંત્રી છે. તેમના બોડીગાર્ડ અને સ્ટાફના અમુક લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. અહીં ૨૩૬ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જ્યારે ચાર લોકોના મોત થયા છે.

ટ્રમ્પે WHO અંગે નિવેદન આપવાનો ઈકાર કર્યો

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંસ્થા વિશે હાલ કોઈ નિવેદન આપવાનો ઈકાર કરી દીધો છે. ટ્રમ્પે કહ્યું કે આજે મેં કોઈ નિવેદન ન આપવાનો નિર્ણય કર્યો છે.આગામી સમયમાં નિવેદન આપીશ. હું વિશ્વ આરોગ્ય સંસ્થાથી ખુશ નથી. હું વિશ્વ વેપાર સંગઠનથી પણ ખુશ નથી. તેમણે કહ્યું કે ડબલ્યુએચઓને અમેરિકા તરફથી આપવામાં આવતી ૪૫ કરોડ ડોલરની રકમમાંથી ચાર કરોડ કરોડનો ઘટાડો કરાયો છે.

ચીનમાં ત્રણ નવા કેસ નોંધાયા

ચીનમાં કોરોના વાઈરસના ત્રણ નવા કેસ નોંધાયા છે. ત્રણેય કેસ વિદેશથી આવેલા લોકો સાથે જોડાયેલા છે. આ સાથે જ વિદેશમાંથી આવેલા દર્દીઓની સંખ્યા ૧૭૦૭ થઈ ગઈ છે.

લોકડાઉન ૪.૦: અમુક એરલાઈન કંપનીઓએ જૂનથી ફ્લાઈટ બુકિંગ શરૂ કરી

ન્યુ દિલ્હી

લોકડાઉન ૪.૦ની જાહેરાત હેઠળ હવે દેશભરમાં લોકડાઉનની મર્યાદા ૩૧ મે સુધી વધારવામાં આવી છે. તેથી કોમર્શિયલ ફ્લાઈટ્સની સેવાઓ મોકૂફ રાખવા વચ્ચે હવે અમુક એરલાઈન કંપનીઓએ જૂનથી ફ્લાઈટ બુકિંગ શરૂ કરી છે. એમ મુદ્દા સાથે સંકળાયેલ સૂત્રોએ માહિતી આપી છે.

ઉલ્લેખનીય છે કે કોવિડ-૧૯ના કારણે ચાલુ દેશવ્યાપી લોકડાઉન દરમિયાન ૨૫ માર્ચથી મુલતવી બધી ઘરેલુ અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ હાલ ૩૧ મે સુધી બંધ રહેશે અને અત્યાર સુધી વિમાન સેવા શરૂ કરવા અંગે સરકાર તરફથી પણ કોઈ દિશાનિર્દેશ બહાર પાડવામાં આવ્યા નથી. પરંતુ એક સૂત્રે જણાવ્યું કે અમુક ઘરેલુ એરલાઈન કંપનીઓ જૂનથી પોતાની ફ્લાઈટ બુકિંગ શરૂ કરી છે.

જ્યારે અન્ય એક સૂત્રે જણાવ્યું કે સ્પાઈસજેટ એરલાઈન કંપનીએ ૧૫ જૂનથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે બુકિંગ શરૂ કરી છે. જ્યારે ઈન્ડિગો અને વિસ્તારાએ પણ ડોમેસ્ટિક ફ્લાઈટ માટે બુકિંગ શરૂ કરી છે. એમ સૂત્રોએ જણાવ્યું છે. જો કે, ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે ટિકિટ બુકિંગ પ્રક્રિયાને લઈ ત્યાર સુધી સ્પાઈસજેટ, ઈન્ડિગો, વિસ્તારા અને ગોએર તરફથી કોઈ આધિકારિક જાહેરાત કરવામાં આવી નથી.

ઈરાકમાં અમેરિકાના દૂતાવાસની પાસે રોકેટ હુમલો

બગદાદ

ઈરાકના પાટનગરના હાઈ સિક્યોરિટી ઝોનમાં રોકેટ હુમલો કરવામાં આવ્યો છે. અટકળો લાગી રહી છે કે અમેરિકાના દૂતાવાસને નિશાનો બનાવીને લોન્ચ કરાયો છે. ગયા વર્ષે ઈરાનના કમાન્ડર કાસિમ સુલેમાનીની એર સ્ટ્રાઈકમાં હત્યા બાદ બદલાની કાર્યવાહી કરતા ઈરાકમાં અમેરિકાના દૂતાવાસને નિશાનો બનાવીને સતત રોકેટ હુમલા કરવામાં આવી રહ્યા છે.

સુરક્ષા સૂત્રોના જણાવ્યા મુજબ, બગદાદમાં અમેરિકાના દૂતાવાસની નજીક રોકેટ હુમલો થયો છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં પહેલી વખત હાઈ-સિક્યોરિટી વિસ્તારમાં રોકેટ હુમલો કરવામાં આવ્યો છે. જાન-માલના નુકસાન થયા હોવાના કોઈ એહવાલ પ્રાપ્ત થયા નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ગયા મહિને ધમકી આપી હતી કે જો તેમના સૈનિકો પર કોઈપણ પ્રકારના હુમલા થયા તો તેહરાન અને તેના સહયોગીઓને ભારે કિંમત ચૂકવવી પડશે.

ભારતી એરટેલને Q4માં ૫૨૩૭ કરોડની ખોટ, શેર ૯% અપ

ન્યુ દિલ્હી

સુપ્રિમ કોર્ટે લાદેલ એજીઆર પેનલ્ટીના કારણે ભારતની ટોચની ટેલિકોમ કંપની ભારતી એરટેલને ચોથા ત્રિમાસિકગગાળામાં રૂ. ૫૨૩૭ કરોડની ખોટ નોંધાવી છે. સમગ્ર નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના ચાર ક્વાર્ટરમાં કંપનીએ કંપનીએ નુકશાન વેઠવું પડ્યું છે. રૂ. ૭૦૦૪ કરોડના એજીઆર પેમેન્ટને પગલે જાન્યુ.૨૦૧૯-માર્ચ ત્રિમાસિકગાળામાં ભારતી એરટેલને કુલ રૂ. ૫૨૩૭ કરોડની ખોટ થઈ છે. માર્ચ, ૨૦૨૦ના ક્વાર્ટરમાં કંપનીને રૂ. ૧૦૭ કરોડનો નફો થયો હતો. દેશની ત્રીજા ક્રમાંકની ટેલિકોમ ઓપરેટરે ડિસેમ્બરમાં ટેરિફ વધારાને કારણે તેની આવક ૧૫%ની વૃદ્ધિ સાથે રૂ. ૨૩,૭૨૨ કરોડ થઈ છે. ડિસેમ્બરમાં કંપનીએ બધા પ્લાનમાં ૪૦% જેટલો વધારો કર્યો હતો અને પ્રિપેઈડ વપરાશકર્તાઓ માટે લઘુત્તમ માસિક રિચાર્જ વધારીને ?૪૫ કર્યું હતું. કંપનીની તાજેતરની ટેરિફ કાર્યવાહીથી ફાયદો થતાં તેની ભારતની મોબાઈલ આવક ૨૨% વધીને, ૧૨,૯૫૩ કરોડ થઈ છે, તેમ ભારતી એરટેલે જણાવ્યું હતું. કંપનીના મુખ્ય વ્યવસાયનો એબીટા ૨૬.૫ કરોડ રહ્યો છે,જે અગાઉ સૌથી મોટી ચિંતાનો વિષય હતો કે કંપની મુખ્ય કારોબારની દ્રષ્ટિએ નુકશાન વેઠે છે પરંતુ, હવે ભારતી એરટેલ ફરી બેઠી થઈ રહી છે.



બેંગાલુરુમાં, કોરોનાવાયરસ સામેની લડતમાં કોરોના વોરિયર્સને શ્રદ્ધાંજલિ આપવા માટે યોજાયેલા સન્માન સમારંભ દરમિયાન આશા વર્કરોએ ગુલાબી છત્રીઓ રાખી હતી.

પાકિસ્તાનને મોટો ઝટકોઃ તાલિબાને કાશ્મીરને ભારતનો આંતરિક મુદ્દો ગણાવ્યો

ન્યુ દિલ્હી

ભારતને કાશ્મીરના મુદ્દા પર તાલિબાનની તરફથી મોટી કૂટનીતિક જીત મળી છે. તાલિબાને રોજ કાશ્મીરને ભારતનો આંતરિક મુદ્દો ગણાવ્યો છે. તાલિબાને સોશિયલ મીડિયા પર કરવામાં આવેલા એ દાવાને પણ નકારી દીધો છે કે તેઓ કાશ્મીરમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદમાં સામેલ થઈ શકે છે. તાલિબાને સ્પષ્ટ કહક્યું કે તેઓ બીજા દેશોના આંતરિક મુદ્દાઓમાં દખલ કરતાં નથી.

તાલિબાનની રાજકીય શાખા ઈસ્લામિક અમીરાત ઓફ અફઘાનિસ્તાના પ્રવકતા સુહૈલ શાહીને ટ્વીટ કરીને કહ્યું કે તાલિબાનના કાશ્મીરના જેહાદમાં સામેલ થવાને લઈ મીડિયામાં પ્રકાશિત સમાચાર ખોટા છે૫.ઈસ્લામિક અમીરાતની નીતિ સ્પષ્ટ છે કે તેઓ બીજા દેશોના આંતરિક મુદ્દામાં હસ્તક્ષેપ કરતાં નથી.

સોશિયલ મીડિયા પર એવી તમામ પોસ્ટ જોવા મળી રહી હતી તેમાં દાવો કર્યો હતો કે તાલિબાનના પ્રવકતા જબીહુલ્લાહ મુજૈદે કહ્યું કે ભારતની સાથે દોસ્તી અશકય છે જ્યાં સુધી કાશ્મીરનો મુદ્દો ઉકેલાઈ ના જાય. પોસ્ટમાં એમ પણ કહ્યું હતું કે તાલિબાનના પ્રવકતા કાબુલામાં સત્તા પ્રાપ્ત કર્યા બાદ કાશ્મીરને પણ છીનવી લેશે.

સૂત્રોના મતે સોશિયલ મીડિયા પર આ રિપોર્ટસની સચ્ચાઈ જાણવા માટે જ્યારે ભારતે તાલિબાનનો સંપર્ક કર્યો તો તેમણે આ સ્પષ્ટીકરણ રજૂ કર્યું. ભારતને કહ્યું કે સોશિયલ મીડિયા પર કરાયેલા દાવા નકલી છે અને તાલિબાનના પક્ષને દેખાડતા નથી.

સોશિયલ મીડિયા પર એવી તમામ પોસ્ટ જોવા મળી રહી હતી જેમાં દાવો કર્યો હતો કે તાલિબાનના પ્રવકતા જબીહુલ્લાહ મુજૈદે કહ્યું છે કે ભારતની સાથે દોસ્તી ત્યાં સુધી અશકય છે જ્યાં સુધી કાશ્મીર મુદ્દો ઉકેલાતો નથી. પોસ્ટમાં એ પણ દાવો કરાઈ રહ્યો હતો કે તાલિબાનના પ્રવકતા કાબુલમાં સત્તા પ્રાપ્ત કર્યા બાદ કાશ્મીરને પણ છીનવી લેશે.

સુપ્રીમે મનાઈ ફરમાવ્યા બાદ સરકારને પીછેહટ કરવી પડી

લોકડાઉનમાં કર્મચારીઓને વેતન ચાલુ રાખવાનો આદેશ સરકારે પાછો ખેંચ્યો

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાવાયરસ ને પગલે તાળાબંધી દરમિયાન કામ ધંધા રોજગાર બધં પડી જવાથી કંપનીઓને મોદી સરકારે તાળાબંધી દરમિયાન પણ કર્મચારીઓને વેતન આપવાનું ચાલુ જ રાખવાનો આદેશ કર્યો હતો પરંતુ હવે કેન્દ્ર સરકારે આ આદેશ પાછો ખેંચી લીધો છે. સુપ્રીમે મનાઈ ફરમાવ્યા બાદ સરકારને પીછે હટ કરવી પડી હતી.

હવે ૧૭મી મેના રોજ અપાયેલા નવા દિશાનિર્દેશો માં કેન્દ્ર સરકારે આ વાતનો ઉલ્લેખ કર્યો નથી અને પોતાનો આદેશ પાછો ખેંચી લીધો છે. હવે દેશની કંપનીઓ તાળાબંધી દરમિયાન પણ પોતાના કર્મચારીઓને વેતન આપવા માટે બંધાયેલી રહેતી નથી અને આ નિયમ માંથી તેને મુકિત મળે છે.

ગત ૨૯મી માર્ચના રોજ કેન્દ્રીય ગૃહ સચિવ દ્વારા લોક ડાઉન ના દિશાનિર્દેશ જારી કરવામાં આવ્યા હતા અને તેમાં એવો ઉલ્લેખ હતો કે તાળાબંધી દરમિયાન પણ કંપનીઓએ કર્મચારીઓને વેતન આપવાનું ચાલુ જ રાખવું પડશે.

હવે દેશમાં તાળાબંધી નો ચોથો તબક્કો શ થયો છે પરંતુ તેમાં ગઈકાલે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા અને ત્યાર બાદ રાય સરકારો દ્વારા નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી અને તેમાં કર્મચારીઓને વેતન ફરજિયાત આપતા રહેવાનો આદેશ પાછો ખેંચવામાં આવતા કંપનીઓને મોટી રાહત મળી છે.

કંપની આ વર્ષે તેના કેટલાક નોન-કોર પ્રોજેક્ટ્સમાં પણ રોકાણ ઘટાડશે

ટેક્સી સર્વિસ આપતી ઉબેર વધુ ૩૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢશે

ન્યુ દિલ્હી

એપ્લિકેશન આધારિત કેબ સેવાઓ આપતી કંપની ઉબેરે કોરોના સંકટને પહોંચી વળવા વધુ ૩૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય લીધો છે. આ માહિતી આપતાં ઉબેર સીઈઓ દારા ખોસરોશાહીએ જણાવ્યું હતું કે કર્મચારીઓને નોકરીથી દૂર કરવાનો આ નિર્ણય ખૂબ મુશ્કેલ છે. તેમણે કહ્યું હતું કે કંપની તેના કેટલાક નોન-કોર પ્રોજેક્ટ્સમાં પણ રોકાણ ઘટાડશે. મેની શરૂઆતમાં ઉબેરે ૩૭૦૦ કર્મચારીઓને છૂટા કરી દીધા હતા. આ સાથે, કંપનીએ સ્ટાફમાં અત્યાર સુધીમાં ૨૫%નો ઘટાડો કર્યો છે. આ ઉપરાંત કંપનીએ વૈશ્વિક સ્તરે ૪૫ ઓફિસો બંધ કરી દીધી છે. તેમાં સાન ફ્રાન્સિસ્કોની પિયર ૭૦ ઓફિસનો પણ સમાવેશ છે. આ ઓફિસ પર સેલ્ફ-ડ્રાઈવિંગ કાર સહિતના વિવિધ પ્રાયોગિક પ્રોજેક્ટ્સની જવાબદાર હતી. કંપની આગામી ૧૨ મહિનામાં એશિયા પેસિફિકનું મુખ્ય મથક સિંગાપોરથી અન્યત્ર સ્થાનાંતરિત કરશે. એશિયા પેસિફિકનું મુખ્ય મથક એવા બજારમાં હશે જ્યાં કંપની સેવા આપે છે.

જંગ-એ-ગુજરાત

વસ્તી પર કોરોનાના ૬૦ દર્દી છે.

દરમ્યાન, કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ તમામ રાજ્યોના સચિવને પત્ર લખ્યો છે. જેમાં પ્રવાસી શ્રમિકોને સંકટને ઓછું કરવા માટે ઘણા સૂચનો આપવામાં આવ્યા છે. જેમાં રાજ્યો અને રેલવેના સમન્વયથી વધારે સ્પેશ્યલ ટ્રેન ચલાવવાની વાત કહેવામાં આવી છે.

હરિયાણા સરકાર એક રાજ્યથી બીજા રાજ્યો વચ્ચે બસ સેવા ચાલુ કરવા માગે છે. એ અંગે તેના યુપી, એમપી, રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી અને ચંદીગઢ સરકારને પત્ર લખ્યો છે.

મહારાષ્ટ્ર પોલીસના ૫૫ જવાન છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમિત મળ્યા છે. રાજ્યમાં અત્યાર સુધી પોલીસના ૧૩૨૮ જવાન સંક્રમિત થયા છે.

જો કોરોનાથી મૃત્યુ પામેલાની ની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમા કુલ ૧૧૯૮ લોકોના મોત થયા છે, ગુજરાતમાં ૬૫૯ લોકોના મોત થયા છે, તમિલનાડુમાં ૭૮ લોકોના મોત થયા છે, દિલ્હીમાં ૧૬૦ લોકોના મોત થયાં છે, રાજસ્થાનમાં ૧૩૧ લોકોના મોત થયાં છે અને મધ્ય પ્રદેશમાં અત્યાર સુધીમા ૨૪૮ લોકોના મોત થયા છે.

બિહારના ભાગલપુર પહેલા પાનાથી ચાલુ

મળતાં સ્થાનિક પોલીસ સ્ટેશ સહિત કેટલાંક વિસ્તારોની પોલીસ ઘટનાસ્થળે પહોંચી છે, ત્યાર બાદ રોડ પર પડેલા લોહીવાળા લોખંડના પાઈપોને હટાવાની કામગીરી હાથ ધરવામાં આવી.

પ્રાપ્ત મળતી જાણકારી મુજબ બસ પ્રવાસી શ્રમિકોને લઈને દરભંગાથી જઈ રહી હતી. આ દૂર્ઘટનામાં બસમાં સવાર ૪ મુસાફરો પણ ઈજાગ્રસ્ત થયા છે.

વાવાઝોડુ અમ્ફાન પહેલા પાનાથી ચાલુ

રાહતોમાં કોવિડ-૧૯ ની સલામતી તરફ ધ્યાન આપી રહ્યા છીએ. પ્રધાને કહ્યું, ×અમે બેવડા પડકારને આગળ ધપાવીએ છીએ. અમારી પાસે ૪૧ ટીમો તૈનાત છે, જેમાંથી સાત ટીમોને અનામત રાખવામાં આવી છે. આ ટીમો છ જિલ્લાઓમાં તૈનાત છે. જ્યાં પણ આ તોફાન વધુ વિનાશ લાવી શકે છે, તે જગ્યાઓ પરંતુ ટીમો મૂકવામાં આવી છે. એસ.એન.પ્રધાને કહ્યું, 'આ સિવાય જો વાવાઝોડ વધુ ખતરનાક પરિસ્થિતિમાં પહોંચે તો તેના માટેની તૈયારીઓ પણ પૂર્ણ કરી લેવામાં આવી છે. એનડીઆરએફની ઘણી ટીમો સ્ટેન્ડબાય પર મૂકવામાં આવી છે. આ ટીમો બનારસ, પુણે, ચેન્નાઈ અને પટનામાં છે. આ ટીમો તે છે જ્યાં એરપોર્ટ અથવા એર ફોર્સ સ્ટેશન છે. જો જરૂર પડે તો ટીમોને એરફોર્સના વિમાન દ્વારા તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં લાવવામાં આવશે. હવામાન વિભાગના વડા, મૃત્યુંજય મહાપત્રાએ કહ્યું છે કે, અમફન ચક્રવાત ૧૯૯૯ પછી બંગાળની ખાડીમાં બીજો સુપર ચક્રવાત છે. તેની પવનની ગતિ પ્રતિ કલાક ૨૦૦ થી ૨૪૦ કિલોમીટર છે અને તે ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી પશ્ચિમ બંગાળની વાત છે ત્યાં સુધી ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા અને પૂર્વ મિદનાપુર જિલ્લા ચક્રવાતની અસરથી પ્રભાવિત થઈ શકે છે. કોલકાતા, હુગલી. હાવડા અને પશ્ચિમ મિદનાપુર વિસ્તારોમાં પવનની ગતિ ઘણી વધારે હોઈ શકે છે. એક પ્રશ્નના જવાબમાં હવામાન ખાતાના વડા, મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ચક્રવાતની અસર ચોમાસા પર પણ પડી શકે છે. અગાઉ ચોમાસાની અપેક્ષા ૧ જૂન સુધીમાં થવાની હતી, પરંતુ હવે આ પછી થોડા દિવસો મોડુ થઈ શકે છે. હવે ચોમાસું પાંચ સુધી પહોંચવાની ધારણા છે. સુપર ચક્રવાત 'અમ્ફાન' ને જોતા દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા લોકોને શેલ્ટર હોમ્સ પરિવહન કરવામાં આવી રહ્યું છે. પરંતુ કોરોના યુગમાં, વહીવટ માટે આ કાર્ય વધુ પડકારજનક બન્યું છે. ઘણા પરિવારોને ઓડિશાના જગતસિંગપુરમાં આશ્રય ઘરોમાં ખસેડવામાં આવ્યા છે, પરંતુ અહીં સામાજિક અંતર જાળવવું એક મોટો પડકાર છે.

કાશ્મીરમાં હુરિયત પહેલા પાનાથી ચાલુ

સૈયદ અલી શાહ ગિલાનીની જગ્યાએ તહરીક-એ-હુર્રિયતનાં ચેરપર્સન બનાવવામાં આવ્યા હતા. શુક્રવારની નમાઝ બાદ જુનૈદ ગુમ થઈ ગયો હતો અને તેણે હથિયાર ઉઠાવી લીધા હતા. કહેવામાં આવી રહ્યું છે કે હિઝબુલે જુનૈદને ડેપ્યૂટી ચીફ કમાન્ડર બનાવ્યો હતો.

સુરક્ષાદળોએ આતંકવાદીઓનાં ઈનપુટ મળ્યા બાદ ઑપરેશનની શરૂઆત કરી. સોમવાર મોડી રાત્રે જ નવકડલ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો અને સર્ચ ઑપરેશન શરૂ કરી દેવામાં આવ્યું. ખુદને ઘેરાયેલા જોઈને આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતુ. ત્યારબાદ આખી રાત ફાયરિંગ થતુ રહ્યું. સવારે થોડીકવાર માટે ફાયરિંગ રોકાયું હતુ. આ દરમિયાન સર્ચ ઑપરેશન શરૂ કરવામાં આવ્યું, ત્યારે આતંકવાદીઓએ એકવાર ફરી સુરક્ષાદળો પર ફાયરિંગ શરૂ કરી દીધું. આ દરમિયાન જવાન ઘાયલ થયા, જેમને હૉસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન એક જવાન શહીદ થઈ ગયો, જ્યારે ૪ની હાલત ગંભીર છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા પહેલા પાનાથી ચાલુ

વાયરસ એક વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે, પરંતુ આ બાબત પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહીં અને દુનિયાને પણ તેની ગંભીરતા વિશે ચેતાવણી આપવામાં ન આવી. આ સાથે જ કોઈ પણ દેશે આ પ્રકારની બીમારી વિશે ૨૪ કલાકની અંદર રિપોર્ટ કરવાનું હોય છે પરંતુ ચીને તેમાં પણ બેદરકારી દાખવી હતી.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પર શાબ્દિક પ્રહારો કરતા પત્રમાં કેટલાક જૂના નિવેદનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કોરોના વાયરસ એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં નથી ફેલાતો. ડોનાલ્ડ ટ્રમ્પે પત્રમાં લખ્યુ, વિશ્વ આરોગ્ય સંસ્થા આગામી ત્રીસ દિવસમાં કડક પગલાં લે, નહીં તો અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે તેઓ પોતાના દેશના લોકોના ટેક્ષના પૈસા ફન્ડિંગના નામે બરબાદ કરી શકશે નહીં.

કોરોના વચ્ચે પહેલા પાનાથી ચાલુ

સપા નેતા છોટેલાલ યાદવ વિધાનસભા ચૂંટણીમાં પણ ઉમેદવાર રહ્યા છે. પત્ની અત્યારે સરપંચ છે. આ ઘટના બાદ વિસ્તારની રાજનીતિમાં હાહાકાર મચી ગયો છે. સપા નેતાનાં પરિવારે પોલીસ પર લાપરવાહીનો આરોપ લગાવ્યો છે. પરિવારનો આરોપ છે કે પોલીસને સૂચના આપવામાં આવી, પરંતુ ઘટનાસ્થળે પોલીસ મોડી પહોંચી. અત્યારે ગામમાં તણાવપૂર્ણ માહોલ જોતા પોલીસ ગોઠવવામાં આવી છે.

સમાજવાદી પાર્ટીએ આ ઘટના પર સખ્ત પ્રતિક્રિયા આપી છે. પાર્ટીએ ટ્વીટ કરીને કહ્યું કે, 'હત્યારી સરકાર! બીજેપીનાં સત્તા સંરક્ષિત ગુંડા કરી રહ્યા છે જનતાની અવાજ ઉઠાવનારાઓ પર પ્રહાર! સંભલનાં દલિત નેતા તેમજ ચંદૌસીથી પૂર્વ સપા વિધાનસભાનાં ઉમેદવાર શ્રી છોટે લાલ દિવાકર સહિત તેમના પુત્રની હત્યા દુઃખદ! પરિવાર પ્રત્યે સંવેદના! હત્યારાઓની ધરપકડ કરીને થાય ન્યાય!'

રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરના જાહેરનામાં પ્રમાણે શહેરમાં ઓડ-ઈવન મુજબ ખુલશે દુકાનો

રાજકોટ

ગુજરાતમાં આજથી લોકડાઉન ૪.૦ની નવી ગાઈડલાઈન અનુસાર વેપાર ધંધા શરૂ થવા દઈ રહ્યા છે. ૧૮મેના રોજ મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે, રાજયમાં કન્ટેઈનમેન્ટ સિવાયના ઝોનમાં સવારના ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી વેપાર ધંધામાં છૂટ આપવામાં આવશે. હવે આ જ અનુક્રમમાં રાજકટો મ્યુનિસિપિલ કમિશ્નરે જાહેરન નામું બહાર પાડ્યું છે. હવે રાજકોટમાં તમામ દુકાનો રોજ ખોલી નહીં શકાય પરંતુ તેની જગ્યાએ ઓડ અને ઈવન નંબર મુજબ દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવી છે.

રાજકોટમાં પ્રોપર્ટી ટેક્સ નંબર XXXX / ABCD / EFG પ્રમાણે હોય છે. જે અનુસાર હવે પ્રોપર્ટી ટેક્સના નંબરમાં છેલ્લે આવતા અંક એકી અને બેકી મુજબ દુકાનો ખોલી શકશે. રાજકોટમાં પ્રોપર્ટી નંબરમાં ઈહ્વય ની જગ્યાએ ત્રણ ઝીરો ન હોય તે દુકાન માલિકોએ "G" ની જગ્યા આવતા અંક એકી અથવા બેકી ના નિયમ મુજબ દુકાન ખોલવાની રહેશે. પ્રોપર્ટી કાર્ડમાં ઈહ્વય્ની જગ્યાએ ત્રણ ઝીરો હોય તો દુકાન માલિકોએ "D" ની જગ્યાએ એકી છે કે બેકી આંક આ મુજબ દુકાન ખોલવાની રહેશે. એકી સંખ્યા નંબર હોય તો એકી તારીખ માં ખોલી શકશે,

બેકી સંખ્યામાં નંબર હોય તે વેપારી બેકી તારીખ દુકાન ખોલી શકશે. નોંધનીય છે કે, ગઈકાલે મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે, અમદાવાદ અને સુરત સિવાય બધા જ શહેરોમાં ઓટો રિક્ષા શરૂ થશે. એક રિક્ષામાં વધુમાં વધુ ૨ મુસાફર જ બેસી શકશે. આ સાથે જ રાજ્યમાં ફરીથી એસટી બસ દોડતી થશે. અમદાવાદમાં બસોની આવવાની મંજૂરી નહી આપવામાં આવે. કન્ટેઈનમેન્ટ સિવાયના વિસ્તારમાં પાન-મસાલાની દુકાનો ખોલવાની મજૂરી આપવામાં આવી છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં પાન-મસાલાની દુકાનો ખુલશે.

અમદાવાદ લોકડાઉનમાં ફસાયા ૧૧ પરિવારના ૫૨ પાકિસ્તાની નાગરીકો

અમદાવાદ

શહેરના કુબેરનગર વિસ્તારમાં ૧૧ પરિવારના ૫૨ પાકિસ્તાની નાગરિકો લોકડાઉનમાં ફસાયા છે. તમામ પાકિસ્તાનના સિંધ પ્રાંતના છે. જેઓ પંજાબની અમૃતસરની વાઘા-અટારી બોર્ડર પરથી ટુરિસ્ટ વિઝા પર હરિદ્વારની યાત્રા કરવા આવ્યા હતા. પરંતુ અમદાવાદ આવી પહોંચતા જ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરાયું હતું અને તેઓ ફસાઈ ગયા હતા. પરિણામે તેઓ નરોડા પોલીસ ચોકી પર હાજર થયા હતા અને પોતાના ઓરિજિનલ પાસપોર્ટ જમા કરાવ્યા હતા. જયારે આ પરિવારો અહીં ફસાયા છે ત્યારે તંત્ર દ્વારા અને સ્થાનિકો દ્વારા તેમને રહેવા માટે ઘરની વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમને નિયમ મુજબ ૧૪ દિવસ કવોરંટાઇન કરવામાં આવ્યા હતા. જ્યાં સુધી જાહેર પરિવહનની સેવાઓ શરૂ ન થાય અને લોકડાઉન પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને લોંગ ટર્મ વિઝા માટે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરને અરજી કરી હતી. અમદાવાદના કલેકટર કે.કે નિરાલા પણ આ મુદ્દાને જોઈ રહ્યા છે. શરૂઆતના દિવસોમાં તેમને તંત્ર દ્વારા ૧૪ દિવસ બે ટંકનું જમવાનું પૂરું પાડવામાં આવતું હતું. પરંતુ કવોરંટાઇન સમય પૂરો થયા બાદ તેમણે એક જ સમયનું જમવાનું મળતું હતું.

પરંતુ આસપાસના સ્થાનિકોના સહયોગથી તેમને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમણે લોકડાઉનમાં બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કર્યું હતું. બાળકો અને મહિલાઓ સાથેના આ પરિવાર જેનું કહેવું છે કે, ભારત સરકાર તેમને અહીં શરણાર્થીઓ તરીકે રહેવાની મંજૂરી આપે તેઓ પાકિસ્તાન પરત ફરવા માંગતા નથી. તેમના વિઝા ૩ જાન્યુઆરીથી ૨૯ માર્ચ ૨૦૨૦ સુધીના હતા.

મહિસાગરમાં ચોશિંગા હરણની પ્રજાતિ મોટા પ્રમાણમાં મળી આવતા હાશકારો

મહીસાગર

કોરોનાની મહામારી વચ્ચે મહીસાગર જિલ્લામાંથી વન્યપ્રેમીઓ માટે ખૂબ મોટા અને સારા સમાચાર સામે આવ્યા છે. મહીસાગર જિલ્લામાં ચૌશિંગા હરણ મોટા પ્રમાણમાં મળી આવ્યા છે. ચૌશિંગા કે જે હરણની એક પ્રજાતિ છે તેમણે મહિસાગર જિલ્લાને પોતાનું રહેઠાણ બનાવ્યું છે. સંતરામપુરના પૂર્વ વિસ્તાર અને પાનમ કાંઠાના જંગલ વિસ્તારમાં ૨૦ થી ૨૫ ચૌશિંગા હોવાની પુષ્ટિ વનવિભાગે કરી છે.

ચૌશિંગા હરણ મોટા પ્રમાણમાં મળી આવ્યા

હવે મહીસાગર જિલ્લો પણ બન્યો ચોશીંગા નું રહેઠાણ. જિલ્લાના નાયબ વન સરક્ષક આર.ડી.જાડેજા દ્વારા કરવામાં આવી પુષ્ટી. જિલ્લામાં ખૂબ સારું વાતાવરણ અને કુદરતી રીતે ખોરાક પાણી મેળવી શકે તેવું વાતાવરણ જિલ્લા માટે ગર્વની બાબત. વન વિભાગ દ્વારા નેચરલ ફોર્મ માં પાણી મળી શકે તે માટે ખાડા કરી પાણી ની વ્યવસ્થા કરવામાં આવી. ચોશિગા એ એન્ટિલર પ્રકારનું એક પ્રાણી છે જે એવી ૪ પ્રજાતિ માનું એક છે તે પોતે પોતાના શીંગડા ખેરવતું નથી. અગાઉ મહીસાગર જિલ્લામાં વાઘ પણ મળી આવ્યો હતો એ પણ આજ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. વાઘ ની પુષ્ટિ કરી ત્યારે એક ઈમેજ ચોશિગા ની પણ મળી આવી હતી પરંતુ ત્યારબાદ આ પ્રાણી જોવા મળ્યું નહોતું, મોટી સંખ્યામાં આ પ્રાણી મળી આવતા કરવામાં આવી ઓફિસિયલ જાહેરાત કે હવે મહીસાગર જિલ્લા માં પણ ચિશિંગા નું રહેઠાણ છે.

વકીલોને ચેમ્બર ખોલવાની છૂટ આપાવા ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનની માગ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથને પત્ર લખી માગણી કરી હતી કે હાઈકોર્ટ સંકુલના એડવિકેટ બિલ્ડીંગમાં આવેલી વકીલોની ચેમ્બર છેલ્લાં બે મહિનાથી બંધ છે અને મહત્વાના કેસોની ફાઈલો ત્યાં હોવાથી જે-તે કેસની સુનાવણીમાં આ ફાઈલો જરૂરી છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટની જેમ કોર્ટરૂમમાંથી જ વીડિયો કોન્ફરન્સથી સુનાવણી હાથ ધરવા પણ માગણી કરવામાં આવી છે.

હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને ચીફ જસ્ટિસને માગણી કરી છે કે વકીલોની ચેમ્બર છેલ્લાં બે મહિનાથી બંધ છે. હાઈકોર્ટના મોટા ભાગના વકીલો એવા છે તેમની પાસે સ્વતંત્ર ઓફિસ નથી અને તેઓ તેમની ચેમ્બરમાંથી જ કાર્યવાહી કરે છે. કેટલીક મહત્વની સુનાવણીઓમાં જરૂરી ફાઈલો આ ચેમ્બરોમાં રહેલી છે. જેથી દિવસમાં બે કલાક વકીલો અહીં આવી ચેમ્બરો ખોલી ફાઈલોની ગોઠવણ કરી શકે તેવી પરવાનગી મળવી જોઈએ.

સુપ્રીમ કોર્ટમાં પણ ૧૨મી મેથી ન્યાયમૂર્તિઓ તેમના કોર્ટરૂમમાંથી વીડિયો કોન્ફરન્સ દ્વારા કાર્યવાહી કરી રહ્યા છે અને વકીલો તેમની ચેમ્બરમાંથી રજૂઆત કરી રહ્યા છે. હાઈકોર્ટમાં પણ આવી રીતે સુનાવણી કરવી જોઈએ અને હાલ ઉપલબ્ધ બેન્ચોની સંખ્યામાં વધારો કરી પેન્ડિંગ કેસોના નિકાલની કાર્યવાહી ઝડપી બનાવવી જોઈએ.

વિજય નેહરાની બદલીના વિરોધમાં સોશિયલ મીડિયા પર છેડાયું BringbackNehra અભિયાન

અમદાવાદ

અમદાવાદ શહેરનાં જીવલેણ વાયરસની મહામારી ખૂબ વિકરાળ બની છે, ત્યારે આવા કપરા સમયે મ્યુનિસિપલ કમિશનર પદેથી વિજય નેહરાની બદલી કરી ગ્રામીણ વિકાસ એજન્સીમાં બદલી કરવામાં આવી છે. ત્યારે આસમયે ટ્વિટર પર ભારેવિરોધ થઈ રહ્યો છે. આવા ગંભીર સમયે અને કૂર સમયે રહસ્યમયી સંજોગોમાં નેહરાની બદલી થતા સોશિયલ મીડિયામાં બદલીનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે.છજી અધિકારી વિજય નેહરાએ આશરે બે વર્ષ પહેલાં ચાર્જ લીધો હતો. ત્યારબાદથી ચૂંટાયેલી પાંખનો તેમની પ્રત્યેનો અણગમો અવારનવાર ચર્ચામાં આવતો રહ્યો છે.

જો કે આઈ. આઈ. ટી. માંથી એન્જીનિયરીંગ તેમજ વિદેશમાં ભણતરના કારણે યુવા પેઢી અને અન્ય નાગરિકો સાથે તેમનું જોડાણ પણ સારું એવું હતું. કોરોના સમયે પણ અમદાવાદમાં શક્ય તેટલા વધુ ટેસ્ટિંગ પર ભાર આપવાના કારણે અને આંકડાઓના આધારે સંભવિત ગંભીર પરિસ્થિતિ અંગેની માહિતીઓ આપવાની ઘટનાઓ બાદ તેમને અચાનક હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા અને હવે બદલી કરવામાં આવી છે.

બદલીની જાહેરાત બાદથી વિવિધ હેશટેગ મારફતે સોશિયલ મીડિયામાં આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. સરકાર તેમજ ભાજપના સમર્થકો પણ આ બાબતનો ઉગ્ર વિરોધ નોંધાવી રહ્યા છે. કેટલીક ટ્વિટમાં એવો વિરોધ નોંધાવાઈ રહ્યો છે કે આવી ઘટનાઓના કારણે જ શિક્ષિત અને સમજુ યુવા પેઢી રાજકારણથી દૂર રહે છે.

ફતેપુરાના વાસિયાકુઈ ગામે તળાવમાં સ્નાન કરવા પડેલા બે સગા ભાઈઓના મોત

દાહોદ

ફતેપુરા તાલુકાના વાસીયાકુઈ ગામે આવેલા તળાવમાં બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં નાહ્વા પડેલા બે બાળકોના ડુબી જવાથી મોત નિપજયા હતા. બંને બાળકો ડબલારા ગામના હોવાનું અને સગા ભાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

ફતેપુરા તાલુકાના ડબલારા ગામના બે સગા ભાઈ યોગેશ દલસિંહ મછાર ઉંમર ૧૩ વર્ષ અને શૈલેષ દલસિંગ મછાર બપોરના સમયે વાસીયાકુઈ ગામે તળાવમાં નાહ્વા ગયા હતા. જયાં બંને જણા ડૂબી ગયાનું જાણવા મળતા આસપાસના લોકો દોડી આવીને તળાવના ઊંડા પાણીમાંથી બંનેને બહાર કાઢ્યા હતા.તળાવમાં ડૂબી જવાના કારણે બંને ભાઈઓના મોત નિપજયા હતા. ૧૦૮ દ્વારા બંને બાળકોને સારવાર અર્થે લઈ જવાયા હતા પરંતુ તબીબ દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. બંને સગા ભાઈઓના મોત થયા હોવાની ઘટનાને લઇ પરિવારજનોમાં શોકનો વાતાવરણ છવાઈ ગયો હતો.

પીએમ કેર ફંડમાં રૂ. ૫૦૦૦નો ચેક દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

કોરોના સામેની જંગમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ સીએમ રાહત ફંડમાં આપ્યા ૨૩.૭૧ લાખ

બનાસકાંઠા

સમગ્ર વિશ્વ હાલમાં કોરોના વાઈરસ(કોવિડ-૧૯)ની વૈશ્વિક મહામારી સામે લડી રહ્યું છે. ત્યારે કોઈપણ વ્યક્તિ કોરોના વાઈરસનો ભોગ ન બને તે માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

ગુજરાત સરકારની કોરોના વાઈરસ સામેની આ લડાઈના અભિયાનમાં સહભાગી થવા સ્વૈચ્છિક ફાળો આપવાની મુખ્યપ્રધાન વિજય રૂપાણીની અપીલને માન આપી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોએ એક દિવસના પગારની રકમ આપવાનો નિર્ણય કર્યો હતો.

આ કર્મચારીના પગારમાંથી એકત્રિત થયેલી રકમ રૂ. ૨૩,૭૧,૧૮૦નોચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં અને PM કેર ફંડમાં રૂ. ૫૦૦૦નોચેક દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આર. કે. પટેલે બનાસકાંઠા કલેકટ સંદીપ સાગલેને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના હિસાબ નિયામક ડી. બી. મોદી ઉપસ્થિત રહ્યા હતા.

ગોંડલ માર્કેટીંગ યાર્ડે કેન્દ્ર સરકારના રાહત પેકેજને આવકાર્યું

ગોંડલ

ગોંડલ યાર્ડના ચેરમેન ગોપાલભાઇ શિંગાળા તથા વાઇસ ચેરમેન કનકસિંહ જાડેજા જણાવે છે કે, તમામ ઉધોગ-વેપાર ધંધા તથા ખેતીના વ્યવસાય અને મરણતોલ ફટકો પડેલ છે. આવા સમયે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ રૂા ૨૦ લાખ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કરીને શ્રમજીવીઓ નાના વેપારીઓ તથા ઉધોગ વગેરે તમામ ક્ષેત્રના રાહતો પુરી પાડેલ છે.સરકાર દ્વારા કૃષિ ક્ષેત્ર માં ખેડુતો માટે ગોડાઉન તથા કોલ્ડસ્ટોરેજ નો વિકાસ

કરવા ખેડુતો માટે કિસાન સન્માન નિધિ-પાક વીમા યોજના પશુઓને રસીકરણ-શાકભાજી ના ટ્રાન્સપોર્ટેશન માટે સહાય ડેરી ફાર્મ માટે સબસીડી વગેરે રાહત જાહેર કરેલ છે. તેમજ તમામ પ્રકારના ઉધોગોને લોન આપવાની જાહેરાત કરેલ છે.

કન્ટેઈનમેન્ટ ઝોન સિવાય સમગ્ર ગુજરાતમાં અવરજવર માટે કોઈ પ્રતિબંધ નથી

યુ.એન. મહેતાની નવી બિલ્ડિંગને કોવિડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવામાં આવશે

ગાંધીનગર

ગુજરાતમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા માંગતા હજારો લોકો માટે રાહતના સમાચાર છે. રાજય સરકારે લોકડાઉનમાં છૂટછાટ આપ્યા બાદ હવે આજથી એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા માંગતા લોકોએ પાસ લેવાની જરૂર રહેશે નહીં. નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે જણાવ્યું કે કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના લોકોએ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે પાસ કઢાવવાની જરૂર રહેશે નહીં. જ્યારે કે, કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા લોકો તે વિસ્તારમાંથી બહાર નહીં નીકળી શકે અને અન્ય કોઈ લોકો પણ કન્ટેઈનમેન્ટ ઝોનમાં નહીં જઈ શકે. નીતિન પટેલની આ જાહેરાત મુજબ હવે સમગ્ર ગુજરાતમાં અવરજવર માટે કોઈ પ્રતિબંધ નથી.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં કોરોનાની વધતી મહામારીમાં દર્દીઓની સંખ્યાને પહોંચી વળવા યુ.એન. મહેતાની નવી બિલ્ડિંગને કોવિડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવામાં આવશે. ત્યારે નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ યુ.એન. મહેતા હોસ્પિટલની મુલાકાત લઇ તૈયારીઓની સમીક્ષા કરી. જે બાદ નીતિન પટેલે જણાવ્યું કે, કોરોનાના દર્દીઓની ઝડપથી સારવાર થાય તે માટે તંત્ર સજ્જ બન્યું છે. યુ.એન. મહેતા હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરાઇ છે. યુ.એન. મહેતા હોસ્પિટલમાં ૩૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. ભવિષ્યમાં જરૂર મુજબ બેડની ક્ષમતા વધારવામાં આવશે. કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા સિવિલ હોસ્પિટલ તેમજ એસવીપી હોસ્પિટલ ફૂલ થઈ જતા હવે યુ.એન. મહેતા હોસ્પિટલની નવી બિલ્ડિંગમાં બીજા, ત્રીજા અને ચોથા માળે ખાસ કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવી છે. ટૂંક સમયમાં જ આ કોવિડ હોસ્પિટલ કાર્યરત થઈ જશે.

ગુજરાતમાં કોરોનાના સતત વધી રહેલા કેસો વચ્ચે હવે સરકારે બધું ભગવાન ભરોસે છોડ્યું છે. નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે જણાવ્યું કે, કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે હવે તેમાં આગળ શું થશે તે તો ભગવાન જ જાણે, પરંતુ ગુજરાત સરકારે કોરોના સામે લડવા તમામ તૈયારીઓ કરી છે અને સરકાર કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ છે. અમદાવાદના દાણીલીમડા બીઆરટીએસમાં વૃદ્ધના મોત મામલે નીતિન પટેલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, સમગ્ર ઘટનામાં દર્દીએ જ ડ્રાઇવરને રસ્તામાં ઉતારી દેવા જણાવ્યું હતું અને પોતે જાતે જ ઘરે જતા રહેશે તેમ જણાવ્યું હતું. ત્યારે ડ્રાઇવરની ભૂલ છે કે તે દર્દીની વાતમાં આવી ગયો અને તેમને રસ્તામાં જ ઉતારી દીધા હતા.સાથે જ લોકડાઉનના ચોથા તબક્કામાં સમગ્ર ગુજરાતમાં ધંધા-રોજગાર શરૂ થયા છે, ત્યારે નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે આ મામલે ફરી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, લોકડાઉનના ચોથા તબક્કામાં રાજયભરમાં વિવિધ છૂટછાટ આપવામાં આવી છે. ગુજરાતમાં કન્ટેઈનમેન્ટ ઝોન સિવાય તમામ વિસ્તારોમાં ધંધા-રોજગાર શરૂ થયા છે. જેના કારણે વેપારીઓમાં અને લોકોમાં ખુશીનો માહોલ છે. જોકે, તેમણે કહ્યું કે વેપાર-ધંધા શરૂ થયા બાદ પણ લોકો સાવચેતી રાખે તે જરૂરી છે.

અમદાવાદમાં ટીઆરબી જવાને અજાણી મહિલાને લોહી આપી માનવતા મહેંકાવી

અમદાવાદ

લોકડાઉનમાં પોલીસ લોકો પાસે કડકપણે પાલન કરાવે છે. એટલું જ નહીં પણ લોકો માટે લોહી પણ રેડી દે છે. આ વાક્ય સાંભળીને કદાચ આપને અજુગતું લાગે પણ અમદાવાદમાં કંઈક આવી જ ઘટના સામે આવી છે. એસજી ૨ ટ્રાફિકમાં ફરજ બજાવતા પ્રકાશ પરમારની લોકડાઉન દરમિયાન ફરજ મણિનગર ખાતે આવેલ ઝઘડિયા બ્રિજ પાસે હતી. તેના જ ભાગરૂપે લોક ડાઉન અમલ કરાવવા માટે પ્રકાશ પરમાર વાહનચાલકોને બહાર નીકળવા પાછળનું કારણ પૂછી રહ્યા હતા. ત્યારે ત્યાંથી એકટીવા લઈને નીકળેલા મનીષ દવે નામના વ્યક્તિને પણ પૂછપરછ માટે ઊભો રાખ્યો અને તેને ટીઆરબી જવાનને આંખમાંથી આંસુ સાથે કહ્યું કે,

મારી સાળીને કિડનીની બીમારી છે, લોહીની જરૂર છે. પણ તેમનું લોહી અનુકૂળ ના હોવાથી તે આપી શકતા નથી અને બ્લડ બેંકમા પણ સામે લોહી આપો તો જ લોહી આપે છે. આ શબ્દો સાંભળ્યા પછી ટ્રાફિક પોલીસના આ જવાનની ફરજ બહારની માનવતા અને ટીઆરબી જવાને પ્રકાશભાઈને લોહી આપવાનું નક્કી કર્યું. લોકડાઉન હોવાથી દૂરથી કોઈ સગા સંબંધી દૂરથી લોહી આપવા આવી શકે તેમ નહોતા. મનીષભાઈની એકટીવા ચેક કરતા આ શબ્દો સાંભળીને ટીઆરબી જવાનની અંદરની માનવતા જાગી. તેને મનીષ દવેને કહ્યું તમે રડશો નહિ હું લોહી આપીશ. ત્યાંથી મણીનગરમાં આવેલ મહા ગુજરાત બ્લડબેંકમાં ટીઆરબી જવાને તેનું લોહી આપ્યું. જેના કારણે તે મહિલાની તબિયત સુધારા પર છે.

ટીઆરબી જવાનની આ જાબાઝીની ડીસીપી એ પણ નોધ લીધી હતી,અને તેને શાબાશી આપી હતી.આમ પોલીસના આવા જવાનોના માત્ર ફરજ નિભાવી રહ્યાં છે. પણ લોકડાઉનમાં માનવતા મહેકાવતા ઉદાહરણ પણ આપી રહ્યાં છે. ત્યારે કેટલાક પોલીસકર્મીના કારણે પોલીસની છાપ ખરાબ થતી હોય છે, તો આવા ટીઆરબી જવાનની માનવતા જોઈને છાતી ગદગદ ફૂલી ઉઠે છે.

કચ્છના લોદ્રાણી ગામ પાસે પાકિસ્તાનની બોર્ડર પાસે ફસાયેલા ૨૮ વ્યક્તિઓ વતન રાજુલા પહોંચ્યા

કચ્છ

લોક ડાઉનનાં કારણે અસંખ્ય પરિવારો પોતાના ઘર તથા વતનથી દૂર રોજીરોટી માટે દૂર દૂરનાં જિલ્લાઓમાં ફસાયેલા હતાં. જેમ જેમ લોક ડાઉનનાં તબક્કાઓ વધતા જતા ગયા હતા. તેમ તેમ આ પરિવારોની ચિંતા વધતી જતી હતી ત્યારે સરકાર દ્વારા વતન વાપસી માટે મંજૂરી આપતા રાજુલાના યુવા ધારાસભ્ય અંબરીશભાઈ ડેર તથા કોળી સમાજના યુવા આગેવાન પ્રવિણભાઈ બારૈયા અને અજયભાઈ શિયાળ સહિતના લોકોએ દરિયાઈ પટ્ટી વિસ્તારના શ્રમિકો પરિવારોને માદરે વતન પહોંચાડવા માટે બીડું ઝડપ્યું હતું

ત્યારે આવાં અસંખ્ય પરિવારો દ્વારા ધારાસભ્ય નાં આવકાર કાર્યલયનો સંપર્ક સાધતાં ધારાસભ્યની ટીમ દ્વારા ઓનલાઈન મંજૂરી થી લઈને વાહનો વ્યવસ્થા તથા માદરે વતન પહોંચાડવા માટે જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે રાજુલાના ચાંચ બંદર ગામના રહેવાસી ૨૮ લોકો કચ્છ જિલ્લાનાં રાપર તાલુકાના લોદ્રાણી ગામ પાસે પાકિસ્તાનની બોર્ડર નજીક રોજગારી અર્થે ગયેલા હતા. પરંતુ લોક ડાઉનનાં કારણે

આ પરિવારો ત્યાં ફસાયેલા હતાં ત્યારે રાજુલાના ધારાસભ્ય અંબરીશ ડેરનો સંપર્ક કરતાં તેમનાં દ્વારા જરુરી વ્યવસ્થા કરવામાં આવી તથા ઓનલાઈન મંજૂરી મેળવવા માટે આ શ્રમિક પરિવારોની મદદ રાપરનાં ધારાસભ્ય સંતોકબેન આરેઠીયાનાં કાર્યલય થી કરવામાં આવી હતી ત્યારે કોંગ્રેસનાં ધારાસભ્યો અંબરીશ ડેર અને સતોકબેન તથા આગેવાનોની મદદથી આ પરિવારો પોતાના માદરે વતન ચાંચ બંદર ગામે પહોંચ્યા હતા. ત્યારે આ પરિવારોએ મદદ કરનાર તમામ આભાર વ્યક્ત કર્યો હતો.

વિરમગામ કુરેશી યંગ સર્કલ દ્વારા યુસરા હોસ્પિટલ ખાતે હોમિયોપેથીક દવાનુ વિતરણ કરવામા આવ્યુ



વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

વૈશ્વિક મહામારી કોરોના વાયરસ સામે લડવા માટે જે તે વ્યક્તિની રોગ પ્રતિકારક શકિત મજબુત હોવી જરૂરી છે. જે અંતર્ગત વિરમગામ કુરેશી યંગ સર્કલ દ્વારા રૈયાપુર રોડ પર આવેલ યુસરા હોસ્પિટલ ખાતે હોમિયોપેથીક દવાનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, અર્બન હેલ્થ ઓફિસર ડો.જીગર દૈવીક, વિરમગામ ટાઉન પી.આઈ એચ બી ગોહીલ અને કુરેશી યંગ સર્કલના યુવાનો ઉપસ્થિતિ રહયા હતા અને રોગપ્રતિકારક શક્તિવર્ધક હોમિયોપથી દવા વિતરણ કરવાની શરૂવાત કરવામા આવી હતી. વિરમગામ ખાતે દસ હજાર દવાની કીટનુ વિતરણ કરવામા આવશે વિરમગામ ના દરેક વિસ્તારમાં ઘરે ઘરે ફરી દવા કેવી રીતે અને કેટલો સમય લેવી તેની સમજુતી આપવામા આવશે તેમ યુસરા હોસ્પિટલના ડો.મકસુદ શેખે જણાવ્યું હતું.

ગાંધીનગર DDOના માર્ગદર્શન હેઠળ ચિલોડા સર્કલ પાસે ફળ-શાક વિતરણની વ્યવસ્થા

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના ચિલોડા સર્કલ પાસે ઉભા રહેતા ફળફળાદીની લારીવાળાઓ થકી કોરોના સંક્રમણનો ભય ન રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલના માર્ગદર્શન હેઠળ લારી ઉભી રાખવાનું અનોખું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક લારી થી બીજી લારી વચ્ચે છ ફૂટનું અંતર રાખીની ઉભી રાખવામાં આવી રહી છે. ગાંધીનગર ટીડીઓ જી.એ.ધાંધલિયાએ જણાવ્યું છે કે, ડીડીઓ આર. આર. રાવલના માર્ગદર્શન હેઠળ કોરોનાના વાયરસનું સંક્રમણ શાકભાજીની લારીઓવાળા થકી ન ફેલાય તેની ખાસ તકેદારી રાખવી. આથી અડાલજ ખાતે મિઝોરમ થીમ પર શાકમાર્કેટ ઉભી કરાયું.

ત્યારબાદ આજથી ચિલોડા સર્કલ ખાતે ફળફળાદી અને શાકભાજીની લારીઓને સુવ્યવસ્થિત આયોજન કરીને સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે રીતે ઉભી રાખવામાં આવી છે. તંત્ર દ્વારા ચિલોડાથી સાદરા જવાના માર્ગ પર ૩૦ જેટલી ફળફળાદી– શાકભાજીની લારી ઉભી રહી શકે તે રીતે બોકસ બનાવી આપવામાં આવ્યા છે. જેમાં લારી ઉભી રેહશે. એક લારીથી બીજી લારી વચ્ચે છ ફૂટનું અંતર છે. તેમજ એક લારી પર ત્રણ બાજુથી ગ્રાહક આવીને પોતાની મનપસંદ શાકભાજી કે ફળ ખરીદી શકે તે માટે નાના ચોક્ઠા બનાવાયા છે.

તેમાં ઉભા રહી ગ્રાહક સરળતાથી પોતાની ખરીદી કરી શકશે. આથી એક લારી પર ત્રણથી વધુ ગ્રાહકો ઉભા રહી શકશે નહિ. તેમજ તે તમામ વચ્ચે એક સોશિયલ ડિસ્ન્સીંગ ઉભું થશે. તેમજ આ તમામ લારી પર વેપાર કરતાં લોકોને સેનિટાઈઝર વાપરવાનું અને માસ્ક ફરિજીયાત પહેરવાની કડક સૂચના આપવામાં આવી છે. તેમજ તમામના હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે.

ઉત્તમ વિજ સેવા પુરી પાડવા વિવિધ કાર્યો શરૂ

ગુજરાતના વિજળી વિભાગની કામગીરી આજથી પૂર્વવત થશે

કોરોના વૈશ્વિક મહામારીના પડકારજનક સંજોગોની સામે સજ્જ થતું રાજ્ય વિજતંત્ર : ઉર્જાપ્રધાન સૌરભભાઈ પટેલ

અમદાવાદ

રાજયના ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ છે કે, કોરોના વૈશ્વિક મહામારીના પ્રતિકુળ સંજોગોમાં પણ આગામી ચોમાસા ઋતુની પૂર્વતૈયારીને ધ્યાને લેતા, વીજ વિતરણના માળખાની સમારકામ પ્રવૃત્તિઓ અનુસંધાને વિવિધ ફીડરોનું સમારકામ વીજ વિતરણ કંપનીઓ દ્વારા શરૂ કરવામાં આવ્યુ છે.અને સાથે સાથે રાજયના વીજગ્રાહકો ના પ્રશ્નો તથા વીજ વિભાગની કામગીરી આજ થી પૂર્વવત બનશે. તેમણે ઉમેર્યુ કે, રાજયના વીજ ગ્રાહકોને ગુણવતાયુક્ત અને ૨૪૮૭ કલાક અવિરત વીજ પૂરવઠો મળી રહે તે અર્થે જી.યુ.વી.એન.એલ. હેઠળ કાર્યરત ચારેય વીજ વિતરણ કંપનીઓ DGVCL, MGVCL, PGVCL અને UGVCL દ્વારા વિવિધ વીજ સેવા આવશ્યક પગલાઓ અને કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ ગ્રાહકલક્ષી કાર્યોમાં ગ્રાહકોની વ્યક્તિગત ફરિયાદ, કોઈપણ વિસ્તારની ફરિયાદ કે કોઈપણ ફીડર બંધ હોવાની નોંધણી વીજ વિતરણકંપનીઓના ૨૪૮૭ કલાક કાર્યરત ગ્રાહક સેવા કેન્દ્ર દ્વારા નોંધણી કરી નિકાલ કરવો વગેરેનો સમાવેશ થાય છે. આ કામગીરીને સત્વરે હાથ ધરાશે. તેમણે કહ્યુ કે વીજ વિતરણ કંપનીઓ દ્વારા નીચે જણાવેલી કામગીરીઓ પણ શરૂ કરવામા આવી રહી છે. જેમાં નવા રહેણાંક, વાણિજ્ય, ઔદ્યોગિક વગેરે હેતુ માટેના વીજ જોડાણોની અરજીઓનો સર્વેની કામગીરી, એસ્ટીમેટ આપવાની કામગીરી, વીજ વિતરણ માટે વીજલાઈન ઉભી કરવાની કામગીરી તેમજ વીજ મીટર લગાડી વીજ જોડાણ ચાલુ કરવાની કામગીરી, ગ્રાહકોના હયાત વીજ જોડાણોમાં વીજ ભાર વધારો મંજૂર કરવાની કામગીરી, ગ્રાહકોના વીજ સ્થાપનના ખામીયુક્ત વીજ મીટરો બદલવાની કામગીરી, દરેક ક્ષેત્રિય, વિભાગીય તથા પેટા-વિભાગીય કચેરીના સ્તરેથી જરૂરી માલસામાનની તથા કોન્ટ્રાકટરના કારીગરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્વદેશી વેન્ટિલેટર અને કોરોના મુદ્દે રૂપાણી સરકારને ઘેરતું કોંગ્રેસ

કોરોના અને ધમણ-૧ને લઈ તમામ સવાલોને લઈને કોંગ્રેસની ન્યાયિક તપાસની માંગ

ગાંધીનગર

કોરોના વાયરસ સામે જંગમાં ઉતારેલ સ્વદેશી ધમણ – ૧ વેન્ટિલેટરને લઈ કોંગ્રેસના પ્રહાર રાજય સરકારને વેઠવાનો વારો ફરી એકવખત આવી ગયો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ધમણ-૧ મામલે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ રાજય સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પુરતી ચકાસણી વગર સસ્તી પ્રસિદ્ધી માટે ખરીદેલ ધમણ-૧ રાજયસરકારની ગુનાહિત બેદરકારી છે. મુખ્યમંત્રી દ્વારા ઉતાવડિયું પગલું લેવામાં આવ્યું છે. રાજયના મુખ્યમંત્રીની આ ગુનાહિત બેદરકારી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ રાજય સરકાર પર આરોપ મુકતા જણાવ્યું હતું કે, સરકારે માત્ર લોકોની જીંદગી સાથે ખેલ કર્યો છે. સરકારે ખોટી જાહેરાતો કરી છે. જે પોકાળ સાબિત થઈ છે. ગુજરાત સરકારે માત્ર મિત્રનું માર્કેટિંગ કર્યુ છે. નિષ્ણાંતોના અભિપ્રાય સિવાય ઉપયોગ કર્યો તે કેટલો હિતાવહ છે. મને જણાવશો કે ધમણ – ૧થી કેટલાને સારવાર અપાઈ? કોરોનાને લઈને અમદાવાદની સિવિલમાં મૃત્યુદર આટલો કેમ ઉંચો? ત્યારે તમામ સવાલોને લઈને કોંગ્રેસ કરી ન્યાયિક તપાસની માંગ છે. ચાવડાએ ઉમેર્યું કે, સરકારે હોમવર્ક કર્યા વગર લોકડાઉનનો અમલ કર્યો છે. સરકાર પાસે રણનીતિ નથી.

ચાવડાએ ઉમેર્યું હતું કે, સીએમ વિજય રૂપાણી પર સીધો પ્રહાર કરતા જણાવ્યું કે, ૫૬ દિવસમાં એક વખત મુખ્યમંત્રી બંગલાની બહાર નીકળ્યા. ૫ એપ્રિલના રોજ ધમણ-૧ના લોંચીગ માટે મુખ્યમંત્રી બહાર આવ્યા હતાં. તે આવકારદાયક હતી. પરંતુ ધમણ-૧ લોકોને સાજા કરવામાં પુરતુ સફળ થયું નથી. ૪ એપ્રિલના રોજ રાજય સરકારે ૧ હજાર નવા વેન્ટિલેટર ખરીદવાની વાત કરી હતી. તેમાંથી કેટલા વેન્ટિલેટર ખરીદવામાં આવ્યા છે. તેનો જવાબ સરકાર આપે.

અમદાવાદના ૧૧ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૨ લાખથી પણ વધુ વસ્તી

રાજકોટ

અમદાવાદ શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં ૫૫ દિવસના લોકડાઉન બાદ આજથી મુક્તિ આપવામાં આવી છે. આમ છતાં અમદાવાદ શહેરમાં જે ૧૧ વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. એ વિસ્તારોમાં વસતા ૧૨ લાખથી પણ વધુની વસ્તી હવે લોકડાઉનમાંથી મુક્તિ મેળવવા ઈચ્છી રહી છે. આ વિસ્તારોમાં રહેતા લોકોનું કહેવું છે કે, અગાઉની સરખામણીમાં હવે તેમના વિસ્તારોમાં કેસ ઘટી રહ્યા છે ત્યારે તેમના વિસ્તારોમાં પણ અગાઉની જેમ મુક્તિ આપવી જોઈએ. અમદાવાદ શહેરમાં જે વિસ્તારોને કંટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે એની વિગત આ મુજબ છે.

વડોદરામાં નોન-કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હેર સલૂન અને ફરસાણની સહિતની દુકાન ખુલી

વડોદરા

વડોદરા શહેરમાં લોકડાઉનમાં છૂટછાટ મળતાં નોન-કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હેર સલૂન અને ફરસાણની સહિતની દુકાન શરૂ થઈ ગઈ છે. વડોદરામાં સયાજીગંજ વિસ્તારમાં કેટલાક હેર સલૂનમાં સંચાલકો અને કારીગરો પીપીઈ કીટ સાથે હેર કટિંગ કરતા જોવા મળ્યા હતા. આમ લોકડાઉન ૪.૦નું ખુબ જ સાવચેતીથી અને ચુસ્તપણ પાલન કરવામાં આવી રહ્યું છે.

૫૫ દિવસ બાદ લોકોએ નાસ્તો લેવા માટે લાઈનો લગાવી

વડોદરા શહેરના કડક બજાર માર્કેટ સહિત સમગ્ર શહેરમાં નોન-કન્ટેન્ટમેન્ટ બજારો ખુલ્યા છે. ૫૫ દિવસ બાદ લોકોને સમોસા, ભજીયા અને ખમણ ખાવા મળતા લોકોએ લાઈનો લગાવી હતી અને દુકાનો ખુલતા જ વેપારીઓમાં ખુશી જોવા મળી હતી. જોકે દુકાનોમાં ગ્રાહક ન બેસી શકે તે માટે દુકાનની અંદર જવાના રસ્તા બંધ કરી દેવામાં આવ્યા છે. ગ્રાહકોને નાસ્તો પાર્સલ કરીને આપવામાં આવી રહ્યો છે.

વડોદરા શહેરમાં સોમવારે કોરોનાના વધુ ૨૧ દર્દીઓ નોંધાતા કુલ પોઝિટિવ દર્દીઓનો આંક ૭૦૦ને વટાવીને ૭૧૨ પર પહોંચ્યો હતો. વધુ ૪૯ લોકો કોરોના મુક્ત થતાં અત્યાર સુધીમાં કુલ ૪૩૭ દર્દી સાજા થયા છે. આ સાથે ભાઈલાલ અમીન હોસ્પિટલમાં જ કામ કરતા તબીબ અને સ્ટાફનર્સ પૈકીના ૧૦ને કોરોનાનો ચેપ લાગ્યો છે.

દેશના ખેડૂતોમાં ખુશી લહેર જોવા મળી

દેશમાં ખેડૂતો માટે સૌપ્રથમવાર ઓનલાઈન વર્કશોપનું આયોજન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા દાડમની ખેતી પદ્ધતિ પર રાજ્ય કક્ષાનો ત્રિ-દિવસીય ઓનલાઈન વર્કશોપનું આયોજન

અમદાવાદ

હાલમાં કોરોનાને લીધે બનાસકાંઠામાં સંપૂર્ણ લોકડાઉનની સ્થિતી છે. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડીસા ધ્વારા સોમવારથી 'દાડમની ખેતી પધ્ધતિ પર ત્રિદિવસીય' ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ૨૨ જિલ્લાના ૨૨૮ જેટલાં ખેડૂતો, ગ્રામીણ યુવાનો અને મહિલા ખેડૂતોએ તેમજ રાજયના ૨૧ અધિકારીઓ ઓનલાઈન ગુગલ મીટ એપના માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો છે. અત્યારના આધુનિક ટેકનોલોજીના યુગમાં ખેડૂતોને તાલીમ લેવા માટે દેશમાં સૌપ્રથમ વાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડીસા દ્વારા ત્રિદિવસીય ઓનલાઈન વર્કશોપની પહેલ કરવામાં આવી છે. આ વર્કશોપ કાર્યક્રમની શરૂઆતના પ્રથમ દિવસે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ વી. ટી. પટેલે કાર્યક્રમ થકી ઓનલાઈન ભાગ લઈ રહેલ ખેડૂતમિત્રો તથા મુખ્ય મહેમાન, વકતાઓનું હાર્દિક સ્વાગત કરી દાડમના વધતા વિસ્તાર વિશે જણાવેલ. સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આર. કે. પટેલે કાર્યક્રમની શરૂઆત કરી અને ખેડૂતોને દાડમમાં રહેલા પોષક તત્વો, આરોગ્ય માટે કેવી રીતે લાભદાયી છે તેમજ દાડમની ખેતી પધ્ધતિ દ્વારા આવનારા ભવિષ્યમાં મુલ્યવર્ધન તકો વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. ઓનલાઈન કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. લખનસીંગ, ડાયરેકટર, અટારી કચેરી, પુના (મહારાષ્ટ્ર) ધ્વારા ખેડૂતોને દેશના જુદા જુદા રાજ્યોમાં થતી દાડમની ખેતી વિશે માહિતી આપી તેમજ વ્યવસાય તરીકે દાડમની ખેતી કરવાથી તેમજ મૂલ્યવર્ધન કરી વધુ આવક મેળવી શકે છે. આ અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડીસાના વૈજ્ઞાનિક અને વર્કશોપના આયોજક ડૉ. યોગેશ પવારે જણાવ્યું હતું કે, ખેડૂતો માટે ભારતમાં સૌપ્રથમ વાર ત્રિદિવસીય ઓનલાઈન સેમિનારની પહેલ અમે કરી છે જેનો આ આ બીજો વર્કશોપ દાડમની ખેતી પર યોજાઈ રહ્યો છે. જેમાં દેશભરના જુદા જુદા રાજ્યોના સંશોધન કેન્દ્રોમાંથી વૈજ્ઞાનિકો તેમજ પ્રગતિશીલ ખેડૂતો ધ્વારા ઓનલાઈન માર્ગદર્શન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

ભાવનગરમાં જિલ્લામાં કોરોનાના વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં ખળભળાટ

રાજકોટ

કોરોના વાયરસના કેસ દિવસે દિવસે વધી રહ્યા છે, તેથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે સોમવારે ભાવનગર શહેર અને જિલ્લામાં કોરોનાના વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમાં જેસર તાલુકાના ઉગલવાણ ગામના બંને બાળકોના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ બંને બાળકો ક્વોરન્ટાઈન હતાં. તદ્ઉપરાંત શહેરમાં એક વૃધ્ધ અને એક વૃધ્ધાના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ બંને વ્યકિત પણ બહારગામથી આવ્યા હતા. તેથી બંને હોમ ક્વોરન્ટાઈન હતા તેવો સરકારી તંત્રએ દાવો કર્યો છે. આ ચારેય દર્દીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

ભાવનગર શહેર અને જિલ્લામાં આજે સોમવારે કોરોનાના ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે, જેમાં જેસર તાલુકાના ઉગલવાણ ગામમાં રહેતા નૈતિક જગદીશભાઈ નકુમ (ઉ.વ.૬) અને કુંજલ જગદીશભાઈ નકુમ (ઉ.વ.૭)નો સમાવેશ થાય છે. આ બંને બાળકો સુરતથી બસમાં ઉગલવાણ ગામ આવ્યા હતા અને ઉગલવાણ ગામમાં થોડા દિવસ પૂર્વે પોઝિટિવ કેસ આવ્યા હતા તેના સંપર્કમાં આવ્યા હતા તેથી બંને બાળકોને શહેરની સમરસ હોસ્ટેલમાં ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતાં. રૂટીન સેમ્પલ લેતા બંને બાળકોના રીપોર્ટ પોઝિટિવ આવતા તેઓને તત્કાલ સારવાર માટે શહેરની સર તખ્તસિંહજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

શહેરના ગાયત્રીનગરમાં આવેલ સત્યનારાયણ સોસાયટીમાં રહેતા દર્શનલાલ ટીનુમલ રંગલાણી (ઉ.૬૧) અને ભરતનગરમાં રહેતા વિનાબેન જયંતીભાઈ ભટ્ટ (ઉ.૬૫)ની તબીયત બગડતા બંનેના સેમ્પલ લેવામાં આવ્યા હતાં. આ બંને વ્યકિતના રીપોર્ટ પોઝિટિવ આવતા તેઓને તત્કાલ સારવાર માટે સર તખ્તસિંહજી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતાં. આ બંને વ્યકિત બહારગામથી આવી હતી અને હોમ કોરોન્ટાઈન હતી તેવો મહાપાલિકાના અધિકારીએ દાવો કર્યો હતો.

કોરોનાને કારણે ગરીબી નહી પણ ગરીબ મુક્ત ગુજરાત થતુ દેખાય છેઃ રાજકોટકોંગ્રેસ

ગોંડલ

રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ભાવેશભાઈ ભાસાએ રાજયપાલને પત્ર લખી જણાવ્યું હતું કે આરટીઈ એકટ હેઠળ ગરીબ બાળકોને પ્રવેશ બાબતે અન્યાય થયો છે.રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત દર વર્ષે ગરીબ બાળકોને પહેલા ધોરણમાં પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ હાલમહામારી કોરોનાની મહામારીમાં આ બાબતે સરકાર દ્વારા કોઈપણ પ્રકારની ગાઈડ લાઈન બહાર પાડેલ નથી જેથી કરી ગરીબી નહી પણ ગરીબ મુક્ત ગુજરાત થતુ દેખાય છે. ગરીબોને અન્યાય થાય છે.

પાનના ગલ્લાં, ચાની કિટલી, દુકાનો વગેરે પર સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ થશે તો નિયંત્રણો આવશે

સલૂન અને બ્યુટીપાર્લરની એપોઈન્ટમેન્ટ લઈને જ ગ્રાહકે જવાનો આગ્રહ રાખવોઃ સરકાર

ગાંધીનગર

ગુજરાતમાં મંગળવારથી ધંધા અને રોજગારનો મંગળ પ્રારંભ થયો છે. આ સાથે જ રાજ્યમાં પાનના ગલ્લાં તેમજ ચાની કિટલી વગરે પણ ખૂલી ગયા છે. મંગળવાર સવારથી રાજયમાં છૂટછાટ સાથે લોકડાઉનના અમલમાં વિવિધ જિલ્લાઓના મુખ્ય શહેરોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. આને પગલે રાજય સરકારે દુકાનદારો તેમજ પ્રાજજનોને કોરોના મહામારીની ગંભીરતા સમજીને સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનિકુમારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, ચા પાણી પાનના ગલ્લાં, સલૂન ઉપર ભીડ ના થાય એની જવાબદારી દુકાનદાર અને તેની સાથે પ્રજાજનની છે.

ફોનથી વાત કરી શકાય તેમ છે ત્યારે હેર કટિંગ સલૂન હોય, બ્યુટીપાર્લરની એપોઈન્ટમેન્ટ લઈને જ ગ્રાહકે જવાનો આગ્રહ રાખવો જોઈએ. ક્લાયન્ટ્સને ફોન ઉપર એપોઈન્ટમેન્ટ આપી દુકાનકારે બોલાવવા જોઈએ. નિશ્ચિત સમય દરમિયાન લોકો ભેગા ના થાય એનું આયોજન કરે. પાનની દુકાન, ચાની દુકાન કે કોઈપણ દુકાન હોય લોકો ભેગા થાય નહીં. સ્વશિસ્તનું પાલન પોતાને જ કરવાનું છે. સરકારે તમારા હિતમાં આ ખુલ્લું કર્યું છે અને હવે લોકોએ તેને જાળવવાનું છે. જો વધારે ભીડ ભેગી થતી જણાશે તો પછી નિયંત્રણો આવશે.અમુક વિસ્તારોમાં દુકાનોમાં બંધ કરાવી દેવાશે.

સરકાર સમજે છે કે પહેલો દિવસ છે, હળવાશ છે, પણ લોકોએ કહ્યું છે કે કોરોના સાથે જીવવું પડશે. આર્થિક વ્યાપારિક અને સામાજિક પહેલુ હળવા કરવા પડશે. આ નિર્ણયને સાચી અને સારી રીતે સમજવાની જરૂર છે. ઉત્સાહ અને અધિરતાના લીધે ભીડ ન થાય એનું ખાસ ધ્યાન લોકો રાખે. ભવિષયમાં છૂટછાટો આપવા વિચારાશે નહીંતર તે પરત ખેંચાશે.

દેશભરમાં સુરતે સ્વચ્છતા અને કચરામુક્ત શહેરોની યાદીમાં બાજી મારી

કચરામુક્ત શહેરમાં સુરત ફાઈવ સ્ટાર કેટેગરીમાં સામેલ : લોકોના સહિયારા પ્રયાસના કારણે આ શકય બન્યું-મેયર

સુરત

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપસિંહ પુરીએ મંગળવારે કચરામુક્ત શહેરોનું રેટીંગ જાહેર કર્યું હતું. જેમાં દેશભરના શહેરોની સાથે સુરત શહેરને ૫ સ્ટાર રેટીંગ મળ્યું છે. રાજયમાં રાજકોટ અને સુરતને જ આ પ્રકારના રેટિંગ મળ્યાં છે. આ અંગે સુરતના મેયર ડો. જગદીશ પટેલે જણાવ્યું હતું કે, સ્વચ્છતાની બાબતમાં લોકોમાં જાગૃતિ વધી છે. સાથે જ પાલિકા દ્વારા કચરાના નિકાલની જે કામગીરી કરવામાં આવી રહી છે તેને કારણે આ શકય બન્યું છે.તમામ કર્મચારીઓને અભિનંદન-કમિશનર

સુરત મહાનગરપાલિકાને ગાર્બેજ ફ્રી સીટી માટે ફાઈવ સ્ટાર રેન્ક આપવામાં આવ્યો છે. જે અંગે સુરત મહાનગરપાલિકાના કર્મયોગીઓને અભિનંદન આપવાની સાથે સાથે સુરતના તમામ નગરજનોને આ સિધ્ધિ મેળવવા બદલ ખુબ ખુબ શુભકામના પાઠવી હતી.

મેયર ડો. જગદીશ પટેલ જણાવ્યું હતું કે, સ્વચ્છતા સતત ચાલતી પ્રવૃતિ છે. આગામી સમયમાં પણ શહેરીજનો વધુ જાગૃત બને અને કચરાનો યોગ્ય નિકાલ થાય તે દિશામાં હજુ વધુ કામગીરી કરવામાં આવશે. સ્વચ્છતા હશે તો જ આપણે દરેક બાબતમાં આગળ આવી શકીશું. જેથી આ બાબતે વધારે જાગૃતિ લોકોમાં ફેલાય તે પણ જરૂરી છે.

નવસારી જિલ્લામાં ૧૨ હજારથી વધુ શ્રમિકોને મનરેગામાં રોજગાર

૨૪૯ ગ્રામ પંચાયતોમાં રોજગારી ઉપલબ્ધ

નવસારી

સમગ્ર દેશમાં લોકડાઉન ચાલી રહયું છે, અને ધંધા–રોજગાર બંધ છે. તેવા સમયે રોજ કમાઈને પરિવારોનો જીવન નિર્વાહ ચલાવતા લોકોને તકલીફ ન પડે અને લોકડાઉનમાં પણ તેમને રોજગારી મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગાના કામો શરૂ કરવા માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે. જેને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા ગુજરાતના રોજનું કમાઈને જીવન નિર્વાહ ચલાવતા પરિવારો ભૂખ્યા ન રહે તે માટે સમગ્ર રાજયમાં મનરેગા થકી રોજગારી ઉભી કરવાના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નવસારી જિલ્લામાં રાજય સરકાર દ્વારા મનરેગા હેઠળના કામો શરૂ કરવાની મંજૂરી મળતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ જિલ્લાની ૨૪૯ ગ્રામ્ય પંચાયતમા આ કામો શરૂ કરી દેવામા આવ્યા છે અને જેના થકી હાલ ૧૨,૮૬૭ શ્રમિકોને જિલ્લામાં રોજગારી મળી રહી છે.

આ અંગે વધુ વિગતો આપતા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પી.કે.હડુલાએ જણાવ્યું હતું કે નવસારી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં લોકડાઉનની પરીસ્થિતિમાં પણ સરકાર દ્રારા છેવાડાના ગરીબ માણસોને પુરતી રોજગારી મળી રહે તે હેતુથી મનરેગા યોજના હેઠળ કામગીરી શરુ કરવામાં આવી છે. ઘર આંગણે રોજીરોટી મળી રહે તે માટે કેન્દ્ર સરકારની મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજનામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નવસારી દ્રારા ૨૪૯ ગ્રામ પંચાયતોમાં ૧૦૮૬ કામો પર ૧૨૮૬૭ શ્રમિકો કામ કરી રહયાં છે. જેમાં તળાવ ઊંડા કરવાના ૫૨ કામો, ચેકડેમ ડી-સિલ્ટીંગના ૨૩ કામો, જમીન સુધારણાના ૩૪ કામો, રસ્તાના ૧૮ કામો, રોડ સાઈડ કાચી ગટરના ૧૨૦ કામો અને ભ્ખ્ખી, હળપતિ તેમજ અન્ય આવાસના ૮૩૯ (મનરેગા સાથે કન્વર્ઝન) ના કામો મળી કુલ ૧૦૮૬ કામો ચાલુ છે. નવા દર મુજબ શ્રમિકોનુ ભથ્થુ રૂ.૨૨૪ મુકરર કરવામાં આવ્યું છે.

આ દરેક કામોમાં સોશિયલ ડિસ્ટન્સ રાખીને શ્રમિકો કામ કરી રહયાં છે. શ્રમિકો પુરતી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેમાં માસ્ક અને સેનેટાઈઝર સાથે રાખીને કામો શરુ કરવામાં આવ્યા છે તેમજ આરોગ્ય વિભાગની ટીમે પ્રાથમિક તપાસ પણ હાથ ધરી હતી. હજુ આગામી સમયમાં આ યોજના અંતર્ગત દરેક ગ્રામ પંચાયતોમાં કામો શરૂ થાય તે માટે પણ આયોજન કરવામાં આવી રહયું છે.

જિલ્લામાં ચાલતા મનરેગાના કામો થકી રોજગારી મેળવી સંતોષ અનુભવતા શ્રમિકોના જણાવ્યા પ્રમાણે મનરેગાના કામો શરૂ થતા અમારા જેવા શ્રમિકોને ઘરઆંગણે રોજગારી મળી રહી છે, અને સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ આ કામો લોકડાઉનની પરિસ્થિતિમાં ગામડાના શ્રમિકો માટે આશિર્વાદરૂપ બન્યા છે.

આમ, લોકડાઉનની પરિસ્થિતિમાં પણ શ્રમિકોને રોજગારી મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલ આ કામોના પરિણામે જરૂરિયાતમંદ શ્રમિકો મનરેગાના માધ્યમથી રોજગાર મેળવી સ્વમાનભેર જીવી રહયાં છે. લોકોને રોજગારી પુરી પાડવાના રાજય સરકારના આવા સંવેદનશીલ નિર્ણય અને અસરકારક પગલાંઓના કારણે ગ્રામ્ય જીવનમાં ધીરે ધીરે સકારાત્મક ઉર્જાનો સંચાર થઈ રહયો છે.

વિધવા મહિલાઓને આવશ્યક ચીજ-વસ્તુનું વિતરણ કરાયું

કોરોના સંકટમાં ૧૨૦૩ ગરીબ લાભાર્થીઓની વ્હારે આવ્યા મોહનભાઈ ઢોડિયા

સુરત

કોરોના વાઈરસના સંકટ સમયમાં દેશમાં લાગુ થયેલા લોકડાઉનમાંના કપરા સમય દરમિયાન ગરીબ જરૂરિયાતમંદ કુટુંબો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓથી વંચિત ન રહી જાય તે માટે મહુવાના ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા ગરીબવર્ગની વ્હારે આવ્યા છે. શ્રી મોહનભાઈ ઢોડિયાએ અવિરત સેવાકીય પ્રવૃત્તિને આગળ વધારતાં આજ રોજ મહુવા તાલુકાના ૧૪ ગામોના વય વંદના, વૃધ્ધ સહાય, વિધવા સહાય યોજનાના કુલ ૧૨૦૩ લાભાર્થીઓને મરી મસાલો, ચા-ખાંડ, તેલ સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અગાઉ તા.૧૬મી ના રોજ મોહનભાઈ દ્વારા ૧૬ ગામોના ૯૭૧ લાભાર્થીઓને પણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. લોકડાઉનમાં હજુ પણ ધારાસભ્યશ્રી દ્વારા જરૂરિયાતમંદ ગરીબ લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવશે.

મહુવા તાલુકાના શેખપુર, મૂડત, અંધાત્રી, વડીયા, ડુંગરી, નળધરા, કરચેલીયા, વાંસકુઈ, કઢૈયા, વાંક, વસરાઈ, પુના, બુટવાડા તેમજ અલગટ એમ કુલ ૧૪ ગામોના કુલ કુલ ૧૨૦૩ લાભાર્થીઓને કીટ વિતરણ કરાયું હતું. ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં કોરોના સંકટ વચ્ચે ગરીબો, વંચિતોની કાળજી લેવી એ રાજય સરકારની પ્રાથમિકતા હોવાનું જણાવી લોકડાઉનના દિશાનિર્દેશો અને નિયમોનું પાલન કરી સરકારને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. આ સાથે ગ્રામજનોને સોશ્યલ ડિસ્ટન્સિંગ, માસ્ક પહેરવાનું મહત્વ અને સેનિટાઈઝરના ઉપયોગ સાથે વારંવાર હાથ ધોવાથી થતાં ફાયદા અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

સુરત કોંગ્રેસ દ્વારા વધુ એક ટ્રેનમાં શ્રમિકોને યુપી રવાના કરાયા

તમામ ૧૬૦૦ શ્રમિકોનું ભાડુ સુરત કોંગ્રેસે ચૂકવી દીધું

સુરત

સોમવારે રાત્રે કોંગ્રેસની વધુ એક મફત ટ્રેન રવાના થઈ હતી, આ ટ્રેનના કુલ ૧૬૦૦ મુસાફરોની ટિકિટ કિંમત ૧,૧૦૪,૦૦૦ રૂપિયા કોંગ્રેસ પક્ષે ચૂકવ્યા હતા. શ્રમિકોએ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો આભાર માન્યો, અને નિઃ શુલ્ક ટિકિટ મળતા ખુશી વ્યક્ત કરી હતી.

માજી કેન્દ્રીય ગૃહ રાજય પ્રધાન અને ઉત્તર પ્રદેશના કુશીનગરના માજી સાંસદસભ્ય આર.પી.એન. સિંહની પહેલ પર, ટ્રેન ગોખરપુર રવાના કરવામાં આવી હતી, કુશીનગર વિસ્તારના શ્રમિકોએ પૂર્વ સાંસદ સભ્યને પોતાના વતન જવા માટે મદદ માંગી હતી, ત્યારબાદ આર.પી.એન. સિંહએ તાત્કાલિક તેઓને સુરતથી તેઓના વતન પોહચાડવા માટે પહેલ શરૂ કરી હતી, જેના પરિણામે ઘણા શ્રમિકો સુરતથી પોતાના વતન તરફ રવાના થયા હતા.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીની ઘોષણા બાદ કોંગ્રેસ એક પછી એક મફત ટ્રેનો મોકલી રહી છે. યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શાન ખાન, અને અનુપ રાજપૂતની આગેવાનીમાં પરપ્રાંતીય શ્રમિકોને તેમના વતન મોકલવાનું કામ કરવામાં આવી રહ્યું છે. યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શાન ખાને કહ્યું કે આ સંકટની ઘડીમાં અમે અમારા મજૂર ભાઈઓની સાથે ઉભા છીએ, અમે જે કરી શકશું તે કરીશું.

સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ જગદીશ પટેલે ત્રિરંગો ધ્વજ લહેરાવી પરપ્રાંતિય શ્રમિકોને રવાના કર્યા હતા.

કલેક્ટર ખરસાણે કન્ટાઈનમેન્ટ ઝોનની મુલાકાતે

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી વિસ્તારના ગોદાલનગર અને બલીઠા કન્ટેનમેન્ટ ઝોનમાં રહેતા લોકોને આવશ્યક ચીજવસ્તુઓ ડોર-ટુ-ડોર મળી રહે તેની ખાતરી તેમજ સર્વેલન્સ કામગીરીની ચકાસણી કરવા જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણે રૂબરૂ મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અનિલ પટેલ પણ હાજર રહયા હતા.

જલાલપોરમાં ઉેન્ગ્યુ દિવસની ઉજવણી

નવસારી

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના આટ, અબ્રામા, કૃષ્ણપુર, મટવાડ, દાંડી, સાગરા, દિપલા, વેસ્મા અને અર્બન હેલ્થ સેન્ટર વિજલપોર ખાતે વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડા.દિલિપ ભાવસારના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમના કર્મચારીઓ લોકોના ઘરે ઘરે વાહકજન્ય રોગો વિશે તેમજ મચ્છર ઉત્પત્તિ સ્થાનો અંગે જાણકારી આપવામાં આવી હતી. સર્વેલન્સ કરનાર ટીમોએ વપરાશી પાત્રોની ચકાસણી કરી તેમાં ટેમીફોસ દવાનું દ્રાવણ નાંખવામાં આવ્યું હતું. લોકોને પાણીના પાત્રને હવાચુસ્ત ઢાંકીને રાખવા તથા અઠવાડિયામાં એકવાર પાણીના પાત્રને ઘસીને સાફ કરવા સૂચના આપવામાં આવી હતી. મચ્છરદાનીના ઉપયોગ અંગે સમજ અપાઇ હતી. જલાલપોર તાલુકાના ગામોના તળાવમાં અને હવાળામાં પોરાભક્ષક માછલી મૂકવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, મેડિકલ ઓફિસરશ્રીઓ, તાલુકા હેલ્થ કચેરીના કર્મચારીઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

બીટકોઈન કૌભાંડમાં સપડાયેલા સ્વામિનારાયણ સંપ્રદાયના બે સાધુઓને CID ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યા

કરજણ

કરજણ તાલુકાના જીથરડી ગામની જમીનના કૌભાંડમાં સામેલ સ્વામિનારાયણ સંપ્રદાયના બે સાધુને સીઆઈડી ક્રાઈમે ઝડપી પાડ્યા છે. આજે બંન્નેને કોર્ટ સમક્ષ રજુ કરીને સીઆઈડીએ વધુ તપાસ અર્થે પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ અંગેની વિગત એવી છે કે, કરજણ તાલુકાના જુની જીથરડી ગામે આવેલી જમીનના કૌભાંડમાં વડોદરાના બિઝનેશમેન સોનેશ પટેલ પાસેથી બીટકોઈન કૌભાંડી શૈલેષ ભટ્ટની ઠગટોળકીએ ૧૩.૭૫ કરોડ રૂપિયા પડાવી લીધા હતા.

આ અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં નોધાયેલા ગુનાની તપાસ સીઆઈડી ક્રાઈમ કરે છે.સીઆઈડીએ આ ગુનામાં સ્વામિનારાયણ સંપ્રદાયના બે સાધુઓ કે.પી. સ્વામી અને નાનાસ્વામી ઉર્ફે હિતેશ રાવલ (જે હવે સંસારી બની ગયા છે) તેમની ધરપકડ કરી હતી. બંનેને કોર્ટ સમક્ષ રજુ કરી રિમાન્ડ માંગતા સીઆઈડીના તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, મુખ્ય સુત્રધાર શૈલેષ ભટ્ટ તેમજ અન્ય એક આરોપી અશોક વાળાને પકડવાના બાકી છે. વડોદરાના બિઝનેશમેનને વિશ્વાસમાં લેવા માટે સાધુઓએ ૧૦ લાખ રૂપિયા રોકડા ચુકવ્યા હતા. જે રૂપિયા ક્યાંથી અને કોની પાસેથી લાવ્યા હતા? કોઈ સ્થાવર કે જંગમ મિલકતો વસાવી છે કે કેમ ? બે વર્ષથી નાસતા ફરતા હોય તેમના આશ્રય સ્થાનોની પણ તપાસ કરવાની છે.

ડાંગમાં ફસાયેલા ૮૧૫ શ્રમિકોને વતન પહોંચાડવા માટેની વ્યવસ્થા

બસ અને ટ્રેન વડે શ્રમિકો વતન જશે

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા (એસ.ટી.ડેપો) ખાતે આજરોજ ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ કોરોના સંદર્ભે લોકડાઉનના કારણે ફસાયેલા શ્રમિકોને પોતાના રાજયમાં મોકલવાનું ભગિરથ કાર્ય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરે જણાવ્યું હતું કે ડાંગ જિલ્લામાં ૬૧૭ જેટલા ઈંટના ભઠ્ઠામાં કામ કરતા મજૂરોને અનાજની કીટ આપી,લકઝરી બસની વ્યવસ્થા કરી,સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ રવાના કરાયા હતા. આહવા,વઘઈ અને સાપુતારા ખાતે લારીઓ,નાની દુકાનો ચલાવી ધંધા-રોજગાર કરી ગુજરાન ચલાવતા પરપ્રાંતિયોનો સર્વે કરાવવામાં આવ્યો હતો. જેમાં ૧૩૯ લોકો ઉત્તરપ્રદેશ,૪૨ લોકો બિહારના અને ૧૧ લોકો મણીપુર તેમજ ૬ લોકો તામીલનાડુના હતા.

લોકડાઉનના સમયમાં ડાંગ પ્રશાસન આ શ્રમિકોની વ્હારે આવ્યું હતું. તમામ લોકોને માદરે વતન પહોંચાડવા માટે જિલ્લાના અધિકારી/કર્મચારીઓ ખડેપગે મહેનત કરી રહયા છે. શ્રમિકોને બહારના રાજયમાં જવા માટે એસ.ટી.બસ અને ટ્રેનના બુકીંગની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આજરોજ ઉત્તરપ્રદેશના ૯૧ લોકોને ત્રણ એસ.ટી.બસમાં સોશ્યલ ડિસ્ટન્સ રાખીને ભરૂચ રવાના કરાયા હતા. ત્યાંથી સાંજે ૧૭-૦૦ કલાકે ઉત્તરપ્રદેશની ટ્રેનમાં તેઓ રવાના થશે. ૧૧ લોકોને મણીપુર જવા માટે વડોદરા કલેકટરશ્રી સાથે પરામર્શ કરીને વ્યવસ્થા કરવામાં આવી છે. હવે ફક્ત બિહારના ૪૨ જેટલા શ્રમિકોને તા.૨૦/૦૫/૨૦૨૦ ના રોજ રીઝર્વેશન થઈ ગયા બાદ રવાના કરાશે. તથા તામીલનાડુના ૬ લોકોને સુરત થી તામીલનાડુની ટ્રેનમાં રવાના કરાશે. શ્રમિકો માટે રહેવા-જમવા તથા ચા-પાણી-નાસ્તા ની સગવડ કરી તમામ શ્રમિકોના આરોગ્યની ચકાસણી કરી રવાના કરવામાં આવે છે.

ડાંગ જિલ્લામાં કોરોના અસર શરૂ થઈ ત્યારથી આજદિન સુધી લોકડાઉનના સમય દરમિયાન વતન જવા માંગતા શ્રમિકોને કોઈપણ જાતની પક્ષાપક્ષી વગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકાર વતી મદદ કરવામાં આવેછે. ડાંગ જિલ્લાના,સ્થાનિક કે પરપ્રાંતિઓએ કોઈની પણ વાતમાં ભરમાવવું નહી તેમ કલેકટરશ્રી ડામોરે અનુરોધ કર્યો હતો.

કાપડ-હીરા ઉદ્યોગના અગ્રણીઓ દ્વારા મ્યુનિ. કમિ. સાથે મીટિંગ

સુરત

રાજય સરકારે ચોથા લોકડાઉનના અમલ સાથે ભારે છુટછાટ આપવામાં આવી છે. કાપડ માર્કેટ અને હીરા કારખાનાને પણ શરૂ કરવાની છૂટના મુદ્દે સુરત શહેરના કાપડ અને ડાયમંડ ઉદ્યોગ અવઢવની સ્થિતિમાં છે. આ અંગે બંને ઉદ્યોગના આગેવાનોએ સુરત કલેક્ટર પાસે માર્ગદર્શન માંગ્યું છે. તેમજ કાપડ-હીરા ઉદ્યોગ શરૂ કરવા માટે ચોક્કસ નિયમોનું પાલન જરૂરી હોવાની વિવિધ સંગઠનોના આગેવાનોની બેઠક જારી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાપડ અને હીરા ઉદ્યોગ અંગે સુરત મનપા કમિશનરની સાથે આગેવાનોની બેઠકનો પ્રારંભ થઈ ગયો છે. આ બેઠકમાં આ બંને ઉદ્યોગોને શરૂ કરવા માટે ચોક્કસ માર્ગદર્શિકાની અપેક્ષા મનપા કમિશનર પાસેથી માંગવામાં આવી છે. તેમજ કન્ટેન્ટમેન્ટ અને નોન-કન્ટેમ્મેન્ટના મુદ્દે પણ ચર્ચા આવી રહી છે.

રાજય સરકારની નવી માર્ગદર્શિકા મુજબ સુરત શહેરનો કાપડ ઉદ્યોગ પણ ધમધમતો થઈ જશે. જોકે આજે કાપડ ઉદ્યોગના વિવિધ સંગઠનોની બપોર બાદ એક બેઠક મળશે. આ બેઠકમાં ટેક્ષ્ટાઈલ માર્કેટ વિસ્તારની દુકાનો ઓફિસો શરૂ કરવા માટેનું આયજન નક્કી કરવામાં આવશે. રિંગરોડ સ્થિત કાપડ માર્કેટોમાં ખૂબ જ મોટાપાયે લોકોની અવર જવર રહેતી હોય છે. માર્કેટોમાં લોકો એકીસાથે ઉમટી ન પડે એ માટે માર્કેટોને ચાલુ કરતા પહેલા કેટલાક ચોક્કસ નિયમોની ચર્ચા કરવા માટે વેપારી સંગઠનોએ બેઠક બોલાવી છે. જેમાં દુકાનદારમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યાનું નિયંત્રણ, ખરીદી આવનારા લોકોનું નિયંત્રણ સહિતની ચોક્કસ માર્ગદર્શિકા બનાવવામાં આવશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૩ લાખ કરતા વધુ લોકોનું સર્વેલન્સ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈકાલે તા.૧૮ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, ૬૬.૪૨ ટકા રિકવરી રેટ થયો છે. ૪.૭૭ ટકા મૃત્યુ દર છે. પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોન માંથી મળી આવે છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૪૦૧૪ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૪૦ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૫૭ લોકો છે. ૧૭૧૪ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૧૩ લાખ કરતા વધુ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યા છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૩૯ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. આયુષ મંત્રાલયના જણાવ્યા અનુસાર હોમિયોપેથીક દવાનું વિતરણ એક લાખ કરતા વધુ લોકોને આજે આપવામાં આવી હતી.

કોવિડના કારણે બાળકોના રસીકરણ કરવા માટે થોડી સમસ્યા ઉભી થઈ હતી, જેનું નિવારણ કરીને આજથી રસીકરણ કામગીરી ફરી એકવાર ચાલુ કરવામાં આવી છે. પ્રિમોન્સુનની કામગીરી આજથી મોટાપાયે ચાલુ કરવામા આવી છે. અત્યાર સુધી આવક વસુલાતમાં સુરત મહાનગર પાલિકાને ૩૨ કરોડની આવક થઈ છે. અત્યાર સુધી ટ્રેન દ્વારા ૨,૬૪,૦૦૦ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના ઘરે મોકલવામાં આવ્યા હતા. સુરતમાં માસ્કનું પ્રચલન ખૂબ જ વધ્યું છે, જે એક સરાહનીય ટેવ છે. જ્યારે તેની સામે પડકારજનક લાગતાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવુ જરૂરી છે. જો આ નિયમોનું પાલન નહિં કરવામાં આવે તો નિયમભંગ કરનાર લોકો પાસેથી દંડ વસુલવામાં આવશે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૮૩ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૧૦૯૦ અને જિલ્લાના ૮૩ મળીને કુલ ૧૧૭૩ કેસો નોંધાયા છે.

સુરતમાં નવા ૩૦ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૨૦૩ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૨૩ ડિસ્ચાર્જ થયા

પાન-માવાની દુકાનો ખુલી : ટેક્સટાઈલ એકી-બેકી, ડાયમંડ, વિવિંગ અને પાવર ઈન્ડસ્ટ્રીઝ રોજ શરૂ કરવાનો નિર્ણય : નોન કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં દુકાનો ખુલી, સોશિયલ ડિસ્ટન્સ સાથે લોકોએ ખરીદી કરી : સુરત શહેર બાદ જિલ્લામાં પણ કેસમાં વધારો થતા આરોગ્ય વિભાગે કામગીરી હાથ ધરી

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૩૦ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૨૦૩ થઈ ગઈ છે. વધુ એકનું મોત થતા આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૫૪ થઈ ગયો છે. શહેરમાં વધુ ૨૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં કુલ ૭૮૩ દર્દીઓએ કોરોનાને માત આપી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આજથી છૂટછાટ આપવામાં આવી છે. જેથી શહેરના કેટલોક વિસ્તાર જ કન્ટેઈન્ટમેન્ટ ઝોનની બહાર હોવાથી ત્યાં દુકાનો ખુલી છે. જેમાં લોકો સોશિયલ ડિસ્ટન્સ સાથે ખરીદી કરી રહ્યા છે. દરમિયાન નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં ટેક્સટાઈલ એકી-બેકી, ડાયમંડ, વિવિંગ અને પાવર ઈન્ડસ્ટ્રીઝ રોજ ૫૦ ટકા સ્ટાફ સાથે શરૂ કરવાનો પાલિકાની ઉદ્યોદકારો સાથે મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો છે.

શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૫૪ પર પહોંચી ગયો છે. જેમાં આજે વધુ એકનું મોત થયું છે. એકે રોડ પર આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતો ૨૭ ક્રિષ્ના ગોવિંદ બિશોઈને ૧૧ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કરવામાં આવ્યો હતો. જેનું આજે મોત થયું છે.

આજે સુરત સિટીમાં ૨૯ કેસ નોંધાયા છે. જ્યારે એક કેસ જિલ્લામાં નોંધાયો છે. જેમાં લિંબાયત અને કતારગામ ઝોનમાં સૌથી વધુ સાત-સાત કેસ નોંધાયો છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૧, વરાછા-એ ઝોનમાં ૫, વરાછા-બી ઝોનમાં ૧, રાંદેર ઝોનમાં ૩, ઉધના ઝોનમાં ૩ અને અઠવા ઝોનમાં ૨ કેસ નોંધાયા છે.

લોકડાઉન ૪માં રાજ્ય સરકાર દ્વારા નોન કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં નાના મોટા વેપારીઓને દુકાનો ખોલવાની પરવાનગી આપી છે. જેથી સુરતમાં નોન કન્ટેઈન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં ચશ્મા, બુટ ચંપલ, રસોઈના મસાલા, અંડર ગારમેન્ટ સહિત રેડીમેડ ગારમેન્ટની દુકાનો ખુલી છે. જ્યારે દુકાનની બહાર નો માસ્ક નો એન્ટ્રીના બેનર પણ મારવામાં આવ્યા છે.

કોરોના વોરિયરને ચેપ લાગ્યોનોંધાયેલા પોઝિટિવ કેસોમાં ફરી એક વખત કોરોના સામે યુદ્ધ લડી રહેલા કોરોના વોરિયર્સ ચેપગ્રસ્ત થયા છે. જેમાં ખાનગી હોસ્પિટલની નર્સ, સ્મીમેર હોસ્પિટલના પ્યુન, તેમજ પાલિકાના ક્લાર્કનો સમાવેશ થયો છે. આ સિવાય ગેસ એજન્સીના કર્મચારી, એસ્ટેટ બ્રોકર અને શિક્ષીકા તેમજ વિદ્યાર્થીનીનો પણ સમાવેશ થયો છે.

કન્ટેઈનમેન્ટ ઝોનમાં મોબાઈલની દુકાનો ખુલ્લી રાખનારને પાંચ હજારનો દંડ

સુરત

લોકડાઉન ૪.૦ની શરૂઆત સાથે જ સુરતના કન્ટેઈનમેન્ટ ઝોનમાં મનાઈ છતાં મોબાઈલની દુકાન ખુલ્લી રાખનારા દુકાનદારને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સુરતમાં કોરોના માટે એપી સેન્ટર બનેલા માન દરવાજામાં આજે ભાટિયા મોબાઈલ નામની દુકાન સહિતની દુકાનો શરૂ થઈ ગઈ હતી. રેડ ઝોનમાં આવી દુકાનો ખોલવા પર પ્રતિબંધ હોવા છતાં દુકાન શરૂ થઈ ગઈ હતી. સોશિયલ ડિસ્ટન્સના નિયમનો ભંગ કરીને દુકાન શરૂ થતા મહાનગરપાલિકાના લિંબાયત ઝોને કાર્યવાહી કરી હતી. મહાનગરપાલિકાએ દુકાનદારો પાસે પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારવાની સાથે દુકાન પણ બંધ કરાવી હતી. મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે કન્ટેઈનમેન્ટ ઝોનમાં જીવન જરૂરિયાતની વસ્તુ સિવાયની કોઈ પણ દુકાન ખોલી શકાશે નહીં.

છૂટછાટ સાથે ફરી વેગવંતુ બન્યું સુરત, નોન કન્ટેન્ટમેન્ટ ઝોનમાં દુકાનો ખુલી



પોઝિટિવ કેસનો આંક ૧૧૭૩ પર પહોંચ્યો, મૃત્યુઆંક ૫૪ અને રિકવરી આંક ૭૬૦ થયો

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૧૭૩ થઈ ગઈ છે. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૫૪ થઈ ગયો છે. શહેરમાં ગત રોજ વધુ ૨૧ દર્દઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી હતી. આ સાથે શહેર જિલ્લામાં કુલ ૭૬૦ દર્દીઓએ કોરોનાને માત આપી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આજથી છૂટછાટ આપવામાં આવી છે. જેથી શહેરના કેટલોક વિસ્તાર જ કન્ટેઈન્મેન્ટ ઝોનની બહાર હોવાથી ત્યાં દુકાનો ખુલશે.

નોંધાયેલા પોઝિટિવ કેસોમાં ફરી એક વખત કોરોના સામે યુદ્ધ લડી રહેલા કોરોના વોરિયર્સ ચેપગ્રસ્ત થયા છે. જેમાં ખાનગી હોસ્પિટલની નર્સ, સ્મીમેર હોસ્પિટલના પ્યુન, તેમજ પાલિકાના ક્લાર્કનો સમાવેશ થયો છે. આ સિવાય ગેસ એજન્સીના કર્મચારી, એસ્ટેટ બ્રોકર અને શિક્ષીકા તેમજ વિદ્યાર્થીનીનો પણ સમાવેશ થયો છે.

સુરત શહેરની કુલ વસ્તીના ૨૫% લોકો કન્ટેનમેન્ટ ઝોનમાં, છૂટછાટનો આંશિક જ લાભ મળશે

ઓટોમોબાઈલ શોરૂમમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ તે માટે માર્કિંગ કરવામાં આવ્યું : છૂટછાટ પણ સાવચેતી પૂરી રાખવી પડશે : ડુમસ ચોપાટી, ગોપીતળાવ, સરથાણા ઝૂ અને એકવેરિયમ બંધ રહેશેઃ કન્ટેનમેન્ટ ઝોનમાં રહેનાર નોન કન્ટેનમેન્ટ ઝોનમાં નોકરી, દુકાન, ઓફિસો, ધંધા-રોજગારે જઈ શકશે નહિંઃ મ્યુ. કમિ.

સુરત

સીએમ વિજય રૂપાણીએ કન્ટેનમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ સિવાય કોઈપણ પ્રકારની છૂટછાટ ન આપવાની જાહેરાત કરી છે ત્યારે સુરતીઓને લોકડાઉનમાં વધુ છૂટછાટ મળી શકશે નહીં કારણકે શહેરના ૩૫૧૪૭૨ ઘરના કુલ વસ્તીના ૨૫ ટકા ૧૬.૧૪ લાખ લોકો કન્ટેનમેન્ટ ઝોનમાં છે. અઠવા ઝોનને બાદ કરતાં અન્ય ઝોનના મોટાભાગના એરિયા કન્ટેનમેન્ટ ઝોનમાં હોવાથી શહેરમાં નોન કન્ટેનમેન્ટ ઝોનમાં આંશિક છૂટછાટ જ મળશે. કન્ટેઈમેન્ટ ઝોનમાં સવારે ૮થી બપોરે ૩ સુધી માત્ર અનાજ-કરિયાણા, શાકભાજી, મેડીકલ સ્ટોર્સ સહિતની આવશ્યક સેવા ચાલુ રહેશે . સિટી બસ અને રિક્ષા જેવી માસ ટ્રાંસપોર્ટેશન સેવા પણ બંધ રહેશે.

પાલિકા કમિશનરે જણાવ્યું હતું કે કન્ટેનમેન્ટ ઝોનમાં રહેતો વ્યક્તિ સંક્રમણ ન ફેલાય તે માટે નોન કન્ટેનમેન્ટ ઝોનમાં જઈ શકશે નહિં. જેથી તે નોકરી અથવા દુકાન તથા બીજા ધંધા રોજગાર માટે જઈ શકશે નહીં. નોન-કન્ટેનમેન્ટ ઝોનમાં આપવામાં આવેલી છૂટછાટનો મહત્તમ લાભ શહેરીજનોને મળશે નહીં. આઠ ઝોનમાં સૌથી વધુ કન્ટેનમેન્ટ એરિયા લિંબાયત ઝોનમાં છે. જેમાં ૬.૧૧ લાખ લોકો ઘરમાં બંધ રહેવું પડશે ત્યાર બાદ સેન્ટ્રલ ઝોનમાં ૪.૪૪ લાખ અને કતારગામ ઝોનમાં ૧.૫૫ લાખ લોકો હોમ ક્વોરન્ટાઈન હેઠળ છે. અઠવા ઝોનમાં માત્ર ૪૦૦૦ લોકો જ ક્વોરન્ટાઈન હેઠળ હોવાથી સ્થાનિકોને નોન કન્ટેમેન્ટ ઝોન હેઠળની છૂટછાટનો સૌથી વધુ લાભ મળશે.

આ વિસ્તારો ચાલુ

- અઠવાલાઈન્સ, વેસુ, VIP રોડ, સિટીલાઈટ, પીપલોદ, અલથાણ સાથે કાંઠાના ડુમસ, આભવા, ગવિયર, ભીમરાડ, ખજોદ સહિતના ગામોમાં દુકાનો-ઓફિસો ખોલી શકાશે.
- રેસ્ટોરેન્ટ ખુલશે પરંતુ હોમ ડીલવરી જ કરી શકાશે.
- વરાછા મીની બજાર, વરાછા મેઈન રોડની દુકાનો ખુલશે.

આ વિસ્તારો બંધ

- ડુમસ ચોપાટી, ગોપીતળાવ, સરથાણા ઝૂ, એકવેરિયમ બંધ રહેશે.
- રાજમાર્ગ, ચૌટાબજાર, ભાગાતળાવ, વરિયાવીબજારની કપડા-મોબાઈલ દુકાનો બંધ રહેશે.
- ઝાંપાબજાર, બેગમપુરા કન્ટેમેન્ટ ઝોનમાં હોવાથી ત્યાં મટન માર્કેટથી લઈ ખાણીપીણીથી લઈ તમામ દુકાનો બંધ રહેશે.
- અડાજણ, રાંદેર, પાલનપોર જકાતનાકા વિસ્તાર કન્ટેનમેન્ટ ઝોનમાં હોવાથી આવશ્યક ચીજવસ્તુઓ જ મળી શકશે. આ સિવાયની તમામ દુકાનો-ઓફિસો બંધ રહેશે.



સુરત ટેક્સટાઈલ માર્કેટ શરૂ કરવાની તૈયારી, સેનિટાઈઝની કામગીરી હાથ ધરાઈ, માર્કેટ દીઠ નિયમો બનાવાયા

ગ્રાહક અને વેપારીઓને મેઈન ગેટમાંથી જ પ્રવેશ અપાશે : માર્કેટોમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે એ માટે પોલિસી બનાવવામાં આવી છે : ગ્રાહક અને વેપારીઓ માટે ગ્રાઉન્ડ ફ્લોર પર લિફ્ટ બહાર ગોળાકાર સર્કલ બનાવાયા

સુરત

લોકડાઉન ૪.૦માં થોડી છૂટછાટ આપવામાં આવી છે. જેમાં આજે પાલિકા અને ઉદ્યોગકારો વચ્ચેની બેઠકમાં ટેક્સટાઈલ માર્કેટ એકી-બેકી તારીખમાં ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જેથી હાલ માર્કેટોને સેનિટાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવીછે.સાથેસાથેમાર્કેટ દીઠ નિયમો પણ બનાવવામાં આવ્યા છે. જેનું ફરજિયાતપણે પાલન કરવાનુંરહેશે.

પાલિકા અને ઉદ્યોગકારીનો બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે, સુરત શહેર વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ અથવા યુનિટ શરૂ થશે. જેમાં કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાંથી કોઈપણ વ્યક્તિને કામ માટે રાખી શકાશે નહીં. સુરતમાં ટેક્સ્ટાઈલ માર્કેટની દુકાનો એકી બેકી તારીખ સાથે ખોલવાની મંજૂરી આપવામાં આવે છે. જેથી કુબેરજી માર્કેટમાં હાલ સેનિટાઈઝની કામગીરી ચાલી રહી છે. સાથે સાથે ગ્રાહક અને વેપારીઓ માટે ગ્રાઉન્ડ ફ્લોર પર લિફ્ટ બહાર ગોળાકાર સર્કલ બનાવવામાં આવી રહ્યા છે.

માર્કેટમાં બનાવાયેલા નિયમો

- માસ્ક પહેરવું ફરજિયાત છે. માસ્ક ન પહેરનાર પાસેથી ૨૦૦નો દંડ લેવામાં આવશે
- માર્કેટમાં પ્રવેશવા માટે માત્ર મેઈન ગેટનો જ ઉપયોગ કરવાનો રહેશે
- માર્કેટમાં અથવા માર્કેટની બહાર ચાર વ્યક્તિથી વધારે લોકોએ ભેગા થવાની સખ્ત મનાઈ છે
- માર્કેટ તથા લિફ્ટમાં પ્રવેશ કરવા માટે માર્કેટની બહાર તથા લિફ્ટ બહાર કરેલા સર્કલનો જ ઉપયોગ કરવાનો રહેશે
- માર્કેટમાં દુકાનો એડ અને ઈવન સિકવલમાં ખોલવાની રહેશે
- માર્કેટનો સમય સવારે ૮થી સાંજના ૪ સુધીનો રહેશે. ૪ વાગ્યા પછી દુકાન ખુલી હશે તો તેની જવાબદારી દુકાન માલિક તથા વેપારીને રહેશે
- માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું ફરજિયાત છે
- માર્કેટમાં પાન-માવા ખાઈને થૂંકવાની સખ્ત મનાઈ છે. થૂંકતા પકડાશો તો કાનુની કાર્યવાહી હાથ ધરાશે.

યોગીચોક વિસ્તારમાં ઘરે-ઘરે લોકોને ઉકાળો પીવડાવાયો

૧.૫૦ લાખ લોકોને ઉકાળો વિતરીત કરાયો

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે રોગપ્રતિકારક શકિત વધારવા માટે કેન્દ્ર સરકારના આયુષમાન મંત્રાલય દ્વારા જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. જેથી જિલ્લા પંચાયતના આયુર્વેદિક દવાખાના, કુંભારીયાના મેડિકલ ઓફિસર ડો.ઘનશ્યામભાઈ પટેલની આગેવાની હેઠળ સૂરત શહેરના સણીયા-કનડે, સણીયા-હેમાદ, સાબરગામ, સારોલી, દેલાડવા, ખરવાસા, મોહિની, દેવધ, પુના ગામ, યોગી ચોક, પરવત ગામ અને કુંભારિયા ગામની આજુબાજુની ૫૦ કરતા વધારે સોસાયટીમાં દોઢ માસ દરમિયાન ૧.૫૦ લાખ લોકોને આયુર્વેદિક ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાપોદ્રા, સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ મિત્રોને પણ રોગ પ્રતિકારક શક્તિ વર્ધક આયુર્વેડીક ઔષધી સંશમની વટી અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વાપીનો બલીઠા વિસ્તાર કોરોના કન્ટાઈનમેન્ટ ઝોન જાહેર થયો

જિલ્લા મેજીસ્ટ્રેટે પ્રતિબંધક હુકમો જાહેર કર્યા

વલસાડ

વલસાડ જિલ્લાના બલીઠા-વાપી વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસ જણાતાં આ વાઇરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે એપેડેમીક ડીસીઝ એકટ અન્વયે મળેલી સત્તાની રૂએ તાત્કાલિક અસરથી કલસ્ટર કન્ટાઇનમેન્ટ અને બફર ઝોન નક્કી કરી તા.૨૯/૫/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જે અનુસાર બલીઠા ગામમાં આવેલી ગફુરભાઈની ચાલ, શુભ એપાર્ટમેન્ટ , ઝરીન એપાર્ટમેન્ટ., ગફુરભાઇ એપાર્ટમેન્ટ , ચીસ્તીયા બિલ્ડિંગ, મોલીન કુરેશી, સ્વસ્તિક એપાર્ટમેન્ટ તેમજ ઝુબેર ઓટો ગેરેજ (ને.હા.નં.૪૮ ઉપર) સ્વસ્તિક ગેરેજ, ક્રિષ્ના ઓટોપાર્ટસ, પૂજા ઇલેક્ટ્રોનિક, સુપર ઓટો ઇલેક્ટ્રોનિક, રોસન સીટવર્ક, રાલકો ટાયર, એ.કે.બેટરી, સુપર મોટર ગેરેજ, સબસાર ગેરેજ, હરીઓમ કૃપા, ભંડારવાડ, બુડાણીયા ફળિયા, છાણિયા ફળિયા, વિસ્તારને કલસ્ટર કન્ટાઇનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારની સરહદ સીલ કરી તેમાં તમામ પ્રકારની અવરજવર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે. કન્ટાઇનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ ઓપીડી અને મેડીકલ ક્લીનીક ચાલુ કરી શકાશે નહીં. આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધી સોશિયલ ડીસ્ટસન્સનું પાલન કરવાની શરતે મુક્તિ આપવામાં આવે છે.

આ કલસ્ટવર કન્ટાઇનમેન્ટ અને બફર ઝોનમાં દ્વિચક્રિય વાહન ઉપર એક વ્યક્તિ અને ત્રણ/ ચાર ચક્રીય વાહનમાં બે થી વધુ વ્યક્તિઓ પ્રવાસ કરી શકશે નહી. આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અને અર્ધ સરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા સાથે સંકળાયેલા વ્યક્તિ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઇસ્યુ કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઇસ્યુ કરવામાં આવ્યા છે તેઓ તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા તેમજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટે એકટની જોગવાઇ મુજબ સજાને પાત્ર થશે.

જૈન ડોકટર્સ ફેડરેશનના ઉપક્રમે ૨૦ લાખની દવાનું ફીમાં વિતરણ

સુરત

જૈન ડોકટર્સ ફેડરેશન સુરત તથા ઝોટા હેલ્થકેર દ્વારા લોકડાઉન ના સંજોગોમાં જૈન સમાજના જે લોકો નિયમિતપણે લાંબી બિમારી ની દવાઓ લેતા હતા અને આર્થિક કે અન્ય કારણોસર આ દવાઓના સંકટનો સામનો કરી રહ્યા હતા તેવા લોકો ને દવા મળી રહે તે હેતુથી લગભગ ૧૦૦૦ જૈન પરિવારના સભ્યોને તેમના ઘરેઆંગણે દવાઓનું વિતરણ તદ્દન ફ્રી માં કર્યું. આ સ્કીમ અંતર્ગત જે સભ્યોને દવાઓની જરૂરીયાત હતી તેમણે તેમની જરૂરી વિગતો અને પ્રિસ્ક્રિપ્શન અમે આપેલ WhatsApp પર રજીસ્ટર કરતા ઝોટા હેલ્થકેર દ્વારા ઉપલબ્ધ સ્ટોક પ્રમાણે દવા ની કીટ તૈયાર કરી તેની હોમ ડિલીવરી કરવામાં આવી અને આ સમગ્ર પ્રક્રિયા કોઈના પણ સંપર્ક મા આવ્યા વગર ફક્ત મેસેજ થી પૂર્ણ કરી દવા ની હોમ ડિલીવરી ૨૪ થી ૪૮ કલાક ની અંદર કરવામાં આવી. સરાહનીય કાર્ય મા સહભાગી થવા બદલ ઝોટા હેલ્થકેરના સીઈઓ કેતનભાઈ ઝોટા તથા નિરલભાઈ ઝોટા નો આભાર માનીએ છીએ કે તેમના થકી આશરે ૨૦ લાખ રૂપીયાની બજાર કિંમત ની દવાઓ જૈન સમાજને નિઃશુલ્ક મળી અને સૌથી અગત્યનું જૈન ડોક્ટર્સ ફેડરેશન કે ઝોટા હેલ્થકેર ના કોઈપણ હોદ્દેદારો એ દવા લેનાર વ્યક્તિ સાથે જાતસંપર્ક કે ફોટોગ્રાફી કરી ઓળખ છતી કરી ન હતી.

નવસારી પોલીસ દ્વારા ૧૦૬ વાહનો ડીટેઈન

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૧૭ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્મ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ ઍકટ ૧૯૫૧ હેઠળ ૧૩૨ સામે ઍફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૫૮ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૦૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. તા.૧૭ મે સુધીમાં કુલ ૯૫૯૪ ઍફઆઈઆર તેમજ કુલ ૧૦૬૪૧ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

ગંગા સ્વરૂપ બહેનોને જીવનજરુરી આવશ્યક ચીજ વસ્તુઓની કીટનું વિતરણ કરાયું



સુરત

આ કાર્યક્રમની શુભશરૂઆત કોરોના ગ્રસ્ત લોકોનું આરોગ્ય સારું થાય તે માટે ગાયત્રી મંત્ર તેમજ કોરોનાથી મૃત્યુ પામેલ લોકો માટે શાંતિ પ્રાથના કરીને કરી હતી. L.I.C. એજન્ટ એસોસીએશન સુરત ડીવીઝન, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાંચ,શાંતિ ઉત્કર્ષ મહિલા મંડળ,ગંગા સ્વરૂપ ઉત્કર્ષ મહિલા મંડળ સુરત અને સક્ષમ સુરતના સયોગથી તેમજ પુર્વ મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના અધ્યક્ષ સ્થાને જેમની પાસે મર્યાદિત આવકના સ્ત્રોત છે કે પછી આર્થિક ઉપાર્જન કરી શકે તેવો આધાર નથી તેવી ગંગા સ્વરૂપ ૧૦૦ જેટલી બહેનોને જીવનજરુરી આવશ્યક ચીજ વસ્તુઓની કીટનું સુમન હાઉકુલ, માતાવાડી ખાતે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગોવિંદભાઇ પટેલ, મનજીભાઇ સવાણી, કેતનભાઈ ઝવેરી, હેમંતભાઈ સાચાણી, ધીરજલાલ ઘોળકિયા, અશ્વીનભાઈ પટેલ, ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કમાન્ડન્ટ સાથે રેડક્રોસ બ્રાં ચ સુરતના પ્રમુખ એવા ડો.પ્રફુલભાઈ શિરોયાએ આપના દેશના વડાપ્રધાન શ્રી અને મુખ્યમંત્રી શ્રીના કહેવા પ્રમાણે હાલના સમયમાં દરેકે એકબીજાથી સોશિયલ ડિસ્ટન્સ રાખવુંહાથને વારંવાર ધોઈને સેનેટાઈજ કરવા અને માસ્ક ફરજિયાત પહેરવાનું કહ્યું હતું.

આ કાર્યક્રમમાં વંદિતાબેન નચિત,મનીષાબેન ભદ્રાબેન ,ગીતાબેન,રેડક્રોસના ફર્સ્ટએડ ટ્રેનર નીલેશભાઈ વેજપરા,એઇસ પ્રોજેક્ટના પ્રોગ્રામ મેનેજર હિરેન ભાઈ ગજેરા,રાજેશભાઈ મેર ઉપસ્થિત રહી સોશિયલ ડિસ્ટન્સનું બધી બહેગ્નો પાસે પાલન કરાવ્યુ હતું. તેમજ ડો.કોમલબેન શિરોયા (દેશાઈ)એ આ બધી બહેનોનું કો-ઓર્ડિનેશન કરી આ કાર્યક્રમને સફળ બનાવી દિનેશભાઈ જોગાણી એ આભાર વ્યક્ત કર્યો હતો.

રાજપીપળામાં પહેલો રોજો રાખવા બદલ છ વર્ષના ભૂલકાં મોહમ્મદ ફેઝ મોહસીન મન્સૂરીને મુબારકબાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



એક તરફ ગરમીનો પારો ઉચો ચઢતો જાય છે જેના લીધે આગ લગાડી દે તેવી કાળઝાળ ગરમી પડી રહી છે. તો બીજી તરફ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. જેમા મુસ્લિમ બિરાદરો રમઝાન માસના રોઝા રાખી નમાઝ પઢી અલ્લાહની બંદગી કરી રહ્યા છે. જેમાં ખાસ કરીને નાના ભૂલકાઓ પણ અતિશય કાળઝાળ ગરમીમાં પવિત્ર રમઝાન માસના રોઝા રાખી રહ્યા છે.

જેમાં રાજપીપળા ના દરબાર રોડ જૂની પોસ્ટ ઓફિસ જાનીપાઈગા પાસે રહેતા મોહમ્મદ ફેઝ મોહસીન એ છ વર્ષ ની નાની ઉમર માં પોતાના જીવનનો પહેલો રોઝો રાખી ખુદાની બંદગી કરતા જોવા મળ્યા છે. પવિત્ર રમઝાન માસમાં ખાસ કરીને નાના ભુલકાઓ રોઝા રાખી ખુદાની બંદગી કરી પોતાના પરિવાર તેમજ દેશ અને દુનિયામાં અમન અને શાંતિ માટે તેમજ કોરોના ની મહામારી થી સમગ્ર દુનિયા ને છુટકારો મળે તેવી દુવાઓ માંગી પવિત્ર રમઝાન માસની ઉજવણી કરતા જોવા મળી રહ્યા છે.

પ્રવાસી મજુરના મોત મામલે ફરિયાદ દાખલ

ઓરિસ્સામાં સુરત પોલીસ સામે એફઆઈઆર નોંધાઈ

૩૬ વર્ષીય પ્રવાસી મજદૂર સત્યવાન સ્વૈનનું મૃત્યુ ૧૪મેના દિવસે અમરોલીમાં થયું હતું : હત્યા મુદ્દે ફરિયાદ દાખલ

સુરત

ઓડિશામાં સુરત પોલીસ વિરુદ્ધ હત્યાના ગુના અંગે એક એફઆરઆઈ નોંધવામાં આવી છે. મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના રહેવાસી ૩૬ વર્ષીય પ્રવાસી મજૂર સત્યવાન સ્વૈનનું મૃત્યુ ૧૪મે ના રોજ સુરતના અમરોલી વિસ્તારમાં મૃત્યુ થયું હતું. જેને લઈને તેના મોટા ભાઈ સંતોષકુમાર દ્વારા ગંજામ જિલ્લાના ભંજનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઓડિશા પોલીસ દ્વારા આઈપીસીની કલમ ૩૦૪ અંતર્ગત ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને કેસની વધુ તપાસ માટે સુરત પોલીસને ટ્રાન્સફર કરવામાં આવશે. પોતાની ફરિયાદમાં સંતોષે આરોપ લગાવ્યો છે કે, 'મને કેટલાક પ્રત્યક્ષદર્શી દ્વારા માહિતી મળી છે કે મારા ભાઈનું મૃત્યુ પોલીસ લાઠીચાર્જમાં ગંભીર ઈજા પહોંચવાથી થયું છે અને તેને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજયું હતું. ગંજામ જિલ્લાના પોલીસ સુપ્રિટેન્ડેટ બ્રિજેશકુમાર રોયે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર દેશના કોઈપણ ભાગમાં પોલીસ પાસે જ્યારે ફરિયાદ પહોંચે છે ત્યારે તેમણે આ ફરિયાદ નોંધવાની હોય છે. જેથી અમે ભંજનગર પોલીસ સ્ટેશનમાં ઝીરો એફઆઈઆર નોંધી છે અને વધુ તપાસ માટે તેને સુરત પોલીસને ટ્રાન્સફર કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે જે ગુનાને સ્પષ્ટરૂપે ઓળખી શકાય તેવા કોગ્નિઝેબલ ગુનાના કિસ્સામાં દેશના કોઈપણ પોલીસ સ્ટેશનમાં જ્યારે ફરિયાદી ફરિયાદ નોંધાવે છે ત્યારે તેને નોંધી લેવામાં આવે.

આ સમયે ગુનાસ્થળ, પોલીસ સ્ટેશન અને ન્યાયિક ક્ષેત્રાધિકાર પ્રાથમિકતા ન આપવાની સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ છે. મૃતકના ભાઈ સંતોષકુમારે કહ્યું કે, માર પડવાના કારણે મારો ભાઈ સ્થળ પર બેભાન થઈને ઢળી પડ્યો હતો. તેને કોઈપણ જાતની મેડિકલ સહાય મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. મૃતક સત્યવાન અમરોલી પોલીસ સ્ટેશનની હદમાં આવતા અંજની ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલ એક ટેક્ષટાઈલ યુનિટમાં કામ કરતો હતો. હાલમાં લોકડાઉનના કારણે પોતાના ગામ પરત ફરવા માગતા ઓડિશાના મજૂરોએ ટ્રેનની ટિકિટ મામલે હોબાળો મચાવ્યો હતો ત્યારે પોલીસ દ્વારા સ્થિતિને થાળે પાડવા કરવામાં આવેલ લાઠીચાર્જમાં કથિતરૂપે સ્વૈનને ઈજા પહોંચી હતી. જ્યારે સુરત પોલિસ કમિશનર આરબી બ્રહ્મભટ્ટે પોલીસ લાઠીચાર્જના કારણે સ્વૈનના મૃત્યુના આરોપને તત્કાળ ફગાવી દીધા છે અને તેમણે મૃતકના પોસ્ટમોર્ટમ રિપોર્ટનો અહેવાલ આપતાં કહ્યું કે, મૃતકનું મૃત્યુ હાર્ટ અટેકના કારણે થયું હોવાનું રિપોર્ટજણાવે છે.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં ૭૮ દર્દીઓ પૈકીના ૩૬ લોકોને ડિસ્ચાર્જ કરાયા

સુરત જિલ્લામાં સર્વે અને આરોગ્યની ૧૬૩ ટીમ કાર્યરત

સુરત

સુરત જિલ્લામાં પોઝિટીવ કેસોની સંખ્યા ૭૮ હતી, જેમાં ૫ કેસોનો વધારો થવાથી આજે કુલ ૮૩ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ ગતરોજ સુધી કુલ ૩૬ દર્દીઓને સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી ચોર્યાસી તાલુકાના ૦૧, કામરેજ તાલુકાના કઠોદરા ગામના ૦૧, ઓલપાડ તાલુકાના ભટગામના ૦૨ તેમજ વિહારા ગામના ૦૧ મળી આજે ૫ કેસો મળી કુલ ૮૩ કેસો આવ્યા છે. કુલ ૭૩૦૯ ટેસ્ટીગ કરવામાં આવતાં ૮૩ પોઝિટીવ અને ૭૧૮૧ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૧ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અંધાત્રી, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દિવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ કન્ટેઈનમેન્ટ ક્લસ્ટર વિસ્તારનાં કુલ ૧૬,૮૪૪ ઘરો અને કુલ વસ્તી ૭૨૦૪૭ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૩ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૧૯૭૩ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૩૪૬ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૩૧૯ લોકો હોમ કોરન્ટાઈન છે. જ્યારે આજે ૮૪ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૨૩૫ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સુરત લોકડાઉન ૪.૦માં પાલિકા અને ઉદ્યોગકારો વચ્ચે બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય

ડાયમંડ, વિવિંગ અને પાવર ઈન્ડસ્ટ્રીઝ રોજ ૫૦ ટકા સ્ટાફ સાથે શરૂ કરાશે



સુરત

લોકડાઉન ૪.૦ની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઉદ્યોગોને શરૂ કરવામાં પરવાનગી આપવામાં આવી છે. જોકે, ઉદ્યોગોને કેવી સાવચેતી અને કેવી રીતે શરૂ કરવા તે અંગે સુરત મહાનગરપાલિકા અને ઉદ્યોગકારો વચ્ચે આજે એક બેઠક યોજાઈ હતી. જેમાં કોરોનાથી બચવા માટેની તકેદારી સાથે ઉદ્યોગો શરૂ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં જણાવાયું હતું કે, સુરત શહેર વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ અથવા યુનિટ શરૂ થશે. જેમાં કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાંથી કોઈપણ વ્યક્તિને કામ માટે રાખી શકાશે નહીં.

સુરતમાં ટેક્સ્ટાઈલ માર્કેટની દુકાનો એકી બેકી તારીખ સાથે ખોલવાની મંજૂરી આપવામાં આવે છે. જ્યારે ડાયમંડ, વિવિંગ અને પાવર ઈન્ડસ્ટ્રીઝ રોજ શરૂ રહેશે પણ તેમાં ૫૦ટકા સ્ટાફ હાજર રાખી શકાશે. સુરતના ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ખાનગી ઓફિસો ખુલ્લી રહેશે. જ્યારે રેડ ઝોનમાં કોઈ પણ ખાનગી ઓફિસ ખુલ્લી રખવામાં આવશે નહીં. ઉદ્યોગો સાથેની બેઠકમાં મહાનગરપાલિકાએ સુરક્ષાની કાળજી સાથે જ યુનિટ શરૂ કરવા માટે સૂચના આપી છે. સુરતમાં વિવિધ જગ્યાએ કામ કરતા ૬૫ વર્ષથી ઉપરના અને અન્ય બીમારી ધરાવતા લોકોને કામ પર ન આવવા માટે સૂચના આપવામાં આવી છે.

કામગીરી શરૂ કરવામાં આવે ત્યારે ૫૦ટકા સ્ટાફ અને દુકાન એકી બેકી તારીખમાં ખોલવાની રહેશે. કોઈ પણ જગ્યાએ ઓનલાઈન ટ્રાન્ઝેકશન માટે આગ્રહ રાખવાની સૂચના આપવામાં આવી હતી. જમવા કે ચા પાણી માટે ડિસ્પોઝેબલ વસ્તુનો આગ્રહ રાખવાની અપીલ કરી હતી. જે પણ ઉદ્યોગ શરૂ થાય ત્યાં સેનિટાઈઝરનો ઉપયોગ ફરજિયાત કરવાની સૂચના આપવામાં આવી હતી. સાથે સાથે સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કરવાનું રહેશે.

સુરતથી વતન જવા પરપ્રાંતીય શ્રમિકો માટે મફત બસ સેવા

પ્રત્યેક શ્રમિકો માટે ફૂડ પેકેટ અને મિનરલ વોટરની વ્યવસ્થા કરાઈ

સુરત

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ કહેર વર્તાવી રહ્યો છે, ત્યારે ભારતમાં પણ તેના સંક્રમણને નાથવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ચોથા તબક્કાનું લોકડાઉન અમલમાં મૂકવામાં આવ્યું છે. તેવા સમયે સાંસદ શ્રી સી. આર.પાટિલ દ્વારા પોલો ટ્રાવેલ્સના શ્રી જયેશભાઈ રામાણીના સહયોગથી વતન જવા ઇચ્છતાં પરપ્રાંતીય શ્રમિકો માટે નિઃશુલ્ક બસ સેવા શરૂ કરી છે. શ્રમિકો પગપાળા વતન ન જાય તે માટે સુરતમાંથી દરરોજ શ્રમિક સ્પેશ્યલ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે, આ ઉપરાંત શ્રી સી.આર.પાટિલ દ્વારા નિઃશુલ્ક બસ સેવા દ્વારા શ્રમિકોને તેમના વતન સુધી પહોંચાડવાના સ્તુત્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બસ સુવિધાના આયોજનમાં ધારાસભ્યશ્રી હર્ષભાઈ સંઘવી, સંગીતાબેન પાટીલ, હિંદવા ગૃપનાં શ્રી મુકેશભાઈ પટેલ અને પૂર્વ ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાનો ઉમદા સહયોગ મળ્યો છે.

પ્રથમ તબક્કામાં બે બસોને સાંસદ શ્રી સી. આર.પાટિલ દ્વારા લીલી ઝંડી આપી રવાના કરાઈ હતી. બસ સુવિધા અંતર્ગત પ્રત્યેક શ્રમિકો માટે ફૂડ પેકેટ અને મિનરલ વોટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રમિકો વતન જઈને માસ્ક પહેરે, દૈનિક જીવનમાં સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરી પોતાના અને અન્યના સ્વાસ્થ્ય અને સુખાકારીનો ખ્યાલ રાખે તેમજ સરકારને લોકડાઉનના અમલમાં સહયોગ આપે તેની સમજ પૂરી પાડવામાં આવી હતી.

ખેડૂત ધિરાણના વ્યાજમાં રાહત આપવા દર્શન નાયકની માંગ

સુરત

સુરત અને તાપી જિલ્લાની સુગર ફેક્ટરીઓ અને સહકારી સંસ્થાઓને સુરત ડીસ્ટ્રીક બેંક દ્વારા ખેડૂતોને લોન પરના વ્યાજમાં રાહત આપવા બાબતે ખેડૂત અગ્રણી દર્શન નાયક દ્વારા બેંકના પ્રમુખ તથા ઉપપ્રમુખને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, ધી સુરત ડી.કો.ઓ.બેંક લી., સુરત-તાપી જિલ્લાની અગ્રણી સહકારી બેંક છે અને ૧૧૦ વર્ષના સુદીર્ઘ કાર્યકાળમાં સુરત જિલ્લાના અંતરિયાળ ગામડા અને ઘરો સુધી બેંકની સેવા વિસ્તરેલી છે. ગામડાની નાની દુધ મંડળી, સેવા સહકારી મંડળી, શાકભાજી, ખાતર વેચાણ કરનારી સહકારી મંડળી કે વિશાળકાય સુગર ફેકટરીઓ આપની બેંકના સહકારથી વિસ્તરી રહી છે. ખાડે ગયેલ મંડળી આપના સાથ-સહકારથી ઉગરી ગઈ હોય એવા દ્રષ્ટાંત પણ જીલ્લામાં છે. લોન કે ઓવર ડ્રાફટ આપીને પણ બેંક અનેક સહકારી સંસ્થાનું કેડેટુડે રૂટીન જાળવી રાખે છે. એ પણ જાણીતું છે. સુગર ફેકટરીઓ અને ખેડૂતોને આપેલ લોનની રીકવરી બાબતે બેંકની બહુ તકલીફ પડી હોય એવું જાણમાં નથી. ખેડૂતો લોનના હપ્તા લગભગ નિયમિત ભરતા હોય છે. પરિસ્થિતી અનિશ્ચિત રહેવાના કારણે સુગર ફેકટરીઓ ખેડૂતોને સારા ભાવ આપી શકતા નથી. ફેકટરી ચલાવવા માટે પણ વધુ ખર્ચાઓ આવે છે જેને માટે પણ અવાર-નવાર લોન લેવી આવશ્યક બની જાય છે તેમજ લેબરનો ઘણો વિકટ પ્રશ્ન છે અને તેમાં પણ મજુરી વધી છે અને રાસાયણીક ખાતર મોઘુ થયુ છે. દક્ષિણ ગુજરાતની મોટા ભાગની સુગર ફેકટરીઓમાં બગાસનો ભરાવો પણ થવા લાગ્યો છે. નાછૂટકે સુગર ફેકટરીઓના સંચાલકોએ નીચા ભાવથી બગાસ વેચાવનો શરૂ કરી દીધો છે જેને લીધે પણ સભાસદોને આપવામાં આવતા શેરડીના ભાવો પર સીધી અસર જોવા મળી છે. આમ ધી સુરત ડી.કોઅ.બેંક લી., સુરત જિલ્લાના ખેડૂતો માટે, સહકારી મંડળીઓ માટે અને સુગર ફેકટરીઓ માટે આર્શીવાદ સમાન છે અને ભાંગ્યાના ભેરૂ સમાન છે. વર્તમાન સમયમાં ખેડૂતો, સહકારી મંડળીઓ અને સુગર ફેકટરીઓ અસ્તિત્વની કટોકટીનો સામનો કરી રહી છે તેથી આપને નમ્ર વિનંતી છે કે જે ખેડૂતોએ લોન લીધી હોય, જે સુગર ફેકટરીઓએ લોન ઓવરડ્રાફટ લીધા હોય તેના વ્યાજ દરમાં ઘટાડો કરીને ખેડૂતો મંડળીઓને ફેકટરીઓને રાહત આપો.

સુરતમાં લોકડાઉનના ભંગ બદલ ૫૧૬ વાહનો ડીટેઈન

પોલીસે ૧૮૪ આરોપીઓની અટક

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગતરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૮૪ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૫૧૬ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. સી.સી.ટી.વી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૪,૮૨૪ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૫,૮૮૦ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારીમાંથી વધુ ૧૧ હજાર પરપ્રાંતીય શ્રમિકો વતન ગયા

નવસારી

શ્રમિકોની વતન વાપસી માટે નવસારી જિલ્લા વહીવટી તંત્ર છેલ્લા કેટલાય દિવસોથી કાર્યરત છે..શ્રમિકોની વિગતો એકઠી કરી યાદી બનાવવી અને કયા રાજ્યના કેટલા શ્રમિકો છે તેના આધારે રેલ્વે તંત્ર સાથે સંકલન કરીને શ્રમિકોને વતન મોકલવાની આખી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આજદિન સુધીમાં ૧૧,૪૫૦ શ્રમિકો પોતાના વતન ભણી રવાના થયા છે. શ્રમિકો સુખ-સુવિધા અને સંતોષ સાથે સુરક્ષિત રીતે પોતાના વતન પહોંચી ચુક્યા છે. નવસારી જિલ્લા કલેકટર શ્રી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, લોકડાઉનના પગલે જિલ્લામાં અટવાયેલા શ્રમિકોને સત્વરે પોતાના વતન મોકલાવાની જરૂરિયાતના પગલે જિલ્લા વહીવટી તંત્રએ સમગ્રતયા આયોજન કરીને આ વ્યવસ્થાને પરિણામલક્ષી બનાવી છે. શહેર અને જિલ્લામાં ઠેક ઠેકાણે રહેતા શ્રમિકોની યાદી એકત્ર કરીને પોતાના ઘરેથી નવસારી લાવવા પ્રાંત અધિકારીશ્રીઓની આખી ટીમ કામ લગાડીને નવસારી રેલ્વે સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને અહી તેમના ભોજન-પાણી-નાસ્તો અને અન્ય આનુષાંગિક વ્યવસ્થાઓ કરી ત્યાંથી જ એક સાથે બધાને ટ્રેનમાં બેસાડી દેવામાં આવ્યા હતા.



પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરની સૂચના અન્વયે ભરુચ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા અ. હે. કો. ભરતસિંહ સોમજીભાઈ બ. નં. ૮૦૯૦નું કોવીડ-૧૯ સંક્રમણ સંદર્ભે ફરજ દરમ્યાન કોરોના સંક્રમણને કારણે તા. ૧૮-૫-૨૦૨૦ના રોજ સારવાર દરમ્યાન અવસાન થયેલ છે જેથી સ્વર્ગસ્થ કોરોના વોરીયર્સને ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી તથા ભરુચ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન તથા તમામ કચેરીમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી તથા કર્મચારીઓ દ્વારા તા. ૧૯-૫-૨૦૨૦ના રોજ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

ડેડીયાપાડા પોલીસે ભીડ ભેગી કરી સોસીયલ ડિસ્ટન્સનું પાલન ન કરનારા દુકાનદારોને કાયદાના પાઠ ભણાવ્યા

પોલીસે વિડિઓગ્રાફી દ્વારા જલારામ જનરલ સ્ટોર્સ તથા શ્રી ક્રિષ્ના ડિજિટલ ઝેરોક્ષ નામની દુકાનમાં સોશ્યલ ડિસ્ટનસનું પાલન નહિ થતા કાયદેસર કાર્યવાહી કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ સમગ્ર દેશ માં કોરોના મહામારી બાબતે લોકડાઉન હોય જેમાં કેટલીક શરતી છૂટછાટ આપી છે પરંતુ કાયદાનું પાલન ન કરનાર ઉપર નર્મદા પોલીસ બાઝ નજર રાખતી હોઈ જિલ્લાના દરેક દુકાનદારો ને ડેડીયાપાડા પોલીસ દ્વારા રૂબરૂ જઈ તથા બજાર માં ઓટોરિક્ષા માં માઇક પ્રચાર વડે જાહેરાત કરી અવાર નવાર સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં કેટલાક દુકાનદારો દુકાન માં ભીડ ભેગી કરી સોશ્યલ ડિસ્ટન્સ નું પાલન નહિ કરાવી અવારનવાર જાહેરનામા નો ભંગ કરતા હોઈ નર્મદા પોલીસવડા હિમકર સિંહ તથા રાજપીપળા ડિવિજન ના નાયબ પોલીસ અધિક્ષક રાજેશ પરમાર એ આવા દુકાનદારો વિરુદ્ધ વિડિયોગ્રાફી આધારે કાયદેસર ની કાર્યવાહી કરવા સૂચના આપી હોઈ તેમની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડેડીયાપાડા ટાઉનમાં વિડિયો ગ્રાફર ને મોકલી ભીડભાડ જણાય અને સોશ્યલ ડિસ્ટન્સ નું પાલન નહિ કરનાર જાહેરનામા નો ભંગ કરતા કેટલાક દુકાનદારો ની વિડિયોગ્રફી કરાવતા જલારામ જનરલ સ્ટોર્સ તથા શ્રી ક્રિષ્ના ડિજિટલ ઝેરોક્ષ એન્ડ લેમીનેસન નામની દુકાન માં સોશ્યલ ડિસ્ટનસ નું પાલન નહિ કરાવી કોરોના મહામારી ની ગંભીરતા ની અવગણના કરતા હોઈ જેથી તેમની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

આમ ડેડીયાપાડા પોલીસ ફૂટ પેટ્રોલીગ કરી ટાઉન ના દુકાનદારો,શાકભાજી તથા ફ્રૂટ ની લારીઓ તેમજ વાળંદ ની દુકાનો માં જઈ અવાર નવાર સૂચનાઓ આપવા છતાં તેનું પાલન નહિ થાય તો હવે વિડિયોગ્રાફી દ્વારા જાહેર નામાનો ભંગ કરનારાઓ વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી કરી નિયમોનું ચુસ્તપણે પાલન નહિ કરનારા ઓને કાયદા ના પાઠ ભણાવશે તેમ ડેડીયાપાડા પીએસઆઈ એ.આર. ડામોરે જણાવ્યું હતું.

ઝઘડિયા જીઆઈડીસીમાંથી ૨૮ જેટલા પરપ્રાંતીય શ્રમિકોને બસ દ્વારા મધ્ય પ્રદેશ મોકલાયા



નિમેષ ગોસ્વામી દ્વારા
ઝઘડીયા

ઝઘડીયા જીઆઈડીસીમાં રોકાયેલ પરપ્રાતીય શ્રમિકોને આજરોજ અહેમદભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ સહાય માંથી બસની વ્યવસ્થા કરી તેમના વતન મધ્યપ્રદેશ મોકલવામાં આવ્યા

શ્રમિકોના જણાવ્યા મુજબ ઝઘડીયા જીઆઈડીસીમાં તેઓ લોકડાઉન સમયગાળા દરમિયાન ફસાયેલા હતા એ સમયે સરકાર દ્વારા તેમને વતન મોકલવા માટે કોઈ પણ વ્યવસ્થા કરવામાં નથી આવી શ્રમિકોએ આ વિષય પર તંત્રને વારંવાર રજૂઆતો કરી હતી છતાં પણ તંત્ર દ્વારા આજકાલ કરી વાયદા જ કરવામાં આવ્યા હતા.

આજરોજ ભરૂચ જિલ્લા કોંગ્રેસ પાર્ટીના આગેવાનો શ્રમિકોની વહારે આવ્યા , ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરીમલસિંહ રણા તેમજ કોંગ્રેસ આગેવાન ધનરાજ વસાવાના પ્રયાસોથી સોન્યા ગાંધીના માર્ગદર્શન હેઠળ અહેમદભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ સહાય માંથી ઝઘડીયા જીઆઈડીસીમાં ફસાયેલા શ્રમિકો માટે બસની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ ૨૮ જેટલા શ્રમિકોને ફૂડ પેકેટ નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રમિકોને બસ દ્વારા પોતાના વતન મોકલવામાં આવતાં શ્રમિકોએ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, અહેમદભાઈ પટેલ તેમજ ભરૂચ જિલ્લા કોંગ્રેસના આગેવાનો નો આ બદલ આભાર માન્યો હતો.

નર્મદામાં મહિલાનું ઝેરી દવા પીતા જ્યારે એક પુરુષનું ડૂબી જતાં મોત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં બે અલગ અલગ બનાવો માં એક મહિલા એ ઝેરી દવા પી લેતા મોત નીપજ્યું હતું જ્યારે એક પુરુષ નું પાણી માં ડૂબી જતાં મોત થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ તાલુકા ના જેસલપોર ગામના દક્ષાબેન કિરીટભાઈ બારીયા (ઉ.વ.૪૦)કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરે ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે રાજપીપળા સીવીલ હોસ્પીટલમા દાખલ કરેલ જ્યા સારવાર દરમ્યાન મોત થયું હતું.

જ્યારે બીજા બનાવ માં મરનાર એક અજાણ્યો પુરૂષ (ઉ.વ. ૪૦) જીયોરપાટી ગામના નર્મદા નદીના કિનારે રામનાથ મહાદેવ મંદિર પાસે પાણીમા ડુબી જવાથી મૃત હાલતમા મળી આવતા રાજપીપળા પોલીસે આ બને બનાવ માં અ. મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નર્મદા : ઓછા વેતનમાં ખરા કોરોના યોદ્ધા એવા ૨૫૫ જીઆરડી જવાનો ને અનાજ ની કીટ આપી સન્માનિત કરાયા

રાજપીપળા ગાયત્રી પરિવાર અને સાંઈ માનવ સેવા ગ્રૂપે નર્મદા જિલ્લામાં કોરોના યોદ્ધા,ગરીબ પરિવારો ની મદદે ઉભા રહેવાનું બીડું ઝડપી સાચી માનવ સેવા બજાવી છે



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

મામુલી દંડા સાથે જીલ્લા પોલીસ સાથે ખભે ખભા મિલાવી કોઈ પણ આપત્તિ ના સમયે ખડે પગે ઉભા રહેતા જીઆરડી જવાનો નો પગાર છૂટક મજૂરો કરતા પણ ઓછો હશે તેવા ગ્રામ રક્ષક દળ ના જવાનો હાલ કોરોના મહામારી વચ્ચે પણ જીવના જોખમે સમગ્ર નર્મદા જિલ્લા માં ફરજ બજાવે છે ત્યારે સતત ફરજ પર રહી કાયદાનું પાલન કરાવતા રાજપીપળા પો.સ્ટે.ના ૨૫૫ જેટલા ગ્રામ રક્ષક દળ ના જવાનો ની ગાયત્રી પરિવાર,રાજપીપળા ના પ્રમુખ ટ્રસ્ટી ભરતભાઈ વ્યાસ તેમજ સાંઈ માનવ સેવા ગ્રૂપ ના પ્રમુખ જનકભાઈ મોદી એ કદર કરી આ તમામ કોરોના યોદ્ધાઓને અનાજ ની કીટ આપી તેમની હાલ કોરોના સમયની કામગીરી ને બિરદાવી હતી.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના ચેરમેન અને એડી.સિવિલ જજ એ ન.કે.નાયર,જિલ્લા હોમગાર્ડ કમાન્ડિંગ ઓફિસર હરનીશભાઈ રાવ,જિલ્લા ગ્રામ રક્ષક દળ ના માનદ અધિકારી મંગાભાઈ વસાવા,કૈલાસબેન, ગાયત્રી પરિવાર ના જગદીશભાઈ પટેલ,રાજરોક્ષી સિનેમા ના ટ્રસ્ટી તથા અશોકભાઈ રાવ હાજર રહયા હતા તેમજ હાજરી માસ્ટર મહમ્મદભાઈ સહિત નાઓએ આ બાબત ની વ્યવસ્થા સંભાળી હતી.

સાગબારા મામલતદારને કોરોના મહામારીના આર્થિક સંકટ ટાણે પ્રથમ શૈક્ષણિક સત્રની ફી માફ કરવા આવેદન



સાગબારા તાલુકા આદિવાસી યુવા પરિષદ નામના સામાજિક સંગઠન દ્વારા સાગબારા મામલતદાર ને આવેદનપત્ર અપાયું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ ૨૦૨૦ નું વર્ષ જાણે આર્થિક સંકટ ની ઘંટી વગાડતો હોય તેમ કોવિડ- ૧૯ નામ ની વૈશ્વિક મહા મારી નો ખતરો આખા વિશ્વ માં ફેલાઈ ગયો છે.આખા વિશ્વ ને જાણે આ મહામારીએ થંભાવી દીધું છે.આ સંકટ થી ભારત પણ અળગું રહી શક્યું નથી ૨૫ માર્ચ ૨૦૨૦ થી ભારત દેશ ને તબક્કાવાર રીતે અત્યાર સુધી×લોક ડાઉન× માં મૂકી દેવામાં આવ્યું છે.જેના કારણે નાના-મોટા ઉદ્યોગ ધંધા અને રોજગારી ની સાથે ખેડૂતો ના રવિ પાક માં પણ આર્થિક નુકશાન થયુ છે.ખેડૂતો ના પાક નું યોગ્ય વળતર મળતું નથી.એવા સમયે ગુજરાત રાજ્ય માં વર્ષ ૨૦૨૦-૨૦૨૧નું નવું શૈક્ષણિક વર્ષ શરૂ થનાર છે ત્યારે વાલીઓ ને અને વિદ્યાર્થીઓને ×શૈક્ષણિક ફી× ભરવાની ચિંતા સતાવી રહી છે.

આ બાબતે સાગબારા તાલુકા આદિવાસી યુવા પરિષદ નામના સામાજિક સંગઠન ના સંયોજક ડો.કિરણ વસાવા (ટાવલ) અને અજયભાઈ વસાવા (ભોરઆંબલી) ની આગેવાની માં સાગબારા મામલતદાર ને આવેદનપત્ર આપી ગુજરાત રાજ્ય માં શાળા-કોલેજ ની વર્ષ ૨૦૨૦-૨૧ ના શૈક્ષણિક વર્ષની પ્રથમ સત્ર ની સંપૂર્ણ ફી માફ કરવાની માંગ કરાઈ છે.

રાજપીપળા નગરમાં વેરો વધારો બન્યો રાજકીય દાવપેચ: કેટલાક સભ્યો ચૂંટણીના કારણે વિરોધ કરે છે : પાલિકા પ્રમુખ

વેરા વધારા મુદ્દે સોસીયલ મીડિયામાં વિરોધ, પત્રિકામાં વિરોધ પણ પાલિકાની પરિસ્થિતિથી વાકેફ કોઈ નથી

અમે પ્રજાના દુશ્મન નથી અમેજ વર્ષોથી વેરા વધારાનો વિરોધ કર્યો પણ હાલ આંશીક વધારો જરૂરી છે : ભરત વસાવા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાની એક માત્ર રાજપીપળા નગરપાલિકા ની આર્થિક હાલત હાલ ખરાબ છે ત્યારે જેમ આપણે સેલટેક્સ ઈન્કમટેક્સ ભરીયે છે અને મોંઘવારી ભથ્થું લઈએ છે ત્યારે વધતી મોંઘવારી ને લઈને રાજપીપળા નગરમાં સુવિધાઓ પુરી પાડવા પાલિકા પાસે પોતાના સ્વભંડોળ માં આવક માટે પહેલો વિકલ્પ વેરો છે જે છેલ્લા કેટલાય વર્ષોથી વધ્યો નથી.ત્યારે પ્રજા સામે વેરા વધારા ની બાબત આજે રાજપીપળા નગરપાલિકા એ રજુ કરી તેમાં નગરમાં જૂથવાદ ઉભો થયો, વેરાનો વિરોધ વધ્યો, સોસીયલ મીડિયામાં પણ વિરોધ ના વંટોળ જોવા મળ્યા,પત્રિકાઓ દ્વારા વિરોધ થયો અને કેટલાક પોતાનો વાંધો પાલિકા માં નોંધાવે છે.

આ બાબતે પાલિકાના કારોબારી ચેરમેન અલ્કેશ સિંહ ગોહિલ અને પૂર્વ પ્રમુખ ભરતભાઈ વસાવા એ જણાવ્યું હતું કે વર્ષો પહેલા જ્યારે ૧૪૪ રૂપિયા પાણી વેરા ના ૬૦૦ રૂપિયા વધાર્યા હતા ત્યારે જે લોકો આજે વિરોધ કરે છે એ લોકો જ સપોર્ટ કર્યો હતો.જ્યારે આજે માત્ર નજીવો વધારો પાલિકા કરવા માંગે છે ત્યારે તેનો વિરોધ કરે છે. અમે પ્રજાના હિતમાં નિર્ણય કરીશું પ્રજાએ અમારી પર મુકેલો વિશ્વાસ તોડીએ નહિ કમરતોડ વધારો નહિ વધે પરંતુ અમુક વધારો જરૂરી છે.

ત્યારે વેરા વધારાને લઈને થઈ રહેલા વિવાદ અને અપ પ્રચાર ને કારણે રાજપીપળા નગરપાલિકા પ્રમુખ દ્વારા આજે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવવા માં આવી જેમાં પાલિકા પ્રમુખે રાજપીપળા નગરપાલિકા ની આર્થિક પરિસ્થિતિ નો ચિતાર મૂકી હાલ વેરો વધારવા સિવાય કોઈ રસ્તો નથી અને આંશિક વેરો વધશે તેવી પણ ખાતરી આપી હતી પરંતુ જે લોકો ખોટો પ્રચાર કરે છે તે બંધ કરે એ માટે વિનંતી પણ કરી હતી.

રાજપીપળા સેવા સદન ના મિટિંગ હોલમાં પાલિકા પ્રમુખ જીગીશાબેન ભટ્ટ, ઉપ પ્રમુખ સપનાબેન વસાવા, પૂર્વ પ્રમુખ ભરતભાઈ ભાઈ વસાવા, વિપક્ષ નેતા મુંતઝિરખાન, સુરેશભાઈ વસાવા,સદસ્યમાં ઈલ્મઉદ્દીન શેખ, કિંજલબેન તડવી, પ્રતીક્ષાબેન પટેલ,લીલાબેન વસાવા સહિતના હોદેદારો અને પત્રકારો હાજર રહ્યા હતા.

આ બાબતે પાલીકા પ્રમુખ જીગીશાબેન ભટ્ટ એ જણાવ્યું હતું કે વેરા વધારવા માટે અત્યારે એટલે વિકલ્પ ઉભો થયો છે કે પાલિકા પાસે સ્વભંડોળ નથી, સાધનો રીપેર કરવાના નાણાં નથી બીજી કોઈ ગ્રાન્ટ માંથી આ ખર્ચ કરાય નહિ સફાઈ કર્મચારીઓ અને રોજંદારોનો પગાર છે તે કરવો મુશ્કેલ છે ત્યારે હાલ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરીયે છે પણ જો વેરો વધશે તો પાલિકાનું સ્વભંડોળ વધશે જે નગરના હીત માટે જ વપરાશે, નગરજનો બધા જ સહમત છે પણ જૂજ લોકો રાજ કારણ રમે છે સામે ચૂંટણી આવી રહી છે એટલે પાલિકાને બદનામ કરે છે આવો અપ પ્રચાર મહેરબાની કરી ને બંધ કરો.